
કુમાર


આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું માસિક




કુતૂહલ · ચિત્રકાર દેવીપ્રસાદ રાયચૌધરી. એમનો પરિચય અંદર આપ્યો છે


સળંગ ૩૪૩મો અંક વર્ષ ૨૯મું · અંક ૭મો · જુલાઇ ઈ. સ. ૧૯૫૨ · સંસ્થાપક : રવિશંકર રાવળ

તંત્રી · બચુભાઈ રાવત





શ્રી દેવીપ્રસાદ રાયચૌધરીના બે કૃતિઓ: ડાબી બાજુ–'મુસાફર'; જમણી બાજુ–'ખંડિત મૂર્તિ'. રાયચૌધરી તસ્વીરાલેખનના પણ ઉસ્તાદ છે. મોટેભાગે તે જલરંગથી જ તસ્વીરો કરે છે, પણ કંઇ એવું છૂપું રસાયણ તેમાં વાપરે છે કે તૈલરંગનાં ઊંડાણ ને ઘટ્ટતા તેમાં આવે છે. રવીન્દ્રનાથ તથા અવનીન્દ્રનાથ ઠાકુર, ઓ સી. ગાંગુલી, પર્સી બ્રાઉન વગેરે કલાવિશારદોની તેમણે કરેલી તસ્વીરો જેવી જ ગુણવત્તાવાળાં તેમનાં પાત્રાલેખનો પણ હોય છે, તેનો એક નમૂનો ઉપરનું 'મુસાફર'નું ચિત્ર છે. પુરાણા ઝાડના મૂળથી વીંટળાએલી જીર્ણ દેવાલયની ખંડિત મૂર્તિના ચિત્રમાં ભૂતકાળનાં સ્મરણોની ગ્લાનિને મૂર્ત કરી છે.



ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છુટક નકલ: બાર આના



લેપ્ચા સુંદરી • કલાકાર: દેવીપ્રસાદ રાયચૌધરી

હિમાલય-પ્રદેશની પુત્રીઓ—લેપચા જાતિની સુંદરીઓ, નેપાળી કન્યાઓ, ભૂટિયા નારીઓ કે તિબેટી તરુણીઓ—ની, ઝટ પકડમાં ન આવે એવી ચારુતાને ચિત્રફલક પર ઉતારવામાં બહુ ઓછા કલાકારો માંડમાંડ ફાવી શક્યા છે, ત્યારે રાયચૌધરીએ સંતાકૂકડી રમતા એ સૌંદર્યને સફળરીતે ઉતારીને તેને અમર કર્યું છે. સ્વ. રામસ્વામી મુદલિયારના કલાસંગ્રહમાંના લેપ્ચા તરુણીના આ ચિત્ર જેટલી જ એમની સફળ સૌંદર્યકૃતિ 'ભૂટિયા કન્યા', એની ગુણરતિ માટે લંડનની 'ઈમ્પીરીઅલ ગૅલરી' (શાહી કલા-સંગ્રહસ્થાન)માં સ્થાન પામી છે. ભરાવદાર ચહેરાની ગુલાબી ઝાંય પર, બીડેલી કળી શા ઓઠ, યૌવનનો મધુગંધ ફોરતાં નસ્કોરાં, અને ખુમાર નીતરતી આંખોની ઉપર નાની કટાર શી ભ્રમર જેવી થોડીસરખી સામગ્રી વડે એ અસાધ્ય સૌંદર્યને જે કૌશલથી કલાકારે સ્થાયી આમાં કર્યું છે એ જ કૌશલ વડે એની વેશભૂષા તથા આભૂષણોની ઝીણામાં ઝીણી વિગતો પણ એણે સચ્ચાઇપૂર્વક એમાં આલેખી છે.



મેઘનું સ્વાગત ચિત્રકાર · દેવીપ્રસાદ રાયચૌધરી (કલાકારના સૌજન્યથી)

શ્રાવણની સાંજનો તડકો

· ગીત ·

શ્રાવણની સાંજનો તડકો ઢોળાયો મારા ચોકમાં.
(જાણે) હેમનો સોહાયો હાર ગવરી તે ગાયની ડોકમાં!

આવ્યા અતિથિ હો દૂરના કો દેશથી એવો સમીર તો ચૂપ,
તો ય રે લજાઇને કયાંકથી રે આવતાં મંજરીનાં મ્હેકમ્હેક રૂપ;
સૂરને આલાપતી ઘડીઓ ઘેરાય શું વાંસળીને વેહ કોક-કોકમાં!
શ્રાવણની સાંજનો૦

આથમણા આભમાં કોઈ જાણે રેલતું અંતરના તેજનો સુહાગ,
વાદળની વેલ્યને ફૂટયાં રે ફૂલડાં જાણે અનંગનો બાગ!
રજનીના રંગનો અણસારો આવતો આભના રાતા હિંગળોકમાં!
શ્રાવણની સાંજનો૦

પ્રિયકાન્ત મણિયાર

ગવરી ગાયની ડોકમાં હેમનો હાર શોભતો હોય એવો શ્રાવણની સાંજનો તડકો; દૂર દેશથી આવેલા અતિથિ જેવો ચૂપ સમીર;... ...રૂપમાઓ યોજવાની આગવી હથોટી ધરાવતા આ કવિની કલ્પનાશક્તિના એવાએવા વાનગાઓ આ નિસર્ગગીતમાં છેક સુધી માણવા મળશે.

ચહું રજપૂતી

· પૃથ્વી ·

સદાય થતું કે પરાક્રમ ભરેલ હો જિંદગી;
પ્રચંડ કદના બનાવ તણી હારમાળા રૂપે
ધોતો જીવન, ના ચહું કૃષ્ણતા સમી સાદગી.
ચહું: જીવનદ્રવ્યને અણુઅણુ ઉડાઉપણે
લુટાવી દઉં, જેમ કો અસલના જમાના તણો
ઉદાર રજપૂત વીર પ્રણયી પ્રિયારાધને.

ન જો અસલ ઢંગનું ગગનરંગીલું જીવવું
મને મળવું શક્ય, તો નગદ શુદ્ધ સોના સમું
મને જીવન સાંપડો ભ્રમવિહીન, સામાજિક,
ન દ્રોહ કદી સત્ય ધર્મ પ્રતિ, શ્રીતણી ના 'સૂયા,
નિખાલસ સદાય, મંગલ ભણી સદા ઉન્મુખ;
ચહું શરીર આતમની સકલ શક્તિઓ શ્રીમતી
અ-પૂર્વગ્રહ હો રસાર્થે, સહું કૈં ન વિશ્રીક હું;
ઊણી ન રજપૂતીથી જીવન સ્વચ્છની વીરતી.

ઉશનસ્

કોડ તો છે અસલ ઢંગનું ગગનરંગીલું રજપૂતી જીવન જીવવાના, પણ તે શકય ન હોય તો એ જીવનથી જરાય ઊણા નહિ એવા સ્વચ્છ જીવનની ભાવના આલેખતું આ કાવ્ય સ્વ. બ. ક. ઠાકોરના 'મધ્યમતાષ્ટક'ની યાદ આપે છે (અંક ૩૩૭, પૃ. ૨૮). અને આ પ્રકારની કૃતિઓનું એક પ્રેરણામૂલ્ય પણ છે.

કવિતા (અનિયતકાલિક)નો બીજો અંક (કિં. ૦-૪-૯) ટૂંક સમયમાં બહાર પડવામાં છે.

વાસ્તવિકતા

મૅટ્રિક પછી જે પ્રાણી કૉલેજિયન નામે ઓળખાય છે તે વાસ્તવિકતાને છોડી સ્વપ્નદેશમાં ઊડવા માંડે છે. હું તમારાં એ 'સ્વપ્નાં' કહું.

તમે ૨૦મી જૂનથી ૧૦મી જુલાઇ સુધી ભણવાની વાત કરશો. બસ, પછી ભણવાનો વિચાર માંડી વાળશો. તમને પહેલાં છોકરીઓને 'ઈમ્પ્રેસ' કેમ કરવી તેનો વિચાર આવશે. ચાલુ લેક્ચરે 'ચીપ'ને 'વલ્ગર' 'જોક્સ' કરશો. ગધેડા કે વાંદરો બોલાવશો. તમારા જેવા બીજા ગધેડા હસશે. તમે સમજશો કે છોકરી હસીને ખુશ થશે. પણ તે તો તમને ચાંપલા ને વાંદરા કહેશે. પ્રોફેસર સ્ટ્રિક્ટ થશે તો તેનાં નામ પાડશો. પણ તમે તેમનું કંઈ નહિ બગાડો. તે તો એ જ કૉલેજમાં રહેશે; તેમનો પગાર વધશે. તમે લફંગા જેવા ઘેર આવશો.

પછી તમે ચૂંટણીમાં ઝંપલાવશો. ઘેરથી ચોપડી લાવવાના બહાને પૈસા લાવી કાર્ડ છપાવશો. અને ચૂંટાશો તો શું કરશો? વર્ષને અંતે છેલ્લી રોમાં ફોટો પડાવશો, એ જ ને?


આ બધી હું વાસ્તવિકતા કહું છું. કૉલેજિયન થાઓ તો ભણવા માટે થાઓ, ત્યાં જઇ વટ પાડવા કે રખડુ થવા નહિ. તમે કદાચ ક્રિકેટરોને ભાંડશો. અમારા વખતમાં કેટલાક ક્રિકેટરોને ભાંડતા. આજે એ ક્રિકેટરોમાંથી ત્રણ જણ મિલો સંભાળે છે, ચાર મોટા વેપારી થયા છે, બે ઑફિસર છે, બે મોટી પેઢીઓના સેક્રેટરી છે, અને પેલા ટીકાકારો હજુ સાઈકલ પર ટિફિન બાંધી મિલમાં કારકુની કરે છે.

વાસ્તવિક બનો. કોઇને ભાંડો નહિ. તમે કયાં છો તે જુઓ. વાચન સુધારો, જ્ઞાન વધારો. બર્કલે તો મિલના મજૂરો ય પીએ છે. તમને કૉલેજમાં બીડી પીતાં શીખવા મોકલે છે?

નથી તમારી પાસે કલા, નથી કસબ, નથી કારીગરી. નથી ભણતર કે સ્કૉલર થાઓ. નથી વાચન, નથી પૈસા, નથી સગવડ, નથી ઓળખાણો, નથી કોઇની સાથે સારાસારી. ક્રિકેટને બદલે પેગનાં ઓટલે સર બાજી રમો છો. લાયબ્રેરીમાં વાંચો છો ચિત્રપટ કે વેણી. કૉલેજની પરીક્ષામાં નરગીસની જન્મતારીખ નહિ પણ ગૅમ્બીઆઇની તવારીખ પૂછશે; 'આવારા' ફિલ્મનાં રીલ કેટલાં તે નહિ પણ મર્ક્યુરીની ડેન્સિટી પૂછશે. હજુ એ તો.

ને કૉલેજમાં છોકરાને મોકલતાં માબાપો! પુત્રથી અંજાતા નહિ. તેની પ્રવૃત્તિનો હિસાબ માંગજો; કાંઈક નવું જ જાણવા મળશે.

('લોકનાદ'માંથી ટૂંકાવીને) **પરમોદ**



આજની ભારતીય કલાના ઈતિહાસમાં

૧૯૨૭ના ઉનાળામાં અમદાવાદના સર ચિનુભાઇના મંડળી નીલગિરિના પ્રધાન મથક ઊટી (ઉતાકામંડ) ગઈ હતી, ત્યારે હું તેમની સાથે હતો. પહેલે જ અઠવાડિયે ત્યાંના નગર-ભવનમાં એક ફ્રેંચ ચિત્રકારનું પ્રદર્શન હોવાના ખબર દૈનિક પત્રમાં આવ્યા. હું ત્યાં ગયો તો કોઈએ મને કહ્યું કે મદ્રાસના એક કલાપ્રેમી શ્રીમંત આ સમુદાયમાં છે, અને મને તેમની આગળ લઇ જઈ ઓળખાણ આપ્યું. મારું નામ સાંભળતાં જ મને તે ઓળખતા જણાયા. ડૉ. જેમ્સ કઝિન્સે તેમને મારો પરિચય આપ્યો હશે. ડૉ. કઝિન્સને ગુરુ જેમ ગણતા એ ગૃહસ્થ સ્વ. રામસ્વામી મુદલિયાર હતા. અતિશય મમતાથી તેમણે મારા અને સર ચિનુભાઇના ખબરો પૂછ્યા અને કલાકારનું સન્માન કરતા ગૃહસ્થો ગુજરાતમાં છે તે જાણી ખૂબ સંતોષ વ્યક્ત કર્યો. વાતવાતમાં તેમણે કહ્યું, 'કાલે તમે મારે ત્યાં આવો; બંગાળનો એક તરુણ કલાકાર દેવીપ્રસાદ રાયચૌધરી મારે ત્યાં મહેમાન થઇ આવનાર છે.' એ પહેલાં મેં 'મદ્રાસ મેઈલ'ના ખાસ અંકોમાં શ્રી રાયચૌધરીનાં સુપ્રસિદ્ધ ચિત્રો 'લેપ્ચા કન્યકા' ને 'ભગ્ન પ્રતિમા' જોયાં હતાં, એટલે એ નામનું મૂલ્ય મને ઘણું હતું. એ કલાકારને મળવાનો પ્રસંગ આમ સહજ પ્રાપ્ત થતાં મને આનંદ થયો.

એ વખતે મદ્રાસની સરકારી કળાશાળામાં માત્ર શિલ્પકામના જ વર્ગો ચાલતા હતા, ને તેનો યુરોપિયન પ્રિન્સિપલ ફારેગ થતાં હવે ત્યાં લલિત કળાનું શિક્ષણ પણ આપે એવી વિશારદ વ્યક્તિ નીમવાની દરખાસ્ત હતી. એ વખતે મદ્રાસના ગવર્નર વાઇકાઉન્ટ ગૉશેન હતા. તેમનાં પત્ની પણ ચિત્રકામ કરી જાણતાં હતાં. તેમણે શ્રી રાયચૌધરીનાં ચિત્રો પ્રદર્શનમાં જોએલાં અને તેની સરસ છાપ તેમના પર પડી હતી. તેની શક્તિઓ માટે કોઇને બે મત હતા જ નહિ, પણ પ્રાંત બહારના માણસને નીમવાને કેટલાક ઊંચા દરજ્જાના માણસોનો વાંધો હતો. પરંતુ આવા પ્રતિભાસંપન્ન માણસો તો ગમે તે પ્રાંતની શોભા રૂપ થશે અને વિદ્યાર્થીઓને લાભ જ થશે એવી સમજૂતી કરવામાં શ્રી રામસ્વામી સફળ થયા અને શ્રી રાયચૌધરી મદ્રાસની સરકારી કળાશાળાના પ્રિન્સિપલ નિમાયા.

ઊટીમાં થએલા પરિચયથી મને એ તરુણ કલાકારની વિવિધ ચિત્રઘાટી અને મૌલિકતા માટે ખૂબ આકર્ષણ થયું હતું; એટલે જેવી તેમની નિમણૂક થઈ કે તરત મારા ચિત્રગૃહમાં તૈયાર થતા નવીન કલાકાર ભાઇ રસિકલાલ પરીખને સર ચિનુભાઇ તથા શ્રી રામસ્વામીની સહાયથી ત્યાંના પહેલા વિદ્યાર્થીસમૂહમાં દાખલ કરાવી દીધા. આથી શ્રી રાયચૌધરી અને ગુજરાતની વચ્ચે એક પ્રણાલિ સર્જાઇ. રસિકલાલને તેમણે ઘણા પ્રેમ અને અંગત લાગણીથી તાલીમ અને ઉત્તેજન આપ્યાં અને તે વધારે સમય તેમની પાસે ન રહી શક્યા તેનો હમેશાં અફસોસ બતાવ્યો. ત્યાર પછી છેલ્લાં બે વર્ષોથી અમદાવાદના ભાઈ દશરથ પટેલ અને શાંતિલાલ શાહ તેમના શિષ્યમંડળમાં અગ્ર ભાગે તાલીમ લઈ રહ્યા છે. આમ ઈ. ૧૯૨૭થી ૧૯૫૨ની પચ્ચીસી સુધી ગુજરાતના કલાસંસ્કારના ઘડતરમાં શ્રી દેવીપ્રસાદ રાયચૌધરીની કળાનો પ્રસાદ મળી રહ્યો છે.

હજી જીવનની ત્રીસ દીવાળી પણ પૂરી જોઇ નહોતી ત્યાં તો એ બંગાળી ચિત્રકારે અનેક સિદ્ધ કલાકારોની વચ્ચે પોતાનો કીર્તિકલશ સ્થાપ્યો હતો અને મદ્રાસની કલાશાળામાં ચિત્રકલાના આચાર્ય સ્થાને નિમાયા હતા. કલાસર્જનમાં પ્રાચીન કે અર્વાચીન સૃષ્ટિની બાધા તેમને નડતી નથી. પૌરાણિક પ્રસંગોને તે ભાગ્યે જ હાથમાં લે છે. પહાડી કન્યા કે વિચારમગ્ન સુંદરી, ચોમાસાની ઝડીમાં ભીંજાતું ગાડું કે જમાનાની કરચલીઓથી અંકિત મુખવાળો વૃદ્ધ પણ કકડધસ કાબુલી, એવાં એવાં તેમનાં ચિત્રોનાં પાત્રો છે. એકાદ જીર્ણ દેવાલય, પડેલી દીવાલ કે ઝાડની ઘટા એમને ચિત્રભૂમિકા માટે બસ છે. એમનાં ચિત્રોમાં લાંબી કથા હોતી નથી. એ તો માત્ર એક બે સૂચનો પર જ કલ્પનાને રમતી મૂકે છે. નયનરંજકતામાં તેમનાં ચિત્રો કદી દોષ બતાવતા નથી. પણ એ એકલા ચિત્રકલાના જ ઉપાસક નથી. તેમને પૂછો તો કહેશે કે તેમની પ્રિય કલા તો પ્રતિમાવિધાન છે. એકાદ ચકોર સુંદર બાલિકા જુએ કે તેમની આંખ ઠરી જાય છે ને 'બસ એ મસ્તક મારી આંગળીઓથી ઘડું એમ જપ માંડે છે.'

બંગાળના એક લુપ્તવૈભવ જાગીરદારના એ પુત્ર છે, છતાં સ્વબળથી અને અતિ ઉદ્યોગથી પિતાને વૈભવની ખોટ ન જણાવા દેવાની પિતૃસેવામાં રત રહે છે. કલાકારો નાજુક અને નરમ પ્રકૃતિના જ હોય એવું આપણે સામાન્યરીતે માનીએ છીએ; પણ શ્રી દેવીપ્રસાદ રાયચૌધરીને જોતાં તમારો એ ખ્યાલ ઊડી જાય. આરોગ્યના ફુવારા ઉછાળતા એ ભીમકાય કલાકાર સારા મલ્લને પણ પડકાર દેતા લાગે. એક વાર એક બંગાલી સુંદરીનું અપમાન કરતા બે સોલ્જરો પર એના સ્નાયુ રૂઠેલા અને એ અંગ્રેજ ટૉમીઓની ઠીક મહેમાની કરેલી! પાસે જ ઊભેલો પોલિસ કમિશનર પણ એની એ મુક્કાબાજી જોઈ ખુશ થઇ ગએલો અને 'ચલાવ'ના શબ્દોથી વધાવી લીધેલો! વ્યાયામ એ તેમનો એકાંતિક શૉખ છે.

મદ્રાસની નોકરી એમણે સ્વીકારી તેમાં લગ્ન કરીને સ્થિર જીવન ગાળવાની તેમની પ્રબળ ઇચ્છા પણ કારણભૂત હતી. મિસ ચારુલતા બૅનરજીએ યુવાન ચૌધરી પર મોહિની પાથરી હતી. એ સુકોમળ સુંદરીએ ચૌધરીના પુરુષાર્થી જીવન પાછળ મૂક સંગીત પૂર્યા કર્યું છે અને તેની સાહસિક પ્રવૃત્તિઓમાં કદી વિક્ષેપ કર્યો નથી.

ચૌધરી સખત પરિશ્રમી છે. સવારના સાડા ચાર વાગ્યે ઊઠી તે રોમાંચક વાર્તાસાહિત્ય સરજે છે! તેમની સાહિત્યપ્રવૃત્તિ પર તારાશંકર બંદોપાધ્યાય જેવા બંગાળના આજના પ્રથમ પંક્તિના નવલનવેશ પણ મુગ્ધ છે. સૂર્યોદય થતાં એક યોદ્ધાના જુસ્સાથી

ચિત્ર અને શિલ્પની પ્રકાશવાન સૌન્દર્યકૃતિઓ ઊભરાવતો મૌલિકતા અને પ્રતિભાનો અદ્વિતીય કલાવીર દેવીપ્રસાદ રાયચૌધરી

તે પીંછી હઠાવે છે અને ભાથાગાંથી છૂટતાં તીરોની ઝડપે રંગોગાંથી અનેક રસોની સુરાવટ જગાવે છે. દસ વાગ્યે તે મદ્રાસ આર્ટ સ્કૂલના પ્રિન્સિપલ બની જાય છે. ફાઇલો ને તુમારો લઇ સહીઓ માટે હાજર થએલા કારકુનો, સર્ટિફિકેટ માટે હારબંધ ઊભેલા વિદ્યાર્થીઓ, તેમનાં ચિત્રો જોવા આવેલા ગામ પરગામના મુલાકાતીઓ, એ બધી રોજેરોજની તેમની પ્રવૃત્તિઓ છે.

સાંજ પડતાં ચૌધરી પ્રબળ સ્વપ્નોના રાજા બની જાય છે. તેની નજર આગળથી જનતાની વણઝાર ચાલી જાય છે. તેમાં દેખાતાં જીવનસંગ્રામનાં ચિત્રો પાછળ તેનો આત્મા ક્રંદન કરે છે. બહાર તો તે કદિક જ જાય છે. કોઇ ટોળટપ્પા મારનાર મળે તો જરા સાથ લઈ વખત ગાળે, પણ જો કોઇ સમોવડિયો આવી ગયો તો વાતનો જંગ જમાવે. તેની દલીલનો જુસ્સો જરા યે નરમ પડે નહિ. સામાને દબાવી દેતાં સુધી લડી લે. જાણે પોતાનો મલ્લવિદ્યાનો શોખ વાણીમાં યે તે બતાવી દે છે! ઘણીવાર અંધારું થયે ઝાડમાં લટકાવી રાખેલાં સિગારેટનાં ખાલી ડબલાં પર નિશાનબાજી પણ ચલાવે.

દેવીપ્રસાદ રાયચૌધરી સાહિત્યસર્જક, ચિત્રકાર, પ્રચંડ પ્રતિમાવિધાયક, અઠંગ મલ્લ અને અચૂક નિશાનબાજ શિકારી છે. આવી ચમત્કારિક કારકિર્દીનો સ્વાગી જીવનના આરંભકાળમાં સામાજના કઠોર દાવપેચના ઝપાટા ખમીખમી રીઢો થયો છે, અને ખખડધજ અણનમ યોદ્ધો તથા કલાનાયક હોવા છતાં જગતના અભિપ્રાયો પર બેપરવા રહે છે. તેમને પોતાની જાતની પ્રશંસા કે કીર્તિની ડિંગો ગમતી નથી. તેમ તે સતિયા કે તાપસી હોવાનો ડોળ પણ કરતા નથી.

કુદરતે એમને મલ્લ જેવું શરીર આપ્યું છે. પહોળા ખભા અને તોતિંગ સ્નાયુઓથી એ જેમ કુસ્તી કરી શકે છે તેમ અથાક બળથી અર્થહીન માટીના લચકાઓમાંથી પ્રબળ, પ્રાણવાન, વેગવાન ને પ્રકાશવાન સૌંદર્યસ્વરૂપો પણ સર્જાવી શકે છે. ચિત્રમાં અને શિલ્પમાં તે અનેક પ્રકારના કૌશલ-ચમત્કારો કરી બતાવે છે. કળાના નવાનવા પ્રદેશોમાં પ્રયત્નો કરવા તે જૂનાં ચિત્રોને ચૂંથી નાખી, ઘસી નાખી, ફરી તેમાંથી કોઈ અજબ ઘાટ કે ચિત્ર ઊભું કરવામાં ખૂબ જ આહ્‌લાદ મેળવે છે. મૌલિકતાની સાથે પ્રાચીન તત્ત્વોનો મેળ રાખી પૂર્વ અને પશ્ચિમની કલાસિદ્ધિઓનો વિવેકપૂર્ણ સંયોગ કરનાર તે ભારતીય કળાના એક આધુનિક અગ્રણી છે.

આવી વિરલ સિદ્ધિ અને પ્રતિષ્ઠાના નાયકના આરંભકાળના ઘડતરમાં કુદરતી તથા સામાજિક વિરોધો કેવી રીતે સહાયક બન્યા અને તેમાં તેના આત્મનિર્ણયો ને સંકલ્પોએ કેટલી ટક્કર ને ધીરજ દર્શાવી તે જાણીએ ત્યારે કોઈને પણ ખાતરી થાય કે સૃષ્ટિના નિયમો કસોટી વિના કોઇને પણ ફળપ્રાપ્તિ કરાવતા નથી.

ઈ. ૧૮૯૯માં બંગાળના રંગપુર નામે ગામમાં એમનો જન્મ થએલો. એમના ચોથી પેઢીના પૂર્વજ શ્રી કેશવચંદ્ર સેન મુક્તાગાછાના જમીનદાર હતા. તે પછી દાદા હરિપ્રસાદ રાયચૌધરી સંસ્કૃત તથા અરેબિકના મહાપંડિત હતા, અને પિતા ઉમાપ્રસાદ અત્યંત વત્સલ અને સજાગ વડિલ હતા. દેવીપ્રસાદે તેમની જે શિલ્પપ્રતિમા કરી છે તેમાં એ ભરાવદાર મૂછોવાળી ભવ્ય મર્દાનગીભરી આકૃતિમાં દૃઢતા, ભવ્યતા અને નીડરતા સ્પષ્ટ દેખાય છે. એટલે નાનપણમાં દેવીપ્રસાદની માતા અવસાન પામતાં પુત્રનો ઉછેર એમણે જ પોતાને હાથ લીધો. લાડકોડથી છોકરાં મોટાં કરનાર તે નહોતા. તેમણે દીકરાને બહાદુર અને નેકદિલ બનાવવાનો સંકલ્પ કર્યો હતો. એના તુંડ ને ઊકળતા મિજાજને વાળવામાં તેમની કુનેહનો ઘણો મોટો ભાગ છે. તેની શક્તિઓ વિકસાવવા તેમણે તેને કદિ પંપાળ્યો નહિ અને જોખમમાં ઝીંક્યે જ રાખ્યો. એમણે જ એને કુસ્તી તથા અખાડાની તાલીમ આપી. અને પિતાનો શિકારનો શોખ પણ દેવીપ્રસાદે જ્યારે અપનાવી લીધો ત્યારે પિતાએ તેના પર મર્યાદા નાખી કે 'બેટા શિકાર કરજે, પણ પક્ષીઓનો કદિ નહિ; વાઘને જ મારજે.' આજે પણ દેવીપ્રસાદ ખાસ કામ ન હોય ત્યારે જંગલોમાં બંદૂક લઈ ફરતા હોય ને કોઈ અભાગી સૂવર કે વાઘચિત્તાનો અંજામ નક્કી થતો હોય. નિશાળમાં આવા વિદ્યાર્થીએ માસ્તરોને જરૂર પજવ્યા હશે. નિયમો અને અંકુશ સહેવાય નહિ, એટલે ભણતરમાં ધ્યાન રહે નહિ. રખડવું, ઝગડવું, ભાંગફોડ અને છ છ ફૂટની દીવાલો કૂદી જવી એ જ તેનો કાર્યક્રમ. માત્ર તેના પિતાનો તેને જરા ધાક રહેતો. શાળાની કેળવણીની તેના પર ખાસ અસર ન પડી; પણ તેનામાં પોતઃની મેળે જ્ઞાન મેળવવાની તાલીમ અને દૃઢ શક્તિ હતાં.

કૉલેજ અને પાંડિત્ય તરફ તેને કંટાળો હતો. ડિગ્રીનો જરા યે



રાયચૌધરી તરુણ વયે



સ્નાન પછી : બે હાથમાં સ્નાનભીના કેશના છેડા ધારીને, પગ પર પગ ચડાવી ઊભેલી નારીનાં ભીનાં વસ્ત્રોમાંથી ડોકાતુ દેહલાલિત્ય દર્શાવતી આ પ્રતિમા શ્રી રાયચૌધરીની એક મનોરમ શિલ્પકૃતિ છે.

(ફોટો - જગન મહેતા)

મોહ નહોતો. કદિક તે કૉલેજમાં જાત તો પણ સમાનતાની સપાટી ઉપર કેળવણીની વેદીનો એક વધુ બલિ બની જાત. પણ તેણે ખાનગી શિક્ષણ દ્વારા તાજગીભરી લાગણી તથા શક્તિવાળા ગૃહસ્થ તરીકે તાલીમ મેળવી છે. તેણે વાંચ્યું છે ખૂબ છૂટથી અને પ્રતીતિપૂર્વક. એથી તેની બુદ્ધિની સવીર્યતા જળવાઈ છે.

ચિત્રોનો શૉખ તેનામાં બચપણથી જ હતો. નવ વર્ષે કરેલાં તેનાં ચિત્રોમાં બંધારણપૂર્વક કરેલી આકૃતિઓ છે. એ વખતે બંગાળમાં જાગેલી અભિનવ કલાપ્રવૃત્તિનાં આંદોલનો તેને પણ પહોંચ્યાં હતાં. એ આંદોલનોનો મૂળ પ્રસ્તાવ મિ. હૅવેલે કર્યો હતો. પછી તેના સાથમાં શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર ભળ્યા હતા અને જોરાસાંકોના મકાનમાંથી સંસ્કૃતિ અને જાગ્રતિનાં નવાં વહેણ વહેતાં થયાં હતાં. ભારતના નવ-ઉત્થાનનો ઇતિહાસ શરૂ થઇ ગયો હતો.

ત્યારે બીજી તરફ અવનીન્દ્રનાથની નવી કળાનો ઉપહાસ પણ થતો હતો. ઍનૅટમી, લાઈટ શેઇડ અને પરસ્પૅક્ટિવ જેવાં બાહ્ય ચિત્રો-પકરણોનો લોકોને મોહ લાગ્યો હતો. તેનો ત્યાગ એટલે કળાની વિકૃતિ એવું મનાતું હતું એથી આ નવી કળાના વર્ગમાં વિદ્યાર્થીઓને સમજાવીને લાવવા પડતા. અવનીબાબુ, ગગનબાબુ અને કેટલાક યુરોપિયનોએ 'ઓરીએન્ટલ આર્ટ સોસાએટી' સ્થાપી હતી. બે ડઝન જેટલા નવલોહિયા કલાકારોનું જૂથ ત્યાં કામ કરતું આજના પીઢ કલાકાર નંદલાલ વસુ તેમાં મોખરે હતા. છેવટે તેમાં વીસ વર્ષનો એકલવ્ય ચૌધરી આવ્યો. એણે પહેલાં હિરણ્મય ચૌધરી પાસે યુરોપીય પદ્ધતિની પ્રત્યક્ષવાદી શૈલીના પાઠો લીધેલા. એનાં એ ચિત્રો જોઈ અવનીન્દ્રનાથે 'બિલકુલ રદ્દી' કહી તેને ધુત્કારી કાઢ્યો. એનો દંખ સહન ન થવાથી દેવી ત્યાંથી નીકળી બૉઇએ (Boiass) નામના એક સુપ્રસિદ્ધ ઈટાલિયન કલાકારને શરણે ગયો. એ સંબંધ બહુ ફલપ્રદ નીવડચો. એને લઇને ચૌધરી ચિત્ર અને શિલ્પ બંને કળામાં પ્રવીણતા પામ્યા. આ વ્યાઘ્રબાળને બૉઈએએ પિતાની માફક પંપાળી હાથમાં લીધો, અને તેણે પણ તેને વડીલ ગણીને તેની સર્વ આજ્ઞા પાળી. તેણે તેનું વાસીદું કર્યું અને બંદૂકો સુદ્ધાં સાફ કરી આપી.

અવનીબાબુ જે ન કરી શક્યા તે બૉઈએએ કર્યું. તેણે દેવીનું તેજ પારખ્યું અને તેને કળાની સ્થાપિત પદ્ધતિઓમાં પાકી તાલીમ આપી. આકાર અને કૌશલનું સંપૂર્ણ જ્ઞાન આપ્યું. બૉઇએના ચિત્રકાર્ય અને 'ઑરીએન્ટલ આર્ટ સોસાએટી' વચ્ચે સિદ્ધાન્તોમાં જોકે આસમાન-જમીનનું અંતર હતું, પણ તે માનવ-આકૃતિનો ઉસ્તાદ જ્ઞાતા હતો તેમજ મહા કર્મકુશળ હતો.

એ વખતે બધા જુવાનોની પેઠે તેને પણ ઈંગ્લંડ જઈને ત્યાંની ઍકૅડેમીમાં દાખલ થવાના કોડ થતા. પણ સગાંવહાલાં તે ચિત્રકાર બને તેની વિરુદ્ધ હતાં. વકીલ, દાક્તર કે ઇજનેર આગળ એ જમાનામાં કળાકારનું સ્થાન ભિખારી જેવું હતું. ચૌધરીને બધા ઉપર તિરસ્કાર આવ્યો, અને બધું છોડી, માર્ગ ભૂલેલા બધા જુવાનોની પેઠે તે પણ એકાંત વેદના અને દારિદ્રયના ખાડામાં પડ્યા.

કોઇની પણ સલાહ લીધા વિના, કલકત્તાના રાજમાર્ગો ઉપર તે આત્માને ધૂળ મેળવવા જેવું નોકરી શોધવાનું કાર્ય લઈ બેઠો. આ આપત્તિમાં તેનું ગૌરવ અને કડક સંકલ્પશક્તિ ઊઘડ્યાં. જીવનની ધક્કામુક્કીમાં જ સાહસિક જુવાનો મજા લે છે અને એવા જ સમયમાં તેમનાં અંતરમાં નવી શક્તિનો ઉદય થાય છે.

પહેલાં તો એક સર્કસમાં ટ્રિક સાઇક્લિંગના ખેલો કરવાની નોકરી મળી. બીજી બાજુ, નવરાશના વખતમાં તે બંસીવાદનની તથા ગાનની તાલીમ લેવા લાગ્યો. ઉપરાંત, પડોશમાં આવેલી પોલિસ બરાકોમાં ભોજપુરિયાઓ સાથે રોજ વહેલી સવારે કુસ્તીના દાવ ખેલવા પણ જતો. પણ આમાં બહુ ભલીવાર વળે તેમ ન હતો.

અંતે કલકત્તાના કોરિન્થિયન થીએટરમાં નાટકના પડદા ચીતરવાના ખાતામાં ચૌધરીને નોકરી મળી. વડા ઉસ્તાદ માટે તે રંગો ઘૂંટીને તૈયાર કરતો. ઉસ્તાદ તોછડો અને ચૌધરીની શક્તિથી અજાણ હતો. અને તેના કામમાં વચ્ચે આડાઅવળા ચાપડા ઠોકતો. ચૌધરીનો હાથ ચિત્ર કરવા ચળ ખાતો ને ઘણીવાર ઉસ્તાદે પડતું મૂકેલું કામ તે સુધારીને પૂરું કરી નાખતો. આથી તેની શક્તિઓ છાની રહી નહિ ને આ નવા રંગ ઘૂંટનારની વાતો થવા લાગી. પછી તો વાત એટલે પહોંચી કે વધારે પગાર ખાતા બીજા જુવાનો પણ





બે શિલ્પ-પ્રતિમાઓ: ઉપર-દાક્ષિણ્યદેશના વિચક્ષણ ને વિદ્વાન રાજપુરુષ સર સી.પી.રામસ્વામી અય્યર; જમણે: કલાકારના પિતાશ્રી ઉમાપ્રસાદ. બંનેની શૈલીઓ જુદી છે. એકમાં સફાઇભરી વાસ્તવિકતા અને બીજીમાં માત્ર માટીના લચકા ને ઓજારના છરકા સાથેનું ખરબચડું વિધાન હોવા છતાં એ બંને શૈલીમાં પાત્રનું વ્યક્તિત્વ તથા અણસાર આબેહૂબ લાવનાર રાયચૌધરીના શિલ્પકૌશલના દ્યોતક આ નમૂનાઓ છે.

તેના પાસે શીખવા આવતા. એવામાં રામાયણનું એક ભવ્ય દૃશ્ય તૈયાર કરવામાં તેણે ઉસ્તાદને પોતાની શક્તિની સાચી પરખ કરાવી આપી. એથી એ વખતે તો તેને તેણે નેવું રૂપિયાનો પગાર કરી આપ્યો, પણ ભવિષ્યમાં પોતાનું પદ જોખમમાં આવે નહિ તે માટે થોડે વખતે ઉસ્તાદે તેને ખેરવી નાખ્યો !

ફરી તે નિરાશા અને આફતના વમળમાં પડ્યો. એક ચિત્રો વેચનારને ત્યાં, કાળાં છાપેલાં રેખાચિત્રોમાં રંગ ભરી ફ્રેમમાં નાખી વેચવા જનારો ફેરિયો તે બન્યો. સગાંવહાલાંના મોટી હવેલીઓ પાસે થઇને એ ડાઘમાં તે નીકળતો ત્યારે ઘણા દરવાનો તેને સલામો કે તાજીમ આપતા. એ વખતે તેને પુરું ખાવાનું પણ મળતું નહિ અને ક્વચિત તો પહેરવાને પૂરાં કપડાં પણ ન હોય !

છેવટે આ રઝળપાટથી થાકી એક વાર તે બંગાળના સિદ્ધ ગણાતા કલકત્તા યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર સર આશુતોષ મુખરજી પાસે પહોંચ્યો ને નોકરી માગી. તે વખતે 'હું ચિત્રકામ જાણું છું' એમ ન કહ્યું પણ 'હું કસરત—ડ્રિલ કરાવી જાણું છું' એમ કહ્યું! મુખરજી તેના વડીલોને ઓળખતા, એટલે કહ્યું કે ફરી આવજે. બીજી વાર તે મળ્યા ત્યારે ભવાનીપુરની એક શાળામાં ડ્રૉઇંગમાસ્તરની ૪૦ રૂપિયાના પગારની (અનુ૦ પૃષ્ઠ ૨૪૬)



અમદાવાદના સર ચિનુભાઈના સંગ્રહનું શ્રી રાયચૌધરીનું આ 'પંખી યુગલ'નું ચિત્ર સંયોજિત રેખાગૂંથણીના કૌશલ તથા બારીક વિગતો સાથેના તાદૃશ આલેખનનો ઉત્તમ નમૂનો છે.

શ્યામ ગૌર

ની વિષમતા નહિ પણ ચારુતા જ્યાં પ્રવર્તે છે એ માનસદેશની વાર્તા

લેખક
શિવકુમાર જોષી

'અરે, કેમ રે શ્યામલ! સવારના પહોરમાં એને ધોલ કેમ ચોડી? હેં?......ને આવો જોરથી ધક્કો માર્યો તે લપસી પડયો હોત તો શી વલે થાત?...' હજી નાનકડો ગૌરાંગ પડેલા માર બદલ રડી લેવું કે શ્યામલને સામે એકાદ તીખું બચકું ભરીને વેર વાળવું એનો નિર્ણય કરે તે પહેલાં તો વિના બોલાવ્યે સુલતાએ દીકરાનો પક્ષ લીધો અને શ્યામલને ઊધડો લઇ નાખ્યો.

એમ તો ગૌરાંગ અને શ્યામલની આ યુદ્ધખોરી એ દરરોજનો સામાન્ય બનાવ હતો, પણ આજે કાંઈક જુદું જ બન્યું.

વાત એમ હતી કે સુલતા કાકીની કૂખે ગૌરાંગે જન્મ લીધો તે આખા યે કુટુંબમાં ખૂબ હર્ષનો પ્રસંગ બની ગયો. સત્યેન્કાકા આમ તો હતા સ્વાતંત્ર્યયુદ્ધના ખડા સૈનિક. '૪૨ની લડતમાં જેલમાં બે વરસ ગાળ્યા પછી તો ખૂબ ક્રાંતિવાદી વિચારો ધરાવતા થઈ ગએલા; અને એમને વળી ઠરીને ઠામ થવું'તું ક્યારે? આજીવન સેવાધારી બનીને દેશની ઉન્નતિ પાછળ જાત ખરચી નાખવાની વાતો કરતા સત્યેનના કાનમાં એના વડિલ બંધુ અનંતરાયે કોણ જાણે શો યે મંત્ર ફૂંક્યો અને એણે અધૂરો રહેલો કાયદાનો અભ્યાસ પૂરો કરવાની તો ખાત્રી આપી જ.

દાદાદાદી પણ ખખડધજ હતાં. જ્યારે સત્યેને પોતાની દેશસેવાની શરૂઆત કરવાની મુદત બે વરસ માટે પાછી ઠેલી ત્યારે દાદીના કાનમાં દાદાએ કહ્યું પણ ખરું, 'મેં ન કહ્યું કે મારું કે તારું કહ્યું કદાચ ન માને; પણ એ તો રામ-લક્ષ્મણની જોડી છે. અનંતનું કહ્યું તો સત્યેન માને જ માને. તુલસીદાસજીએ નથી કહ્યું?–

'ઇન્હ કૈ પ્રીતિ પરસ્પર પાવનિ,
કહી ન જાઈ મનભાવ સુહાવનિ,
સૂનહુ નાથ કર મુદિત વિદેહૂ
બ્રહ્મજીવ ઇવ સહજ સનેહુ'—

એમ કહીને રામાયણની ચોપાઈ સંભળાવી ત્યારે એનો અર્થ સમજ્યાં હોય તેમ દાદીમાની વૃદ્ધ આંખોની આસપાસ આનંદ વ્યક્ત કરતી કરચલીઓ ઉપસી આવી.

અનંતરાયે દુનિયા જોઈ હતી. સામાન્ય સ્થિતિમાંથી સ્વપ્રયત્ને અને આજુબાજુની દુનિયાને માપતાં માપતાં એ શહેરની એક આગેવાન મિલમાં મૅનેજરને પદે પહોંચ્યા હતા. સત્યેન વકીલ થયો તે અરસામાં તો પેલી આજીવન સેવાર્થી થઇ રહેવાની મહેચ્છા કાંઈક ઠંડી પડી ગઇ હતી અને અનંતરાયને એ સમજતાં વાર ન લાગી. તક જોઇને એમણે સત્યેનને કામે લગાડી દીધો. એમની લાગવગને કારણે કહો કે પછી સત્યેનની કુનેહ અને આવડતને લઇને કહો, પણ સામાન્ય 'જુનિયર' વકીલો કરતાં ઘણા ઓછા સમયમાં સત્યેનની પ્રૅક્ટીસ સારી રીતે જામવા માંડી.

એ રીતે પૈસેટકે સુખી અને અંદરઅંદરના કોઈ પણ જાતના ક્લેશરહિત કુટુંબમાં એક દિવસ જ્ઞાતિના પ્રતિષ્ઠિત અને પૈસાદાર કુટુંબની, ઠીકઠીક કેળવાએલી પણ કાંઇક અર્ધદગ્ધ અને અભિમાની સુલતા પરણીને આવી. શ્યામલ તે વખતે માંડ દોઢેક વર્ષનો હતો. કાકીને ઝગમગતાં વસ્ત્રાલંકારોમાં પ્રવેશતી જોઇને પહેલાં તો એ ગભરાઇ જ ગયો. એ રાત્રે એને ઊંઘ જ ન આવી, કારણકે લગ્નની ધમાલમાં ઘરમાં કોઇને એની પડી ન હતી. દાદાજીએ થોડો વખત તો પોતાના ખોળામાં એને સુવાડવા પ્રયત્ન કર્યો, પણ આજીવન સેવાના ખ્યાલો છેવટે પડતા મૂકનાર નાના દીકરાની બધી યે સફળતા પર જાણે કળશ ચઢતો હોય તેમ મોટા ઘરની તેજસ્વી દીકરી વહુ થઇને આવતી હતી એટલે એમના જીવને પણ જંપ ન હતો; ને એ અજંપાની અસર ખોળામાં સૂવા મથતા પૌત્ર શ્યામલને પણ પહોંચી.

રાત્રે નાની વહુનાં પગલાં ઘરમાં થયાં ત્યારે એના કુમળા મનને તે દિવસની આખા ઘરની એના પ્રત્યેની બેદરકારીભરી વર્તણૂક માટે આ જ વ્યક્તિ કારણભૂત હોવાનું લાગ્યું કે નહિ એ કહેવું મુશ્કેલ છે, પણ ત્યાર પછી જે કાંઇ પ્રસંગો બન્યા તે પરથી એટલું તો જરૂર તારવી શકાય કે આ કાકી ને ભત્રીજા વચ્ચે બહુ સારો મેળ નો'તો જ.

એમાં યે દોઢેક વર્ષ પછી સત્યેનને ત્યાં ગૌરાંગનો જન્મ થયો ત્યારે શ્યામલને ફરિયાદ કરવાનું ઘણું મોટું કારણ ઊભું થયું. સત્યેન પ્રતિષ્ઠિત વકીલ થાય, મોટે ઘેર પરણે અને એને ત્યાં પુત્ર જન્મે, એ અસામાન્ય બનાવોની પરંપરાએ આખું ઘર–ખાસ કરીને શ્યામલનાં વૃદ્ધ દાદાદાદી આનંદમાં નિમગ્ન બની ગયાં. પણ શ્યામલ એવું બધું સમજવા તૈયાર ક્યાં હતો? અત્યાર સુધી ઘરમાં સૌથી નાના બાળક તરીકે દાદાદાદીથી માંડીને દરેક જણ ઉપર એની જોહુકમી ચાલતી. પણ હવે એ એકચક્રી મહારાજ્યમાં બીજો હરીફ જાગ્યો છે એ એને તુરત સમજાયું. પણ એના મનમાં ગૌરાંગ પ્રત્યે શત્રુતા જાગવાને બદલે ધીરેધીરે એની પ્રત્યે કંઈ નવો જ ભાવ પ્રગટયો.

સુલતાકાકી નાનકડા ગૌરાંગને સવારે દૂધ પાતાં હોય ત્યારે એની તૃપ્તિથી મિચાએલી આંખોનો લાભ લઇને શ્યામલ ધીરેથી એના મોંમાંથી દૂધની શીશી ખેંચી લેતો, પછી એની ચીચિયારીઓ સાંભળવાની એને મઝા આવતી. શરૂશરૂમાં તો સુલતાકાકી આ બધું ચલાવી લેતાં, પણ પછી તો વાત ખૂબ આગળ વધી. જ્યારે ગૌરાંગને નવડાવી, એના ગોળમટોળ શરીર ઉપર આછો પાઉડર છાંટી, ગોટપોટ કરીને પારણામાં સુવાડી પોતાનું કામ આટોપવાં એ ઊઠતાં ત્યારે ગમે ત્યાંથી શ્યામલ એના પારણા પાસે પહોંચી જતો ને થોડો વખત પોતે હિંચોળી રહ્યો છે એમ મોટાંઓનો વિશ્વાસ સંપાદન કર્યા પછી ઊંઘતા ગૌરાંગના પેટ ઉપર આંગળીઓ ઘોંચીને કે મેંશ આંજેલી આંખોની પાંપણો ખોલવાનો પ્રયત્ન કરીને સુલતાકાકીની બધી જ મહેનત એ ધૂળમાં મેળવતો.



ગૌરાંગ ચીસ પાડીને જાગી ઊઠતો અને કરેલા પરાક્રમની પ્રસાદી રૂપ ઠપકો કે માર ખાઇને શ્યામલને ખૂણામાં ભરાવું પડતું.

આ રીતે અજાણપણે પણ તે દિવસની લગ્નની રાતથી શ્યામલના મનમાં સુલતાકાકી માટે બહુ સન્માનની લાગણી રહી ન હતી. એમનાથી એ દૂર ભાગતો, કારણ કે એવી જાતજાતની અવળચંડાઇ માટે એને કોઇ કોઈક વાર કાકીના હાથનો માર પણ પડતો અને એવે વખતે એના દાદા પણ એની વહારે ધાવાની હિંમત ન કરી શકતા.

પણ ગૌરાંગ બહુ નિરુપદ્રવી નીવડ્યો. શ્યામલની બધી જ વિચિત્રતાઓ અને તોફાનો પ્રત્યે એ ઉદાસીનતા બતાવતો અગર તો એ બધું એ ચલાવી લેતો. શ્યામલની વર્તણૂકથી જ્યારેજ્યારે એને અગવડ પડતી ત્યારે કાં તો એ થોડું રોઈ લેતો, અગર તો એકાદ બચકું ભરવાની હિંમત કરીને વધુ અગવડમાં મુકાતો. પણ એકંદરે એને શ્યામલ સાથે સારું ફાવી જવા માંડ્યું. ઘરમાં એની સાથે હળીમળી જઇ શકે, એની નાનીનાની ગતિવિધિને આનંદના ઉદ્‌ગારથી વધાવી લે, એવો તદ્દન નવરો-ધૂત માત્ર શ્યામલ હતો. ગૌરાંગને સૌથી પહેલાં અઢેલીને બેસતાં આવડ્યું ત્યારે શ્યામલને જે ખુશી ઉપજી તે કરતાં તો અનેકગણી ખુશી ગૌરાંગે એની આંગળી પકડી પા પગલી પાડવા માંડી ત્યારે ઉપજી. 'જો, જો બા... અરે જુઓ લતા કાકી, ગોરો પણ હવે કેવો ચાલે છે!' એણે દાદાદાદીને પણ આવધામણી આપી. બંનેને સાથે ચાલતા જોઇને દાદાજીએ દાદીમાને આનંદમાં આવી સંભળાવ્યું :



'શ્યામ ગૌર મૃદુ બયસ કિશોરા,
લોચનસુખદ વિશ્વ ચિતચોરા.'

એમ આ બંધુબેલડીએ વિશ્વનું ચિત્ત ચોર્યું કે ન ચોર્યું, પણ દાદાદાદીની આંખો તો એણે ઠારી.

આ 'શ્યામલ ગૌર મનોહર જોરી' જેમ જેમ મોટી થતી ગઇ તેમ તેમ શ્યામલનો ગુરુભાવ પ્રગટ થવા લાગ્યો. બોલવાચાલવાની શરૂઆત કેમ કરવી જોઇએ તેની રીતરસમ એના મનમાં તાજી જ હતી. બેએક વર્ષ ઉપર જ એ ચાલતો બોલતો થયો હતો અને ઘરના રૂઢ નિયમો પાળવા માંડ્યો હતો, એટલે ગૌરાંગે એ બધામાં કઈ રીતે પલોટાવું તે એ સમજાવતો હતો. એમાં જો ગૌરાંગની આળસ, અનાવડત કે ખંધાઈ જણાઇ આવે તો એને ગુરુપ્રસાદ પણ મળતો! ગૌરાંગ બે અઢી વર્ષનો થયો ત્યાં સુધીમાં તો શ્યામલ સંપૂર્ણ ગુરુપદ પામી ચૂક્યો હતો. સત્યેન્‌ જે રીતે લક્ષ્મણની માફક અનંતરાયનો આજ્ઞાંકિત ભાઈ હતો તે રીતનું જ આ બેલડીનું ઘડતર પણ થઇ રહ્યું છે એમ દાદાજીને લાગતું, અને એ વાત દાદીમાને દિવસમાં બેત્રણ વાર યાદ દેવડાવતા—એમની રીતે ખૂબ ખુશખુશાલ થઇને એકાદ રામાયણની ચોપાઇ ગણગણીને :

'શ્યામ ગૌર કિમિ કહૌં બખાની;
ગિરા અનયન, નયન બિનુ બાની.'

પણ તે દિવસે કોણ જાણે શાથી સુલતા કાકીએ દરરોજના નિયમને અવગણીને ગૌરાંગને શ્યામલના ઊઠતાં પહેલાં જ નવડાવી લીધો. ગૌરાંગે એ નિયમભંગ સામે વાંધો ઉઠાવ્યો છે કે નહિ એની તપાસ કર્યા વિના જ શ્યામલે એને એક ધોલ મારી અને વળી ધક્કા માર્યો. સુલતાને આ ન ગમ્યું અને એણે શ્યામલનો ઊધડો લીધો. વળી ઘરમાં કોઇ દેખતું નથી એની ખાત્રી કરી લઈને, ઘણા દિવસનો રોષ ઠાલવવા માટે જ્યારે એનો કાન આમળ્યો ત્યારે તો શ્યામલથી ન જ સહેવાયું અને એની કાલી ભાષામાં એમની સાથે લડી પણ નાખ્યું. અરસપરસ મૈત્રીના વણલખ્યા કરારનો ગૌરાંગે શ્યામલની રાહ જોયા સિવાય સ્નાન કરી લઇને ભંગ કર્યો હતો એટલે એણે સજા ભોગવવી જ જોઇએને?—આવું કંઈક એને કહેવાનું હતું.

એ બંનેની તકરાર ચાલતી હતી તે જ ઘડીએ દાદાજીએ પૂજા સમાપ્ત થઈ હોવાના સૂચક ઘંટારવ સાથે આરતી ઉતારી. સુલતા અને શ્યામલને ઝગડાની પતાવટ કરતાં મૂકીને ગૌરાંગ દેવસેવાની ઓરડી પાસે પહોંચી ગયો. પ્રસાદનો થાળ હમેશના નિયમ મુજબ શ્યામલના હાથમાં આવતો, અને તે પોતાની ઇચ્છા મુજબ ઘરનાં નાનાંમોટાંને ઓછોવત્તો પ્રસાદ વહેંચીને વધેલો પ્રસાદ—જે હમેશાં સૌથી વધુ પ્રમાણમાં બાકી રહેતો તે—પોતે આરોગી જતો. પણ આજે ગૌરાંગને કુમતિ સૂઝી અને શ્યામલને બદલે પોતે પ્રસાદ વહેંચવા નીકળી પડ્યો. પહેલાં તો પોતાના નાનકડા મોંમાં નંખાય એટલો શીરો એણે ખોસ્યો, થોડો ચડ્ડીના ખિસામાં ભર્યો, ને થોડો રસ્તામાં વેર્યો પણ ખરો. શિષ્યનો આ અવિવેક! આ અનાવડત! શ્યામલથી એ બધું ન સહેવાયું. ઉપરાંત સ્નાનના નિયમનો ભંગ તો તાજો કર્યો જ હતો, એટલે તેણે ગૌરાંગને ઉપરાઉપરી બેચાર લપડાકો લગાવી દીધી. ઠાકોરજીના પ્રસાદનો શીરો ગૌરાંગના મોંમાંથી કઢંગી રીતે સરી પડ્યો, અને પછી તો ઘણું બધું ન બનવાનું બન્યું...સુલતા છંછેડાઇને દીકરાને લઇને પિયર ચાલી ગઈ.

ઘણીવાર એમ તો બેચાર દિવસ માટે ગૌરાંગનો વિરહ શ્યામલને સહન કરવો પડતો; પણ આ પ્રસંગ જુદો હતો અને તે માટે નિમિત્ત પોતે બન્યો હતો, એટલે એ મોટો ગુનેગાર હોય એમ ઘરમાં બધા એની સાથે વર્તવા લાગ્યા અને તેથી તેને વધુ સાલ્યું. હવે તો એ બાલમંદિરમાં જતો હતો, એટલે એણે હવે વધુ ઠરેલ થવું જોઇતું હતું એમ બધાનું કહેવું થતું હતું. ત્રણચાર દિવસ તો શ્યામલે પણ રીસમાં ચલાવી લીધું, પણ પાંચમો દિવસ થયો અને સુલતા કાકી પાછાં ન આવ્યાં. એ પાછાં ન આવે એની સામે એને વાંધો પણ ક્યાં હતો? પણ ગૌરાંગ વિના હવે એને બેચેની થવા લાગી. અંતે એણે બાને પૂછી પણ જોયું કે ગોરો ક્યારે પાછો આવશે?

પણ સુલતા એમ તુરત પાછી ફરી શકે તેમ નહતું. ઓચિંતાનું એનું જૂનું દર્દ—પેટનું શૂળ ઊપડી આવ્યું ને એ ધાર્યા કરતાં લંબાયું. એની આવી અણધારી કપરી માંદગીમાં શ્યામલ કે ગૌરાંગ તરફ કોણ ધ્યાન આપે? ઘરમાં બધાં ચિંતાતુર વદને ફરતાં અને દાદાજી પણ પૂજામાં વધુ વખત ગાળતા. એમની આટલી મોટી ઉંમરમાં ઘરમાં આ જાતની કોઇ આપત્તિ આવી ન હતી. એ બધાનાં મુખ સામું શ્યામલ જોતો ને મુંઝાઈ જતો. એનું બાલ માનસ બધું સમજી શકે તેમ ન હતું, પણ કાંઈક અતેરૂં બની રહ્યું છે એમ એને લાગ્યા કર્યું.

એક દિવસ માંદગી ખૂબ વધી ગઈ છે એવા સમાચાર આવ્યા અને ઘરમાં બધાંનાં મોં લેવાઇ ગયાં. આમે ય ગૌરાંગની ગેરહાજરી એને સાલતી હતી અને બાલમંદિરથી સાંજે ઘેર આવ્યા પછી તો ઘર ખાવા ધાતું હતું. તે સાંજે એનું મન પણ હડે ચડ્યું. ખાવાની કે દૂધ પીવાની એણે ના કહી દીધી. બાએ ખીજમાં બે ધોલ મારી, અને બાકી હતું તે દાદીમાએ પણ સંભળાવી દીધું : 'એના પાપે જ એ દિવસે નાની પિયેર ચાલી ગઇ; ગોરાને એણે માર્યો ને વહુ રીસમાં

ને રીસમાં ગઇ તે...' ને એવું તો કેટલું યે બોલાયું જે શ્યામલ સમજી ન શક્યો : માત્ર એટલું સમજાયું કે પોતે ગુનામાં આવી ગયો છે. ભૂખ્યો ને ભૂખ્યો એ સાંજે એ સૂઇ ગયો.

મધરાતે ઓચિંતો જાગ્યો ત્યારે બાજુમાં બાની પથારી ખાલી હતી. અનંતરાયનો પલંગ પણ સૂનો હતો. બીકનો માર્યો ઊઠીને એ ઓરડાની બહાર આવ્યો. વરંડાની એક બાજુએ દેવસેવાની ઓરડી-ની બહાર દાદાજી ગીતાનો પાઠ કરતા હતા : 'નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ, નૈનં દહતિ પાવક.' બાજુમાં ઘીનો દીવો બળતો હતો. ધીરે પગલે આવીને એ દાદાજીના ખોળામાં સૂઇ ગયો. એમના ઘેરા અવાજમાં આવી ગએલી ભિનાશ તે એ કળી શકે તેમ ન હતું, પણ કોઈકોઇ વાર ટપકી જતાં આંસુ એના ગાલ ઉપર પડતાં ત્યારે એ ઝબકી જતો.

એ સ્થિતિમાં એ ક્યારે બરાબર સૂઇ ગયો એનો એને ખ્યાલ ન હતો; પણ મોડી સવારે જાગ્યો ત્યારે એની બાજુમાં જ ગૌરાંગ સૂતો હતો. એને જોઇને પહેલાં તો એ આભો બની ગયો; પણ પછી ખૂબ વહાલથી એને ભેટીને પાછો સૂઈ જવા જાય છે ત્યાં એમની નજર બાજુમાં બેઠેલી બા ઉપર પડી. સૂજેલી આંખોમાંથી એકધારે વહે જતાં બાનાં આંસુ જોઈને એ હબકી ગયો.: 'બ: બા, તું કેમ રડે છે? પણ કાંઈ જવાબ ન મળ્યો. 'અરે પણ જોને ગોરો આવ્યો છે, ને તું રડે છે?'

જવાબમાં બા વધુ મોટેથી રડી પડી. એને જાણે કંઇક સમજાયું ને બોલી ઊઠ્યો, 'તે બા, ગોરો એકલો કેમ આવ્યો છે? કાકી નથી આવ્યાં એટલે તેં અહીં સુવાડયો છે?... કાકી હજી મારા ઉપર રિસાયાં છે?...કહેને બા, તું આમ રડરડ કેમ કરે છે?'

'કાકી તો હવે નહિ આવે' એમ કહેવાની હિંમત એકઠી કરતાં તો બા દુઃખથી બેવડ થઈ ગઇ. અધૂરું સમજીને એ વળી બોલી ઊઠ્યો, 'પણ હવે હું ગોરાને નહિ મારું, કોઈ વાર નહિ મારું, ખરું કહું છું બા.' અને ગરીબડે અવાજે ઉમેર્યું: 'તો યે કાકી નહિ આવે?'

કોઈએ એને જવાબ ન આપ્યો. એટલામાં ગૌરાંગ જાગ્યો. શ્યામલને જોઈને એના કૂમળા નિર્દોષ મોં પર આનંદની રેખા ફૂટી આવી. કંઇ વણસમજ્યું આશ્વાસન આપતો હોય તેમ શ્યામલની આંખો ચમકી ઊઠી, અને બે હાથે એને ઊભો કરીને બહાર વરંડામાં દોરી ગયો. સામેથી દાદાજીને આવતા જોઇને તુરત શ્યામલ બોલી ઊઠ્યો:

'જુઓ જુઓ દાદાજી, ગોરો આવ્યો છે.'



એક ક્ષણ સ્થિર દૃષ્ટિથી દાદાજી બંને બાળકો સામે જોઇ રહ્યા. તાજો જ આઘાત હજી અંતરમાં ચણચણી રહ્યો હતો, પણ આ શ્યામ ગૌરની જોડીને ઘણે વખતે નિરખીને તેમનું ભક્ત હૃદય એવી આપત્તિ માં યે મુગ્ધ ભાવે મલકી ઊઠ્યું.

દેવસેવાની ઓરડીની સામે દાદાજીએ આસન જમાવ્યું. બન્ને બાળકોને ખૂબ વાત્સલ્યભાવે પોતાની ગોદમાં બેસાડ્યા. જાણે દશરથને પાછલી અવસ્થામાં રામ-લક્ષ્મણ સાંપડ્યા એવા અહોભાવને વશ થઇ અશ્રુ ગદ્ગદ્ કંઠે બોલી ઉઠ્યા :

'સુંદર શ્યામ ગૌર દોઉ ભ્રાતા,
શોકાકુલ અવનિકે શાતા?'

આવતો અંક

વિરલ પ્રતિભાવાન ગુજરાતી સ્વ. ડૉ. અનંત પંડ્યાને અંજલિ રૂપ

અનંત-સ્મારક-અંક

કુમારના ચાલુ અંક કરતાં બમણા કદના એ અંકમાં 'કુમાર'ની બધી નિયમિત સામગ્રી ઉપરાંત, જગતભરમાં ગુજરાતનું નામ ઊજળું કરનાર એ વિરલ પ્રતિભાવાન ગુજરાતીના જન્મથી માંડી દારૂણ અકસ્માતે થએલા દેહવિલય સુધીની જીવનરેખાને ઉપસાવતાં સંસ્મરણો અંજલિઓ અને પ્રશસ્તિઓ સાથે એમના જુદાજુદા સમયની છબિઓ તથા અન્ય ચિત્રોની મબલખ સામગ્રી આવશે, જેમાં ડૉ. સર રાધાકૃષ્ણન, સર વી. ટી. કૃષ્ણમાચારી, શ્રી અનંતરાય પટ્ટણી, એમ. આઈ. ટી.(અમેરિકા)ના પ્રો. વિલ્બર, પ્રો. સ્ટ્રુઈક તથા પ્રો. સ્પૅફર્ડ, ન્યૂયૉર્કના કન્સલ્ટિંગ એન્જીનીઅર મિ. પાવલો તથા મિ. હાકા, ખ્યાતનામ બ્રિટિશ ઇજનેર મિ. હૉલ, જર્મન ઈજનેર ડૉ. હાંસ હાઈનરિશ, સ્વિસ ઈજનેરો એડવર્ડ અને જ્યૉર્જ ગ્રૂનર હિંદ સરકારના ભૂતપૂર્વ ડાયરેક્ટર ઑવ મેટલ્સ ડૉ. દારાશા આંટિયા, હૈદરાબાદ રાજ્યના ભૂતપૂર્વ નાણાંપ્રધાન સી. વી. એસ. રાવ, દામોદર વેલી કૉર્પોરેશનના મુખ્ય ઈજનેર મિ. કૉમોરા, બેંગાલ એન્જિ. કૉલેજના પ્રિ. સેનગુપ્તા, શ્રી ગગનવિહારી મહેતા, શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણી, મુંબાઇ મ્યુ. કૉર્પોરેશનના ઇજનેર મિ. મોડક, શ્રી મગનભાઇ પારેખ તથા શ્રી હરિભાઈ પટેલ, શ્રીમતી આનાકિરણ રૉય, શ્રી યશવંત પંડયા, શ્રી દેશળજી પરમાર વગેરેની અંજલિઓ ઉપરાંત એમના નિકટના સ્વજનો શ્રી મસ્તરામ પંડયા, એમના જોડિયા ભાઈ જેમ ઉછરેલા સોરાષ્ટ્ર સરકારના ચીફ ઈજનેર શ્રી ઉપેન્દ્ર ભટ્ટ તેમજ શ્રી નાનાભાઇ ભટ્ટ તથા શ્રી મુનિકુમાર ભટ્ટના એમના ઉછેર ને અભ્યાસકાળ આલેખતા વિસ્તૃત લેખો વગેરે આવશે.

કલાકારોને આમંત્રણ

બીજી ગુજરાત સંશોધક પરિષદ

ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે આવતા ઑક્ટોબર માસમાં અમદાવાદ ખાતે ગુજરાતના સર્વ સાંસ્કૃતિક ક્ષેત્રોમાં સંશોધન કાર્ય કરનાર વિદ્વાનો વગેરેની બીજી પરિષદ મળશે. તેના કલાવિભાગના ઉપલક્ષ્યમાં ગુજરાતની વિવિધ ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય, નૃત્ય, સંગીત આદિ લલિત કલાઓનાં ક્ષેત્રોમાં કામ કરી રહેલા કલાકારોની એક સંહિતા તૈયાર કરવાની છે. તે માટે ગુજરાતના મજકુર ક્ષેત્રોમાં સર્વ કલાકારોને પોતાને લગતી માહિતીઓ મોકલી આપવાનું આમંત્રણ છે. માહિતીઓ ભરી મોકલવા માટે એક ફૉર્મ મુકરર કર્યું છે તે નીચેને સરનામેથી મંગાવી લેવું : બચુભાઈ રાવત (વિભાગીય મંત્રી), કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

હલનચલન



ની ક્રિયાઓ પાછળ માણસની કાયામાં કેવી કેવી કરામત રહેલી છે એટલું જ માત્ર આ હપતો નથી સમજાવતો; પરંતુ એ કરામતના પરિણામે બીજાં પ્રાણીઓને મુકાબલે માણસમાં જે સરસાઈ આવી છે તે કેવી રીતે આવી તે પણ સમજાવે છે, અને અંતે વિધાન કરે છે કે માનવીનું ટટ્ટાર થવું, તેના હાથનો વપરાશ, વિચાર કરવાની તેની શક્તિ અને તેની વાચા, આ ચાર બાબતોએ માનવકુલની પ્રગતિ અને વિકાસ સાધ્યાં છે.

કાયાની કરામત : ૨૨

લેખક


ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

હાડપિંજરમાં બે અથવા વધારે હાડકાંના છેડા જ્યાં એકઠા મળે ત્યાં સાંધો થાય છે. શરીરમાં આવા ઘણા સાંધા છે. એમને લીધે જ શરીરના જુદા જુદા ભાગો હાલે છે ને પરિણામે આપણે ઊઠ, બેસ, દોડ વગેરે ગતિ તેમ જ ઘણા પ્રકારનાં સ્થૂલ અને સૂક્ષ્મ કામ કરી શકીએ છીએ.

સાંધામાં હાડકાંઓના છેડાને એકબીજા સાથે સંબંધમાં જકડી રાખનાર અસ્થિબંધનો (Ligaments) છે. આ અસ્થિબંધનોના પટ્ટાથી હાડકાં બંધાએલાં રહે છે. આના ઉપર વળી માંસપેશીઓના થર અને સ્નાયુબંધનો આવવાથી એ સાંધાની મજબૂતી ઘણી થાય છે; તે એટલે સુધી કે સાંધા ગમે તેમ હાલતા હોવા છતાં પણ તે જલદીથી છૂટા પડતા નથી કે ઊતરી જતા નથી.

એ સાંધાઓ ઉપર પેશીજાલની કોથળીનું ઢાંકણ (capsule) હોય છે. આથી સાંધામાં હવા કે પાણી પ્રવેશી શકતાં નથી. એની અંદરની બાજુએ આંતરત્વચાનું આવરણ આવેલું છે. એને Synorial Membrane કહેવામાં આવે છે. આમાંથી પેદા થતો તેલ જેવો ચીકણો પદાર્થ (Synorial Fluid) સાંધાઓમાં ઊંજણનું કામ કરે છે. આથી સાંધાઓમાં હલનચલન વખતે ઘર્ષણ થતું નથી. જ્યારે આવું ઊંજણ ખૂટી પડે ત્યારે એકબીજા ઉપર ફરતાં હાડકાંનો અવાજ થાય છે અને સાંધાઓનું હલનચલન અઘરું બને છે.


આ સાંધા પણ અદ્‌ભુત અને નાજુક યાંત્રિક કારીગરીના અનુપમ નમૂના છે. એમાં લોહીની નળીઓ ને જ્ઞાનતંતુઓ, હાડકાંના છેડા,




અને તે ઘસાય નહિ એ માટે છેડાઓ ઉપર કોમલાસ્થિઓ તથા અસ્થિબંધનો સાથે માંસપેશીઓ પણ છે. આ દરેકનું અત્યંત ચોકસાઇપૂર્વક પરસ્પરના સહનિયમનથી કામ થવાથી જ સાંધો હાલે છે.


અંગાંગોનું હલનચલન વિવિધ પ્રકારનું અને જુદીજુદી મર્યાદાઓ વાળું હોવાથી સાંધાઓ પણ જુદીજુદી જાતના હોય છે. કોણીમાંથી હાથ, ઘૂંટણમાંથી પગ અને વેઢામાંથી આંગળાં આગળપાછળ હાલી શકે છે. તેથી આ ભાગોના સાંધા મિજાગરાના પ્રકારના (hinge-joint) ઉઘાડવાસ કરનારા હોય છે. હાથનાં કાંડાં અને પગની ઘૂંટીના સાંધા પણ એ જ પ્રકારના છે, પરંતુ એમની હીલચાલ થોડી હોવાથી એ સ્થાને સરકતા સાંધા (gliding jonit)ની રચના હોય છે. ગરદનના બીજા મણકા ઉપર ઍટલાસ મણકા અને ખોપરી એ


નીચે ડાબી બાજુ : સાંધાઓમાં હાડકાંના છેડાને એકબીજા સાથે જકડી રાખનાર અસ્થિબંધનો (લિગામેન્ટ્સ)ના પટ્ટા દર્શાવતું હાથના પંજાનું ચિત્ર; તથા નીચે એ જ પ્રકારનું કોણીના સાંધાનું ચિત્ર.





કોણી આગળનો મિજાગરા જેવો એ સાંધો દર્શાવતા આ ચિત્રમાં ચહનાના ગાળામાં ભુજાસ્થિનો છેડો કેમ ગોઠવાયો છે તે દર્શાવ્યું છે.






સાથળના સાંધામાંના 'બૉલ ઍન્ડ સૉકેટ જોઇન્ટ' ની રચના દર્શાવતી આકૃતિઓ

બધી બાજુએ છૂટથી ફરી તેવા (બૉલ ઍન્ડ સૉકેટ) સાંધા તો બે જ: ખભાનો અને સાથળનો. તેમાં એક હાડકાનો ગોળ છેડો બીજા હાડકાના વાટકા જેવા ગોળ ખાડામાં ટેકાઇ રહીને ચોમેર ફરી શકે છે. ઉપર વચ્ચેની આકૃતિમાં સાથળના એવા સાંધાની રચના, એ બંને હાડકાં છૂટાં પાડીને તીર વડે દર્શાવી છે. ત્રીજી આકૃતિમાં જંઘાસ્થિનું ગોળ માથાવાળું એ હાડકું બસ્તિપ્રદેશના હાડકાના ગોળ ખાડામાં કેવી રીતે ગોઠવાઇ ગયું છે તે ટપકાંવાળી લીટીથી દર્શાવ્યું છે. આ રચનાથી જંઘાસ્થિ તેના સાંધામાં કેટલી છૂટથી ફરી શકે છે તેનો એક સચોટ દાખલો ઉપલી ડાબા ખૂણાની રેખાકૃતિમાં બતાવ્યો છે. એમાં પગના અંગૂઠાને કપાળે અડાડતા નૃત્યકારનો પગ કેટલો ઊંચો થાય છે તેનો ખ્યાલ આપ્યો છે.

બંને ઘંટીની ખીલ માંકડીપેઠે ગોઠવાયાથી ત્યાં ખીલ-સાંધો (pivot joint) બનેલો છે. આ બધા સાંધાઓનું હલનચલન મર્યાદિત રહે છે. પણ બધી બાજુએ છૂટથી ફરી શકે એવા સાંધા તો બે જ છે: એક ખભાનો અને બીજો પગના થાપાનો. એની રચના બૉલ ઍન્ડ સૉકેટ જોઈન્ટ (ball and sockot joint)ની છે, જેમાં એક હાડકાનો ગોળ છેડો બીજા હાડકાના વાડકા જેવા ગોળ ખાડામા ટેકાઈ રહીને ચોમેર ફરી શકે છે. (સામેનું ચિત્ર)

બધી બાજુએ છૂટથી અને ગોળ ગોળ ફરતા આ સાંધાનું રક્ષણ કરતી તથા તેને મજબૂતાઈ આપતી ત્યાંની માંસપેશીઓ પણ સશક્ત અને મોટી છે. આમાં મોટામાં મોટી માંસપેશીઓ 'લૅટિસિમસ ડૉરસી' નામની છે. તેનું મૂળ પીઠના નીચલા છ મણકા, કેડના મણકા, ત્રિકાસ્થિ ને થાપાનાં હાડકાંની ધાર સુધી લંબાએલું છે. પંખાના આકારની ને પહોળી આ માંસપેશીનો બંધ ભુજાસ્થિમાં આવેલો છે. તે સંકોચાય છે ત્યારે હાથ પાછળ ને નીચો ખેંચાય છે. બે હાથ વડે કોઈ ઝાડની ડાળી પકડી લટકતી વ્યક્તિ પોતાના શરીરનું વજન ઉચકી ઊંચી થાય છે તે આ અને છાતી ઉપર આવેલી ઉર:પ્રચ્છદા ગુર્વી (Pectoralis Major) નામની માંસપેશીના એકત્ર બળથી (લેખના મથાળાનું ચિત્ર)



ખભાની આવી જ બીજી સશક્ત ને પુષ્ટ માંસપેશી ત્રિકોણિક (deltoid) છે. હાથના ઉપલા ભાગમાં આવેલી આ માંસપેશી અતુલ શક્તિશાળી છે. એના સંકોચનથી હાથ ઊંચો થાય છે. કસરતથી કસાએલા શરીરમાં તે સુદૃઢ, ઘાટીલી અને ઉપસેલી હોય છે. આ અને એની નીચે આવેલી દ્વિશિરમાંસપેશીના ઘાટ ઉપરથી વ્યક્તિના દેહમાં માંસપેશીઓના વિકાસનો ખ્યાલ સહજ આવે છે. લોખંડ જેવી મજબૂત અને સખત દેખાતી વિકાસ પામેલી આ માંસપેશી (ઉપલું ચિત્ર) ધરાવનાર એટલો તો શક્તિશાળી હોય છે કે એના હાથનો એક ઘા માર ખાનારના દાંત ખેરવી પાડે તો નવાઈ નહિ.

આમ, હાથનો ઉપલો ભાગ શક્તિ માટે યોગ્ય નીવડ્યો છે, તો અટપટી રચનાવાળો છતાં નાજુક નીચલો હાથ ચપળતાભરી અને વિવિધ દિશાની ગતિ માટે પાવરધો છે. હાથની પાંચ આંગળીઓ અને તેમાં યે છૂટથી હાલતો અંગૂઠો એ માનવદેહનું એક આગળપડતું અને ખાસ લક્ષણ છે. આના પ્રતાપે જ એ બધાં પ્રાણીઓમાં અગ્રસ્થાને આવ્યો છે અને સર્વોપરી બન્યો છે.

યુગોના કાળાન્તરે, દરેક જાતનાં પ્રાણીઓના જીવનવિકાસના ક્રમમાં તેના પલટાતા જતા જીવનને અનુકૂળ નીવડે એવા વિશિષ્ટ ફેરફાર એમના હાથોમાં (આગલાં અંગોમાં) થયા જ કર્યાં છે. ઘોડાની હાથપગની પાંચ આંગળીઓમાંથી ચાર આંગળીઓ અદૃશ્ય થઇને ફક્ત વચલી આંગળી જ બાકી રહી છે અને એ આંગળી ઉપરનો નખ આજે ખરી (ડાબલા)ના રૂપમાં પરિણમ્યો છે. ભુંડની ત્રણ આંગળીઓ નાશ પામી છે, તો કોક પ્રાણીઓની બે આંગળીઓ દૂર થઈ છે, જ્યારે પક્ષીઓની દોઢ આંગળી અદૃશ્ય થઇ છે. અને બાકીની સાડા ત્રણ આંગળીઓ પાંખોની બનાવટમાં ફેરવાઈ ગઈ છે.

પણ માનવની તો પાંચે પાંચ આંગળીઓ કાયમ રહી છે; કારણ કે એ બધી યે એને એના પૂર્વજીવનથી તે આજ સુધી એકસરખી ઉપયોગી જ રહેતી આવી છે. પશુની માફક ચાર પગે ચાલતો માનવી બે-પગો થયો અને એના હાથ જ્યારે ચાલવા-ચડવાની ક્રિયામાંથી છૂટા થયા ત્યારે તે વસ્તુઓને અડકવા, ઊંચકવા અને ફેરવીને જોવા તથા તેના ટુકડા કરવાના કામમાં વપરાવા લાગ્યા. આમાંથી માનવીને ખાસ પ્રાપ્તિ થઇ હોય તો તે અંગૂઠાની કાટખૂણા પડતી ગોઠવણીની. અંગૂઠો બીજી આંગળીઓથી છૂટો પડી એવા સ્થાને ગોઠવાયો છે કે તે દરેક આંગળીના સીધા સંબંધમાં આવી શકે છે. મૂઠી વાળતાં દરેક આંગળી અંગૂઠાને અડકે છે.


આ હકીકત માનવીના (અને વાંદરાના પણ) હાથનું ખાસ લક્ષણ છે. અંગૂઠો આંગળીઓની સામે આવતો હોવાથી વસ્તુને બરાબર રીતે અને ચપસીને પકડી શકાય છે. આંગળીઓ વડે થતી દરેક ક્રિયામાં અંગૂઠાની અત્યંત ઉપયોગિતા રહેલી છે. એના વિના કોઇ પણ કામ સારી રીતે, ચોક્કસાઈથી અને સરળતાથી થઇ શકતું નથી. આ હકીકતનો ખરો ખ્યાલ તો એ ટચૂકડો અંગૂઠો ન હોય ત્યારે જ આવે એમ છે. આથી જ અર્જુનને સર્વશ્રેષ્ઠ ધનુર્ધર બનાવવા માટે હરીફ ભીલકુમાર એકલવ્ય પાસેથી ગુરુ દ્રોણાચાર્યે ગુરુદક્ષિણામાં માગ્યું કે દક્ષિણાઙ્ગુષ્ઠો દીયતામ્ (જમણા હાથનો અંગૂઠો આપ).

અંગૂઠાના જેટલું જ મહત્ત્વ કાંડાનું પણ છે. કાંડું વળતું હોવાથી હથેલી ઊંધી-ચતી થઈ શકે છે. આ ક્રિયા કરવામાં કોણીમાંથી કે ખભામાંથી આખો હાથ હલાવવો નથી પડતો, પણ ફક્ત કાંડું જ

હાલે છે. હથેલી ઊંધી કરતી વખતે નીચલા હાથમાં સાથોસાથ આવેલાં બે હાડકાંમાંથી બહારના હાડકા (Radius) હસ્તાસ્થિનો નીચલો ભાગ અંદરના હાડકા (Ulna) ઉપર ગોળ ફરી આડો પડે છે. સાધારણ રીતે આપણા ખ્યાલમાં પણ ન આવે એવી આ ગતિ, ચોપડીનાં પાનાં ફેરવતી વખતે, તાળું ઉઘાડતી વખતે, બાટલીનો પેચવાળો દાટો ખોલતી વખતે અને આવાં કામો કરતી વખતે થાય છે. કાંડાની વળાંક લેતી કોઇ ક્રિયામાં કોણીના સાંધા આગળ હસ્તાસ્થિ ખીલ–સાંધાની જેમ ફરે છે. કોણીનો સાંધો મિજાગરા–સાંધો હોવા છતાંયે સાથોસાથ ખીલ–સાંધો પણ છે. આ ઉપરાંત કાંડાનાં હાડકાં એકલા હસ્તાસ્થિ સાથે જ ખૂબીથી જોડાએલાં હોવાની અજબ કરામતને લીધે હાથ-હથેલીનું વિવિધ પ્રકારનું હલનચલન થાય છે.

આ રીતે વળતું કાંડું (એટલે કે હાથની શક્તિ) અને પોતાની બુદ્ધિશક્તિ, આ બે વિશિષ્ટ શક્તિઓના પ્રતાપે જ માનવીએ કુદરત ઉપર અદ્‌ભુત વિજય મેળવ્યો છે. બળને સંગઠિત કરવા, તેનો ઉપયોગ કરવા કે તેનું રૂપાંતર કરવા એણે યંત્રો બનાવ્યાં છે; એના જ આધારે કુદરતની શક્તિઓને નાથીને તેણે ઉપયોગમાં લીધી છે. બીજાં પ્રાણીઓ ચાંચ, નખ, દાંત, પાંખ, પૂંછડી અને શીંગડાં વતી જે ક્રિયાઓ કરે તે કરવા માનવીએ અનેકાનેક સાધનો બનાવ્યાં છે. ટ્રેઈન, મોટરો અને આગબોટો બનાવી ઝડપી વાહન-વ્યવહારનો પ્રશ્ન ઉકેલ્યો છે; પંખીઓનું ઉડ્ડયન જોઇ પવનવેગે ઊડતાં વાયુયાનો બનાવ્યાં છે; જ્ઞાનનો ફેલાવો કરવા અને તેને શાશ્વત રાખવા શાહી, કાગળ, કલમ અને છાપવાનાં યંત્રો અસ્તિત્વમાં આણ્યાં છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ અને દૂરમાં દૂરની વસ્તુઓ નિહાળવા સૂક્ષ્મદર્શક યંત્ર (માઇક્રોસ્કોપ) અને દૂરદર્શી ટેલિસ્કોપ બનાવ્યાં છે.

સિંહના નહોર, ભમરીનો ડંખ, શાહમૃગની દોડવાની ઝડપ, લક્કડફોડાની હથોડા જેવી ચાંચ, શાહુડીનાં અણીદાર પીંછાં, આવી આવી પ્રાણીઓનાં શરીરના અમુક અમુક અંગોની વિશિષ્ટ રચનાઓ એમનાં જીવનને સુરક્ષિત રાખવા માટે થએલી છે. પરંતુ પ્રાણીઓના શરીર-રચનાની આવી વિશિષ્ટતાઓ છતાં એમનાં જીવન મર્યાદિત છે. જે સંજોગો-માં તેઓ મુકાયાં હોય એમાં એમને નિભાવી લેવું પડે છે. જ્યારે માનવી માટે હકીકત જુદી છે. તે પોતાની ઇચ્છા ને મરજી અનુસાર નવી દુનિયા સરજે છે. આ બધું એના હાથની અદ્વિતીય શક્તિઓના પ્રતાપે છે.



અને શરીરના આવા ઉત્તમ અંગ-ની રચના પણ કેવી કારીગરીભરેલી છે! ખભાથી તે કોણીસુધી એક હાડકું છે. એની નીચે બે હાડકાં આવેલાં છે. પછી કાંડાની બનાવટમાં ચાર-ચાર હાડકાંની બે હાર આવેલી છે. નાનાં-નાનાં હાડકાંની આ વધારે સંખ્યા ને સંયુક્ત ગોઠવણી કાંડાને વાળ્યું વળાય એવું મૃદુ તથા અનેક પ્રકારની ગતિ માટે કાર્યક્ષમ બનાવે છે. કાંડાની આગળ હથેલીમાં પાંચ હાડકાં, ને દરેક આંગળીમાં ત્રણ હાડકાં તેમજ બે સાંધા આવેલાં છે, જ્યારે અંગૂઠામાં ફક્ત બે હાડકાં અને એક જ સાંધો છે. આમ, હાથની રચનામાં સળંગ એક હાડકું નથી પણ વિવિધ રીતે હાલતા ૧૭ સાંધાનાં નાનાંમોટાં મળી કુલ ૩૦ હાડકાં છે. એની શરૂ-આત એક હાડકાથી થઇ, દરેક સાંધા આગળ લગભગ બમણી સંખ્યા-માં વધી, છેવટે પાંચ છૂટી આંગળીઓવાળો જે હાથ બને છે, એની આ રચના કુદરતે ખાસ હેતુપુરઃસરની અને યુક્તિભરી યોજી છે.

હાડકાંની આવી વિશિષ્ટ રચનાવાળા હાથમાં માંસપેશીઓ અને સ્નાયુબંધનો પણ એવી ખૂબીથી ગોઠવાએલાં છે કે જે તેના દરેક સાંધાના હલનચલન માટે ઉપયોગી નીવડે છે. એ ન હોય તો હલન-ચલન શક્ય જ ન બને. આખા હાથમાં આવેલી ૩૯ માંસપેશીઓ-માંથી લગભગ અરધી—નાનીનાની વીસ તો ફક્ત હથેલીમાં જ આવેલી છે! આમાંની પાંચ અંગૂઠાના મૂળ આગળના 'ટેકરા'માં સમાએલી છે અને ચાર સામી બાજુએ આવેલી છે; જ્યારે બાકીની હથેલીની મધ્યમાં ગોઠવાએલી છે.

આ માંસપેશીઓમાં અને ચામડી ઉપર પણ ભરપટ્ટે જ્ઞાનતંતુઓ પથરાએલા છે. તેમાંયે આંગળીઓના ટેરવા ઉપર જ્ઞાનતંતુઓના છેડા જે સ્પર્શ–ગોલકો રૂપે આવેલા છે તે તો અત્યંત નાજુક અને સૂક્ષ્મતમ શક્તિઓવાળા છે. કોઇ પણ વસ્તુનો સહેજ પણ સ્પર્શ થતાં જ તે દ્વારા આપણને તરત જ્ઞાન થાય છે. આવા બીજાં જ્ઞાનતંતુઓ શરીરમાં બીજા કોઈ પણ ઠેકાણે હોય તો તે ફક્ત જીભના ટેરવા ઉપર. આંગળીઓનાં ટેરવાં પર તો જાણે આંખો ન ગોઠવાઇ હોય તેમ જ્યાં આપણી નજર પણ ના પડે તેવા ભાગો ઉપર તે અડકાવાથી આપ-ણને જ્ઞાન પ્રાપ્ત થાય છે. આનું શ્રેષ્ઠ ઉદાહરણ માત્ર આંગળીઓ જ દ્વારા વસ્તુઓ પારખતા અંધો છે. અને એ સ્પર્શજન્ય જ્ઞાન દ્વારા તો તેઓ વિદ્યા મેળવે છે: 'વાંચતાં' અને લખતાં શીખે છે! આમ, આંખોની જેમ આંગળીઓ પણ જ્ઞાનપ્રાપ્તિનું એક અમૂલ્ય સાધન છે. તે દ્વારા આપણને કેટલું યે જ્ઞાન થતું રહે છે. વળી આંખ દ્વારા જોએલું-શીખેલું જ્ઞાન હાથ વડે અમલમાં મુકાય છે. રમતમાં હાથ અને આંખોનો એકીસાથે ઉપયોગ કરનાર કેવી અજબ કાબેલિયત, ચપળતા ને ચોકસાઇ દર્શાવે છે! આમ, હાથ પણ મગજ કેળવવાનું એક કુદરતી અંગ હોઇ આંખ સાથે એનો પણ વિવેકપૂર્વકનો ઉપયોગ થવો જોઇએ. આજના શિક્ષણશાસ્ત્રીઓ પણ આ બાબત સ્વીકારતા હોઇ બાળકના શિક્ષણની શરૂઆત પુસ્તકથી નહિ પણ રમતગમત દ્વારા આંગળીઓના વપરાશથી કરવાની પદ્ધતિથી (કિન્ડરગાર્ટન વગેરેથી) હવે કરવામાં આવે છે.

આપણા હાથ આમ છૂટથી હાલે છે; પણ પગ તો ઊભા રહેવા અને ચાલવા માટે જ યોજાએલા હોવાથી એના સાંધાની બનાવટમાં વળી જુદા જ ફેરફારો થયા છે. સાથળના જંઘાસ્થિનો ગોળ છેડો થાપાના હાડકાના ગોળ ખાડામાં ઊંડો અને સજ્જડ રીતે ગોઠવા-એલો છે. વળી તે એવા કાટખૂણા પડતો ગોઠવાએલો છે કે અધમણ વજનનો આપણો પગ પણ પીંછા જેટલો હલકો હોય એમ વજન આવ્યા વિના રહી શકે છે. થાપાના હાડકાની ધાર અને જંઘાસ્થિને જોડતો એક મજબૂત અસ્થિબંધનનો બંધ છે. જ્યારે આપણે સીધા ઊભીએ છીએ ત્યારે આ બંધને લીધે બસ્તિપ્રદેશ પાછળ ઢળી પડતો નથી અને જંઘાસ્થિ પણ પાછળ ખેંચાઇ જતું નથી. જો આ બંધ ત્યાં ન હોત તો આપણે બરાબર સીધા ઊભા રહી ન શકત. સીધા ઊભા રહેતી વખતે પૂંઠની બે પુષ્ટ અને વિશાળ માંસપેશીઓ (Gluteus Maximus ને Gluteus Minimus) સંકોચાય છે. આખા શરીર-માં સખત કામગીરી ઉપાડનારી ખભાની માંસપેશીઓની જેવી જ

મહત્ત્વની આ બે માંસપેશીઓ છે, અને તે એટલી જ સારી વિકાસ પામેલી હોય છે. ડાક્તરો જે માંસપેશીઓમાં ઈન્જેક્શન આપે છે તે પણ આ બેમાં જ.

સાઈકલ ઉપર બેઠક જમાવતી વખતે આપણો પગ જમીન ઉપરથી ઘૂમરડી ખાઇને કેટલો બધો ઊંચો થાય છે! આ પ્રકારની ગતિ કરવાની શક્તિનો જિંદગીમાં ઉપયોગ તો છે જ. આ શક્તિ આપણી પશુ અવસ્થાનું—દોડવાના ઝાડની ડાળીઓમાં કૂદવાના, ને ગુલાંટ મારવાનાં લક્ષણોનું પ્રતીક લેખાય છે. જો આપણે ઘોડા જેવી ત્વરિત ચાલવાળાં જાનવરમાંથી ઊતરી આવ્યા હોતતો આપણા પગ જાંઘ આગળથી આટલા બધા પહોળા ન થતા હોત.



પણ ઊભવા, ચાલવા ને દોડવા માટે ખરો ઉપયોગી નીવડતો સાંધો તો ઘૂંટણનો છે. શરીરના બધા સાંધાઓમાં કોણીનો સાંધો જેમ કામકાજ માટે વાળ્યો વળી શકે એવો ને હલનચલનની છૂટવાળો અજાયબ કરામત ભરેલો છે, તેમ આ ઘૂંટણનો સાંધો આખા શરીરમાં મજબૂતમાં મજબૂત છે. વળી ઘૂંટણના આ સાંધા ઉપર આવેલી દસ માંસપેશીઓ પણ શરીરમાં લાંબામાં લાંબી ને મજબૂતમાં મજબૂત છે, જે ઉચ્ચાલનનું, આધારબિંદુનું, વજન ઉપાડવાનું, ને શક્તિનું, બધાં જ વિવિધ કાર્યો એકીસાથે ઉપાડે છે

ચાલવામાં ઉપયોગી થતી મુખ્ય માંસપેશીઓ પગની પિંડીમાં આવેલી છે. એનાં સ્નાયુબંધનો પગની કમાન ઉપર પથરાએલાં છે. આ સ્નાયુબંધનો, અને મજબૂત છતાં સ્થિતિસ્થાપક અસ્થિબંધનો, તથા ઊભા રહીએ છીએ ત્યારે ઊછળીને કામમાં જોડાતી નાની માંસપેશીઓ, એ બધાં મળીને આપણા પગની કમાનને જાળવે છે, આપણા આખા શરીરનો ભાર ઉપાડે છે અને ચાલતી વખતે લાગતા આઘાતોને શમાવી લે છે.

પગના તળિયામાં એક બીજી પણ નાની કમાન આવેલી છે. તે અંગૂઠાના હાડકાના તળિયાથી શરૂ થઈ નાની આંગળીના હાડકાના તળિયા સુધીની છે. એ બેની વચમાં પગની આંગળીનાં ત્રણ હાડકાં આવેલાં છે. ઊંચી એડીવાળાં બૂટ પહેરવાથી આ આડી કમાન તૂટી પડે છે. ખરીરીતે પગ તો ચાલવાનું સાધન છે. તે કાંઇ સતત ઊભા રહેવા માટે નથી સરજાએલા. એક સ્થળે લાંબો વખત સુધી ઊભવાથી પગની કમાનને ટેકવતી માંસપેશીઓ થાકી જાય છે. ત થાક અસ્થિબંધનો ઉપર આવી પડે છે. અસ્થિબંધનો માત્ર થોડા અંશે સ્થિતિસ્થાપક છે. તે કાંઈ માંસપેશીઓની પેઠે લાંબાંટૂંકાં થઇ શકતાં નથી. આથી એમના ઉપર કાયમનું દબાણ આવતાં તે એક વખત લાંબાં થયા બાદ ટૂંકાં થતાં નથી. પોલીસ અને નર્સો જેવાં કામ કરનારને લાંબા વખત સુધી ઊભવાનું હોવાથી એમનાં પાદતલનાં અસ્થિબંધનો ઢીલાં પડી જવાથી પ્રથમ તેમની આડી કમાન અને પછી લાંબી કમાન તૂટી પડે છે અને પરિણામે પગનાં તળિયાં સપાટ બને છે. આ પછી ચાલવાનું અઘરું અને ઊભા રહેવાનું વેદનામય બને છે.

બીજાં પ્રાણીઓ કરતાં માનવીની વિશિષ્ટતા બે પગ ઉપર ટટ્ટાર ઊભા રહેવામાં, ચાલવામાં અને સાથોસાથ છુટ્ટા રહેતા બંને હાથ બીજા ઉપયોગમાં લેવામાં છે. પક્ષીઓ પણ બે-પગાં તો છે જ, પણ પાંખમાં પરિણમેલા તેમના આગલા અવયવો તો કેવળ ગતિ માટે જ ઉપયોગમાં લેવાય છે. આપણા હાથ જે કાર્યો કરે છે તે પ્રાણીઓમાં જડબાં દ્વારા થાય છે. એટલે એમનામાં તે ખૂબ મોટાં અને વિકસેલાં હોય છે. માનવીમાં કામ હાથ દ્વારા થતાં હોવાથી તેનાં જડબાનું કદ ઘટ્યું અને મગજ મોટું થયું. માનવી ટટ્ટાર થયો અને એની ડોકની હીલચાલ વધારે છૂટથી થવાથી ગળામાં અવાજની પેટીનો વિકાસ થયો. પક્ષીઓનો ખીલેલો કંઠ પણ આ હકીકતને આભારી છે. હાથ દ્વારા થતાં કામોનું વિશાળ ક્ષેત્ર અને મગજ દ્વારા વિચાર કરવાની અજબ શક્તિ, આ બેના પ્રતાપે માનવીમાં એક નવું તત્ત્વ ઉમેરાયું: વાચા ફૂટી. માનવી બોલતો થયા બાદ બોલવાથી થતા મોંના હલનચલનને લીધે એના નીચલા જડબામાં એવા ફેરફારો થતા ગયા કે ત્યાં હડપચી બની. બીજા કોઇ પ્રાણીને (અને આદિ માનવને પણ) આ હડપચી નથી હોતી. એ તો કેવળ બોલતા માનવીનું જ ખાસ લક્ષણ બન્યું છે. માનવીનું ટટ્ટાર થવું, તેના હાથનો વપરાશ, વિચાર કરવાની તેની શક્તિ ને તેની વાચા, આ ચાર બાબતોએ માનવકુલની પ્રગતિ અને વિકાસ સાધ્યાં છે.

ચો-પગા મટી, બે-પગા થઈ, શરીર ટટ્ટાર થવાના પરિણામે જ્યાં સુધી આપણે જાગૃત અને કામમાં રહીએ છીએ ત્યાં સુધી આપણી ડોક સીધી અને ટટ્ટાર રહે છે તથા આંખો ખુલ્લી રહે છે. માથાના ભારને લીધે આગળ ઝૂકી પડતી ગરદનને આમ ટટ્ટાર રાખનાર ગરદનની મજબૂત ને સશક્ત માંસપેશીઓ છે. આવી જ રીતે પાંપણોની ટચુકડી ત્રણ માંસપેશીઓ પાંપણોને ઉઘાડી રાખે છે. ચોપગાં પ્રાણીઓમાં નીચલું જડબું કુદરતીરીતે લબડતું રહે છે; પણ આપણું માથું સીધું રહેતું હોવાથી એ નીચલા જડબાને લબડી પડતું અટકાવી ઉપલા જડબા સરસું પકડી રાખનાર ગાલની સશક્ત માંસપેશીઓ છે, જે વળી ચાવવાના કામમાં પણ અગત્યનો ભાગ ભજવે છે.

પગનાં હાડકાં રૂપી થાંભલાના ટેકે આપણે જે ઊભીએ છીએ અને ચાલીએ છીએ એ પણ ખૂબીની વાત છે. આપણને આજે તો આની નવાઈ નથી લાગતી કારણ કે તે આપણે શીખ્યા છીએ; પણ બાળપણમાં તે શીખતાં આપણને કંઇ ઓછી મહેનત અને મુશીબત નથી પડતી! નાનું બાળક ઊભું થવામાં જે પ્રયાસો કરે છે અને પાછું પડે છે એ આપણી જાણીતી બીના છે. ચાલવામાં પણ આપણી આદિ પશુઅવસ્થાના સંસ્કારો કાયમ રહેલા છે. ચાલતી વખતે આપણો પગ ઉપડતાંની સાથે જ બીજી બાજુનો હાથ પણ હાલતો હોય છે એ તો સૌ જાણતા હશે. અવલોકન કરતાં જણાશે કે પ્રાણીઓમાં પણ ચાલતી વખતે આવી જ રીતે સામસામા પગ ઊપડતા હોય છે.

હાડકાંના ટુકડાઓ એકઠા મળી બનેલા હાડપિંજરને ઊભું રાખવામા સતત સમતુલા જાળવવી પડે છે એક પગથી બીજા પગ ઉપર શરીરનો ભાર ને સાંધાઓ ઉપરનું દબાણ બદલતા રહી અને 'મસલ-સેન્સ' દ્વારા આપણી સ્થિતિનો સતત ખ્યાલ રાખતા રહી આપણે સીધા ઊભા રહી શકીએ છીએ પ્રાણીઓને ઊભા રહેવામાં ઝાઝું જોર નથી પડતું. ચાર પગ ઉપર એમના શરીરનું બધું વજન વહેંચાઇ જાય છે. તે તો ઊભાંઊભાં આરામ લઈ શકે છે ને ઊંઘી પણ જાય છે. પણ આપણે ઊભીએ છીએ ત્યારે માંસપેશીઓની કામગીરી ચાલુ રહે છે. તેમના ઉપર પડતા દબાણની ઘણી જ ધીમી વધઘટની ફેરફારી થતી રહે છે. આથી ચાલવા કરતાં ઊભવાથી થાક જલદી લાગે છે.

શરીરના બીજા કોઇપણ ભાગો કરતાં આપણાં (અનુ. પૃ. ૨૩૪)

મનોમંથન

કાકાસાહેબ કાલેલકરના
તરુણ કાળનાં સંસ્મરણોની ('સ્મરણયાત્રા'ના અનુગામી) લેખમાળા



૬
મિત્રની મૂંઝવણ

પરચુરેની અને મારી દોસ્તી લાંબો વખત ટકી. અમે બે-ત્રણ વાર લડચા ખરા, પણ તેટલી જ વાર સ્હેજે તડ પણ સંધાયાં. અમારા બંનેના સ્વભાવમાં બહુ જ ઓછું સામ્ય હતું, છતાં એકબીજા પ્રત્યે કંઈક આકર્ષણ પણ હતું. ક્લબમાં જમતી વખતે અમારી વાતો ઘણીવાર અંગ્રેજીમાં જ ચાલે. વાતોમાં એ વખતે મને એવો શૉખ લાગેલો કે વીણીવીણીને મોટામોટા જાડા અંગ્રેજી શબ્દો હું વાપરતો. તેથી પરચુરે મને જૉનસન કહેતો. એને ખબર ન હતી કે મને પસંદ તો હતી સાદી અંગ્રેજી, પણ કેવળ વિનોદને ખાતર જ મોટા શબ્દો વાપરતો હતો. એક વખતે સત્રાંત પરીક્ષામાં અમારા પ્રોફેસરે મારા પેપરનાં વિશેષ વખાણ કર્યાં. પરચુરેને આશ્ચર્ય થયું. એ મારાં પેપર લઈ ગયો. એમાં એકે મોટો શબ્દ ન મળે; અટપટા વાકયપ્રકાર (idioms) પણ ન મળે ! પરચુરે મારા પર ચિડાયો: 'તમે મને છેતર્યો—એક આખું સત્ર છેતર્યો. તમે લખો છો એ શૈલી જુદી અને ક્લબમાં બોલો છો એ જુદું. આ છેતરામણનું વેર કઈ રીતે વાળું ?' મેં હસતાંહસતાં જવાબ આપ્યો, 'મને વધારે ઓળખીને !'

તે દિવસથી અમે મિત્રો થયા. પરચુરે પાસે કહેવા જેવી નાનપણની વાતો ઘણી હતી. પણ સ્મરણશક્તિ કરતાં કલ્પનાશક્તિ એની પાસે વધારે હોવાથી એક જ પ્રસંગ જેટલીવાર કહે તેટલીવાર નવા-નવા પાઠાંતરો એમાં મળી આવતા. મને એ પાઠાંતરો શોધી કાઢી બતાવવામાં રસ આવતો. તેથી અમારું સરસ જામતું. ઘણીવાર અમે સવારે ચાર વાગ્યે ઊઠી, નહાઈ ધોઈ ફરવા જતા તે નવેક વાગ્યે આવતા. ફરગ્યુસન કૉલેજની આસપાસની ટેકરીઓ પર ખૂબ ફર્યા હોઈએ, ઠંડો પવન ખાધો હોય, સરસ ભૂખ લાગી હોય, એટલે જ્યારે પાછા આવીએ ત્યારે અમારા બંનેનાં મોં એવાં તો રાતાંચોળ અને મોતીનાં ટીપાંવાળાં થઈ જતાં કે એ જોવાની અમને મઝા પડતી.

તે વરસે મને મેડા ઉપર ખૂણા પરની પહેલી ઓરડી મળી. પરચુરેએ એની જ નીચેની ઓરડી પસંદ કરી. આ સગવડ થવાથી અમે ઘણીવાર મળી શકતા. પરચુરેને ચીડવવો હોય ત્યારે મારી ઓરડીની લાકડા-જમીન પર હું મારાં ડંબેલ્સ ગબડાવતો. એ અવાજથી એના વાચનમાં ખલેલ પડતી ને એ ચિડાઈને લડવા ઉપર આવતો.

એક દિવસ આવા કશા તોફાન વગર જ પરચુરે મારી ઓરડીમાં આવ્યો અને કહે, 'કાલેલકર, આ ભારે ત્રાસ છે. એ સહન નથી થતો. હું તો પ્રિન્સિપલ પાસે જઈ ફરિયાદ કરવાનો છું. આનો ઇલાજ થવો જ જોઈએ.' હું કશું સમજી ન શક્યો. મેં પૂછ્યું, 'પણ થયું છે શું ?'

'કેટલાક મામાઓ મારી બારી તળે પેશાબ કરવા બેસે છે. દૂર જતાં એમને શું થતું હશે ? કેટલી દુર્ગંધ !'

અમારા વખતમાં છાત્રાલયમાં 'મામા' શબ્દ સૌમ્ય ગાળ તરીકે વપરાતો. મેં એને કહ્યું, 'આમ 'પીવીશ' થા મા. પ્રિન્સિપલ એમાં શું કરશે ? કોઈ આળસુ કે ડરપોક મધરાતે ઊઠતો હશે. દૂર જવાની હિંમત કે દાનત નહિ હોય એટલે બારી તળે બેસી જતો હશે. હું ધારું છું કે ગુનેગાર ઘણા નહિ હોય; એક જ માણસ હોવો જોઇએ.'

'પણ એનો ઇલાજ શો ? એક હોય કે અનેક, દુર્ગંધ કંઈ ઓછી થાય છે ?' મેં કહ્યું, 'વત્સ, બીશ મા. गतं भयं भीरु सुरारिसंभवम् !'

ત્રસ્ત થએલા પરચુરેને આના પર ચિડાવાનું સૂઝે એમ ન હતું ! મેં મનમાં વિચાર કર્યો કે પરચુરેના દુઃખની ઉપેક્ષા કરીશ તો થોડા દિવસમાં એ દુર્ગંધ ઉપર મારી ઓરડી સુધી આવવાની. આજે જ એનો ઇલાજ થવો જોઇએ. તે દિવસોમાં ચોપડીમાં નિશાન કરવા માટે હું જાંબુડા રંગની કૉપીઈંગ-ઈંક પેન્સિલ વાપરતો. એ ભાંગીને એમાંથી બેત્રણ ઈંચના કકડાનો ભૂકો કર્યો, મારા દૂધ પીવાના ગ્લાસમાં એની સરસ જાંબુડી શાહી બનાવી, અને રાત્રે જાગતો બેઠો.

અગિયારેક વાગ્યા હશે. બહાર નીકળેલા માણસના પગરવ સંભળાયા. નીરવ રાત્રીમાં જરા પણ અવાજ થાય તો તે સંભળાયા વિના રહેતો નથી. મેં અનુમાન કર્યું કે બહાર નીકળેલો માણસ બરાબર અમારી બારી તળે જ પેશાબ કરવા બેઠો છે. મેં મારો ગ્લાસ ઉપાડ્યો અને બારીમાંથી શત્રુ પર શસ્ત્ર આબાદ ફેંક્યું ! બેઠેલો માણસ ચટ દઇને ઊભો થયો અને ઉતાવળે અંદર આવીને કયાંક અલોપ થયો. એ કોણ છે ને કયાં ગયો એ જોવા મારી ઓરડીમાંથી હું બહાર નીકળું ને નીચે આવું એ પહેલાં એ અંધારામાં અદૃશ્ય થયો.

બીજે દિવસે મેં પરચુરેને કહ્યું, 'તારું દુઃખનિવારણ થયું સમજજે.'

'પણ કઇ રીતે ?'

'હું રાત્રે પ્રિન્સિપલ પાસે ફરિયાદ કરવા ગયો. પ્રિન્સિપલે એ માણસને શોધી કાઢ્યો અને એને સજા કરી. એણે કબૂલ કર્યું કે ફરી આવું નહિ કરું.'

'જાઓ જાઓ, મશ્કરી કરો મા. તમને નીચેની ઓરડી મળી હોત તો ખબર પડત.'

'ત્યારે, તે વગર કંઈ મેં ઈલાજ કર્યો હશે ?'

મેં એને મારી યુક્તિ સંભળાવી. એની ટાઢકનો તો પાર નહોતો. તે દિવસે તેણે છાત્રાલયમાં બધે ફરીને કોના પહેરણ પર જાંબુડા રંગના ડાઘા છે એ જોવાનો પ્રયત્ન કર્યો. પણ ચોર પાકો નીવડ્યો. એણે પહેરણ સંતાડી રાખ્યું હોવું જોઇએ.

પરચુરે કહે, 'રાત્રે જ્યાં પેશાબ થએલો એની આસપાસ જાંબુડા રંગના છાંટા દેખાય છે અને મુખ્ય ડાઘો જમીન પર પડ્યો નથી, એટલે શસ્ત્ર બરાબર વાગ્યું છે. પણ ચોર અલીબાબાની મારજીનાનો શિષ્ય દેખાય છે. એ હાથ નહિ આવે.'

મેં કહ્યું, 'ચોર ભલે હાથ ન આવે, પણ ફરી એ ત્યાં નહિ બેસે એટલું તો ચોક્કસ. આપણને એથી વધુ શું જોઇએ ? આપણે જાણીએ છીએ, અને એ પણ મનમાં જાણતો હોવો જોઇએ.'

પરચુરેને ફરી ત્રાસ થયો નહિ. (ચાલુ)

આપણું મગજ હોજરી જેવું છે. એ બંને ખોરાક બદલવાથી સારું કામ આપે છે. ખોરાકમાં વિવિધતા આણવાથી બંનેની ભૂખ સતેજ થાય છે.



ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

કોઇએ ટકોર કરી કે આ નાટક-ચેટકમાં રોટલાનું શું? બાપને હવે ત્રણચાર વરસમાં પંચાવન થશે. પછી તમે કંઈ કમાશો કે બસ, અહીંથી તહીં, ને તહીંથી અહીં : આ બહેન ને ફલાણા ભાઇ? રેલવેમાં બાપુજીની નોકરી છે, એટલે મિસ્ટર ટિકિટ તો લેતા નથી; અને કદીક લ્યો છો ત્યારે થર્ડની અને ચડી બેસો છો 'સેકિન'માં! એ તો ઠીક છે કે બધા ઓળખે છે, અને બાપની આબરૂ સારી છે; પણ એ તો દી' સારો છે ત્યાં સુધી. અને એ બધું તો ઠીક, પણ ખુદ ચીમનલાલને જ આ ક્યાં પસંદ છે?

થીએટર પાછળ મંડ્યા રહ્યા હોત તો નામ થાત, અને એમાં ખાસ્સો ઘીગોળભર્યો રોટલો યે મળત. પણ આ તો ન રહ્યા ઘરના કે નહિ ઘાટના. વખત કંઇ કોઇને માટે થોભ્યો છે? તેમાં વળી જુવાની!

ઉપરાંત મને કે કમને ઘરમાં વહુ લાવીને બેઠા છો. પચ્ચીસ વર્ષે પરણ્યા ત્યારે દૂધ પીતા નહોતા. વિવાહ ભલે બહુ વહેલો કાચો હતો, પણ પરણતી વખતે મનોબલ ક્યાં ગીરો મૂક્યું હતું? હવે બહાનાં રહેવા દો અને માથે પડેલી ભોગવો. યાદ છે? નાના હતા ત્યારે, વડોદરાથી સુરત માબાપે અનેક આશાઓ સેવી ભણવા મોકલ્યા તે વખતે ભાવિક ને મમતાળુ માએ, એ ગરીબીમાં પણ 'સસ્તા સાહિત્ય'માંથી બે પુસ્તકો 'ખાસ દરરોજ વાંચીને મનન કરવા માટે ચિ. પુત્રને' એવું પોતાને સુંદર અક્ષરે લખીને હાથોહાથ આપ્યાં હતાં? એમાંનું એક હતું ગીતા. કેટલી વાર વાંચ્યું? માથે પડેલી ફરજનો વિચાર કર્યો હતો કે?

અને 'ઘર' કહો છો, તે કોના ઘરમાં વહુ આણી? ઘર તો માંડો ત્યારે ખરા. લાડવો ખાવાનો નથી. માબાપને ત્યાં વહુ રહેવા આવી એમાં તમે શી ધાડ મારી? માબાપ સારાં તે વહુને દીકરી જેમ રાખી. તમે કઈ જવાબદારી ઉપાડી લીધી? પ્રિયંવદા ગઇ; સુમતિ અમદાવાદમાં; અનસૂયા બેચાર ટોણા મારતી, તે આ કાનેથી પેલે કાને કાઢી નાખી, નફકરા સાંઢ જેવા ફર્યા કરતા હતા. નાટકો કર્યાં, જોયાં; પછી શું? હા, બી.એ.ના ભમ્મરિયા કૂવામાં પડ્યા, તે તળિયું જોઈ પાછા એમ.એ. ને એલએલ.બી.ના કાળા પાણીમાં ડૂબકાં ખાવા મંડ્યા! જરા મનને પૂછો તો ખરા, કે બંનેમાં એકયને વફાદારીથી વળગી પાસ થવાની દાનત હતી ખરી?

ભણતર પૂરું થતાં, કામધંધે લાગવા સુધીનો વચ્ચેનો કાળ તે બહુ કપરો કાળ છે. સમજુ માબાપો ચાલતે ધંધે પોતાના દીકરાઓને કામે ચડાવી દે છે. તેઓ પોતાનો 'ધર્મ' બજાવી દીકરાને 'અર્થ'-ના માર્ગે તો વિજય પ્રાપ્ત કરાવી દે છે. પછી 'કામ' તો અર્થાનુસારી આપોઆપ પ્રગટી જ રહે છે. ને 'મોક્ષ'ની વાત તો કોઇએ પાછા આવીને કરી નથી, એટલે એ વિશે 'મૌન' જ ઠીક છે.

ભણતરક્રમની બોલબાલા એવી કે ગુજરાતીમાં ત્યારે એમ.એ.નો અભ્યાસ જ નહિ! અંગ્રેજી લ્યો, ફિલ્સૂફી લ્યો, પણ ગુજરાતી નહિ! ઉપેન્દ્ર દેસાઇ એક દિવસ યુનિવર્સિટીની સાથે સંકળાએલી સમાજશાસ્ત્રની નિશાળ(સ્કૂલ ઑવ સોશ્યૉલૉજી)માં લઇ ગયો. ત્યાં એક થૂથી નામના પંડિત સાથે ઓળખાણ કરાવી. નામ નૌશીરવાન, પણ ઉચ્ચાર શુદ્ધ સંસ્કૃત; હિન્દુ સમાજશાસ્ત્ર, ચિત્રકળા, મૂર્તિવિધાન વગેરે વિષયોનો જાણકાર; વૈષ્ણવ સંપ્રદાયનો અતિ રસિયો. એ ઓળખાણ તરત જ સુંદર મૈત્રીમાં પરિણમી, ને ડૉ. થૂથીની સાથે નાટક, કાવ્ય, નૃત્ય, સંગીત, કલા વગેરે ઉપર વારંવાર ચર્ચાઓ શરૂ થવા માંડી. ગુજરાતી સાહિત્ય વિષેનું એનું જ્ઞાન સારું; પણ એની તો ફક્ત એક જ દૃષ્ટિ કે જે કંઇ લખાય છે કે જે લેખક જીવન જીવે છે, એમાં વૈષ્ણવ સંપ્રદાયના અંશ યા અસર કેટલાં?

થૂથી એટલે ખૂબ ખીચડો. ઘણા એની વિરુદ્ધના, અને એટલા જ એના વખાણનારા. એની શીખવવાની, બોલવાની પદ્ધતિ કંઈક પૅટ્રિક ગેડીસને યાદ કરાવે એવી, તદ્દન 'અન-કન્વેન્શનલ': ગમી જાય અને મઝા પડે. ભારે શરીરની વ્યક્તિ; જાતજાતની માન્યતાઓ; વિચિત્ર લાગે એવી ટેવો; પણ એ બધાની આરપાર એક સાચા સંશોધનકારની ધગશ. ખીચડો ખરો; પણ રત્ન શોધવા પહેલો ખીચડો જ એકઠો કરવો જોઈએ. એમાંથી કંઇ સારો સાર મળી આવે.

હૃદય પોચું નવનીત જેવું. કવિતા ગાતાંગાતાં આંખમાંથી આંસુ દદડે. એથી તો એની અને લલિતજીની ઠીક જોડી જામતી! બંને બહુ ચર્ચા કરતા. લલિતના ભાવ-ઊમળકા થૂથી સમજતા.

સાંજ પડે ને થૂથી વિક્ટોરિયામાં આલમના બાદશાહની માફક બેસીને નીકળે. વિક્ટોરિયાવાળા પણ ઓળખે. યુનિવર્સિટીથી સીધા ચોર બજાર લઈ જાય. ત્યાં આ વૈષ્ણવ ધર્મનો રસિયો જરથોસ્તી, મમ્મુ જુસબ કે નૂરાની દુકાનમાં આવી ખડકાએલા જૂની મૂર્તિઓના ઢગલાઓ ખંખોળે, અને એમાંથી નટવર નાગરને કે મોહન મુરલીધરને, સુંદર ઘડેલા સુંદરવરને યા આરતી ધરી રહેલી પૂજારણને, બહુઓ ઝાલી ઘૂંટણીએ બેઠેલા લાલજીને કે ત્રિભંગી કરી રહેતા નટરાજને, યા કદી ઉદ્ધડ આખા ઢગલાને વેચાતો લઈ લે, બીજે દિવસે યુનિવર્સિટી પર મોકલી આપવા કહી દે; અને ત્યાં એમાંના કેટલાક પસંદ કરેલાની ધૂળ ખંખેરવા હાઇપોના સોલ્યુશનમાં પણ મૂકી દે.

પછી એનો કેડ કંદોરો યા મુકુટાકૃતિ તપાસી, તે ક્યાંની અને ક્યારની બનાવટ છે એનો કોયડો ઉકેલવા મથે. કોઇ સારી કલાકૃતિ હાથમાં આવે તો એને છાતીએ રાખી ગેલ કરે, રડે, એની જોડે (બાળક ઢીંગલા સાથે રમે એમ) વાતો પણ કરે.

પણ આ થૂથી તે જાણીતા નાટકકાર અને એ દિશામાં જાણીતા થયેલા દાદીબા થૂથીના વંશ જ નહિ? હા તે જ. એમ.એ.ના વિદ્યાર્થીઓને ભણાવે; અવધૂતની માફક જીવે. પહેલાં તો એ મૅકિકન હૉલમાં જ રહે. ત્યાં વલસાડવાળા ડાહ્યાભાઇ દેસાઇ, વાડિયા બાદશાહ, કર્નલ બામજી અને પેસી દાવરની એક ટોળી પડીપાથરી રહેતી. બધા જ એના વિદ્યાર્થીઓ. જાતજાતના બંગ ઉડાવે. કંઈકના છક્કા સાફ કરી નાખે. ડાહ્યાભાઇ બધાનો નેતા. અદ્ભુત ઠંડા મગજનો માણસ. ભલભલાને ઉડાવે અને સામાને ખબર પણ ન પડે કે ટોળકી એની ઠેકડી કરી રહી છે. બે મિનિટમાં એના દેખતાં જ નિશાન આપી દે કે 'ખોરિયાક દ લા મોતા' યા 'ખોરિયાક દ લા છોતા!' એટલે કે મોટો 'ખોરાક' છે; યા બિચારો નાનો ખોરાક છે, ખરતો મૂકો. 'ખોરાક'

બનતો માણસ જો પૂછે કે 'એટલે શું', તો તરત એકાદું કહે કે અરે શું જાણતા નથી? વાંદરામાં એ બે જાણીતાં થીએટરો છે: દલા મોતા અને દલા છોતા!

પછી મલાડ રહેવા ગયા. ત્યાં પણ હું સાથે રહ્યો. સ્ટેશનથી દૂર દરિયા તરફ એક અટૂલો ઊંચો નાનકડો બંગલો. હાલત તદ્દન ખંડિયેર. એમાં અડબંગો પડી રહેતા. થૂથી નોકરો પર ધાંટા પાડે અને પછી થોડીવાર રહી પાપ ધોવા એમને પાસે બોલાવી બચ્ચાની માફક પાળે પોષે તે જોવાની મઝા આવતી. મહિનાને છેડે વધેલા પગારની જે કાંઈ હાજર હોય તેમાં વહેંચણી થતી, યા ખ્યાફત થતી. કહેતા: 'વધ્યું એ પાપ; સરખે ભાગે ચાલો વહેંચી લઇએ!'

બીજી સદીના બ્રૉન્ઝની એ મૂર્તિ અને અદ્ભુત કલાકૌશલ્યનું એ ચાઈનીઝ વાઝ; મેના-પોપટના હાથાવાળી બેનમૂન ગુજરાતી સૂડી અને ઘૂંઘરવેલ હીંચકો; બહુ જૂના, અનુપમ, મ્યૂઝિયમ પીસ! આપણા બાપદાદાઓ ભારેના હોશિયાર. આવું બધું તમે જોયું ને સમજ્યા. પણ એમાં તમારા શા કાંદા પાકયા? થૂથી પાસે તો એમ.એ.ના અભ્યાસ માટે જતા હતા; મોટે ભાગે ટોલ્લા મારવા! પણ પછી શું?

પણ સુરતથી મુંબાઈ લઈ આવનાર વૈકુંઠભાઇનો ડોળો ફરકતો રહેતો. કોઈકવાર એકાદ બે વાકયમાં પૂછી મ્હાત પણ કરતા રહેતા.

એવામાં એક દિવસ સનતકુમાર વીણે મને કહ્યું કે એક ટ્યૂશન છે: પેદર રોડ પર એક શેઠિયાને ત્યાં. સવારે આઠથી દસ. રૂપિયા પચાસ.

સવારના વહેલા ઊઠી ઠાકોરદ્વારથી પેદર રોડ દડમજલ શરૂ કરી દીધી. ગ્રૅજ્યુએટ થવા કેડે પંતુજી બનવું યા ટ્યૂશન લેવાં એ એક સાધારણ રિવાજ પડી ગયો હતો. એ ચીલે આપણે પણ ચાલ્યા. ત્રણ છોકરાં, એક અંગ્રેજી બીજીમાં, એક પાંચમીમાં ને એક છઠ્ઠીમાં. અંગ્રેજી, ઇતિહાસ, ભૂગોળ વગેરે. અને હં; ગણિત! ખૂબી તો એ કે ત્રણમાંથી બે છોકરાં જુદી નિશાળે ભણતાં અને આપણા દેશમાં,— અરે દેશ છોડોને, એક શહેરમાં જ બે નિશાળ કેવી રીતે ભણાવતી હતી એનો કંઈક ખ્યાલ આવવા માંડયો.

છોકરાંઓનો મોટો ભાઈ મારી સાથે કે. એમ. કૉલેજમાં, એ ઓળખાણ તાજી થએલી. પણ કસમ પર કહું છું કે મહિને જ્યારે એમના બુઝર્ગ પિતાશ્રીએ પગાર આપ્યો ત્યારે મારી કમ્મર ભાંગી ગઇ! બે કલાક એટલે પચાસ, તો એક કલાકના પચ્ચીસ લેખે દર મિનિટના જે કંઈ બે પાંચ આના થાય તે હિસાબે પગાર ચુકવાયો. જેટલા દિવસ હું આઠ વાગ્યા પછી પાંચ દસ મિનિટ મોડો પહોંચતો એનો હિસાબ રાખવામાં આવેલો! એ હિસાબ કદીક મુરબ્બી પોતે રાખે, નહિ તો બચ્ચાંઓને પૂછી લે. ઉપરાંત રવિ અને રજાને દિવસે નહિ જતો તે દિવસોના પણ પગાર કપાતાં મહિને દિવસે સાડીબત્રીસ રૂપિયા મારા હાથમાં આવ્યા! એ માટે દફતરમાં બોલાવી મુરબ્બીજીએ આનાના સ્ટૅમ્પ પર સહી લીધી અને એ આનો પોતે આપ્યો એટલી સખાવત જાહેર કરી!

પણ એમ તો મુંબાઇની એક ઘણી જૂની ને જાણીતી છોકરીઓની નિશાળમાં ગુજરાતી શીખવવા માસ્તરને રોજિયા તરીકે જ પગાર અપાતો. ભૂલેશ્વરમાં રસોઇયા છુટક એમ જ મળે છે! એકે રાંધી ખવડાવવાનું, બીજાએ વિદ્યા ભણાવવાની: બંને કામો સરખાં!

મારા શેઠને વૈકુંઠભાઈ ઓળખે, તે એક દિવસ એમણે એમની ઑફિસમાં એ ગયા હશે ત્યારે આ રોજિયા પગાર વિષે રમૂજ કરી. ત્યારે શેઠ કહે કે મને શી ખબર કે માસ્તર તમારે ત્યાં રહે છે. વૈકુંઠભાઇએ ઉમેર્યું કે મારે ત્યાં યે રહે છે અને કદીક ભુલાભાઈ સાહેબને ત્યાં પણ રહે છે!

અમદાવાદના શેઠજી એટલે પછી પૂછવું જ શું? બેત્રણ દિવસ રહીને જમવાનું નોતરું ગળ્યું, અને પછી જમ્યા કેડે શેઠ કહે કે કાલે રવિવાર છે, તે બપોરે તમે કયાં હશો? ગાડી મોકલું. આપણે ભુલાભાઇ સાહેબને ત્યાં ઍપૉઈન્ટમેન્ટ છે. ત્યાં આર્બીટ્રેશન છે, અને તમે તો એના ઘરના છો. તમે સાથે આવો તો ઠીક પડે.

હું તો ઠંડો થઈ ગયો! રાતે મેં જઇને ભુલાભાઇને આખો કિસ્સો કહ્યો અને પગારની વાત કહી. જગાડયો તે પણ કહ્યું. ભુલાભાઈ કહે કે 'આ કામ પતી ગયા પછી જમણની પાતળના બે રૂપિયા લેખે એ આવતે મહિને કાપી લેશે! આ શેઠ તો અસલ જાણીતા છે. એને તો અમે જ ઓળખીએ. પહેલાં ફી વિના અમે વાત જ ન કરીએ. વારુ ઠીક છે; એની સાથે વરઘોડે ચડીને આવજો તો ખરા; જોઈશું.'

બીજે દિવસે તો ભુલાભાઈ સાહેબે બે બાઉન્ડરી મારી. શેઠને કહી દીધું કે ચન્દ્રવદનને મેં ટ્યૂશનો કરવાની મના કરી દીધી છે અને કાલથી હવે તમારે ત્યાં નહિ આવે. એના ઘડીપળ લેખે આજ સુધીનો પગાર હિસાબે જે થાય તે મોકલી આપજો. પેદરરોડવાળા એ શેઠ તો એ સાંભળી આભા બની ગયા!

બીજે દિવસે એક દક્ષિણ પ્રદેશના રેલવેના મોટા અમલદાર મિ. અચલમને ફક્ત એક જ કલાક ગુજરાતીમાં વાતચિત કરતાં શીખવવા માટે સાઠ રૂપિયાના પગારે જવાનું નક્કી કર્યું. આ કામમાં મજા તો એ આવતી કે અમે બંને ચા પીતા જઇએ અને એ એને ફાવે તેની વાતચિતમાં નોંધો કર્યા કરે. એ પછી એક પારસી બાઈ બી. એ. માં ગુજરાતી લઇ પરીક્ષામાં બેઠી એને ભણાવવાનું શરૂ કર્યું. એ પહેલી જ પારસી બાઇ ગુજરાતી લઇ બી. એ. થઈ. એનું નામ નાજુ વાડિયા. એના બુઝર્ગ બાવાજી મુંબાઇના એક જાણીતા સૉલીસીટર. પોતે કાળજી કરી ગ્રાન્ટરોડ પર ગાડી તેડવા મોકલે, જાતે સ્વાગત કરે, અને ભણવા બેસતાં પહેલાં સરસ કૉફી અને ફ્રૂટનો નાસ્તો કરાવે. મને કહે 'તમે કાં એને તસ્દી લઈ ભનાવો ચ? તમને જસ અપાવસે નહિ અને નાહકની આબરૂ બગાડસે.' પછી પોતે ઑફિસ જવા નીકળે ત્યારે મોટરમાં પહેલાં મને બેસાડે અને પછી પોતે બેસે, અને મારે જ્યાં જવું હોય ત્યાં મૂકી જાય. ત્યારે હું મલાડ રહેતો. ડૉ. થૂથીને મેં પૂછ્યું કે વાડિયાજી મારા જેવા મુફલિસને આટલું બધું માન કેમ આપે છે? થૂથી કહે કે એ તો જરથોસ્તી ખાનદાનનો રિવાજ છે. અમે પારસીઓ એમ માનીએ છીએ કે શિક્ષક એટલે, બાપે જે કામ જાતે કરવું જોઇએ તે કામ એનાથી ન થાય એથી જે બીજાને સોંપે તે. એટલે બાપ કરતાં પણ વધારે.

એક દિવસ સવારે હું ગ્રાન્ટરોડ પર ઊતર્યો. બે ઘોડાની બગી દરરોજ જેમ લેવા આવી હતી. હું ગાડીમાં બેઠો ત્યાં સુધી કંઈ નહિ, પણ બેઠા પછી સાઇસે મારા હાથમાં કાગળ આપ્યો. એમાં લખેલું:

'માનવંતા માસ્તર સાહેબ! ગમગીની સાથે જણાવવાનું જે ઘરમાં સગું ગુજરી જવાથી ત્રણચાર દિવસ ભણવાનું મોકૂફ રાખવું પડસે, તેથી આપ ચાર દિવસ તકલીફ લેસો નહિ. આ સાથે આ મહિનાનો પગાર મોકલાવ્યો છે; કારણ કાલે પહેલી તારીખ છે, અને તમુને કંઈ ખપ પડે જાણીને મોકલ્યો છે. મનમાં ખોટું લાવસો નહિ. અને આપને જયાં જવું હોય ત્યાં ગાડી લઈ જઈ, પછી જ એને રવાના કરસો. લિ. દુવાગીર વાડિયા.'

એ વાંચતાં જ મારી તો આંખમાંથી ટપટપ આંસુ ખરવા લાગ્યાં. બગીમાં બેસીને વળી હું કયાં જાઉં? ઊતરીને પાછો મલાડ જવા ઊપડયો. પણ ગાડીવાન કહે કે 'છાબે કીધેલું કે જાં જવાના હોય ટાં મેલી આવજે.' પેલો રવિવાર અને મિનિટો કપાઈને મળતો પગાર;

અને અહીં ઘરમાં આવી તકલીફ છતાં આટલી કાળજી! હું તો એ જ સરવાળો બાદબાકી કર્યાં કરું!

પછી તો હેમચંદ મોહનલાલને ત્યાં અને ચિમનલાલ ચિનાઇને ત્યાં એમનાં છોકરાં ભણાવ્યાં. બંને ઘરનાં માણસો સારાં. હેમચંદ ભાઇ સાથે થએલા ગાઢ પરિચયને અંગે મેં જરા પણ વેપારમાં ઝંપલાવવાની વાત એમને કાને નાખી હોત તો હું પૈસેટકે તો ન્યાલ થઇ જાત. પણ એવા નેસ ચોઘડિયે જ પહેલો પૈસો કમાવાની શરૂ-આત કરેલી કે સારી તકો મળવા છતાં પાસા સવળા પડ્યા જ નહિ. ચિમનલાલ ચિનાઇની ઓળખાણ ગાઢ દોસ્તીમાં પરિણમી, અને એમનાં છોકરાંઓએ મને વડીલ તરીકે સ્વીકારવો ચાલુ રાખ્યો.

વૈકુંઠભાઇ એક દિવસ કહે કે આમ કંઇ ટ્યૂશન કર્યે ચાલે નહિ. 'સિંધિયા' નવી અને વિકાસ પામતી સંસ્થા છે, અને મેં કોઈ દિવસ કોઈને માટે કહ્યું નથી; તો ત્યાં જઈએ. એમણે મનસુખલાલ માસ્તર સાથે વાતચિત કરી અને એક દિવસ મુકરર પણ થયો. સુદામા હાઉસમાં વૈકુંઠભાઈ જાતે મને માસ્તર સાહેબ પાસે લઇ ગયા, અને શરૂઆતમાં મેં ભુલાભાઈ સાહેબ પાસેથી લીધેલી ચિઠ્ઠી કાઢી ત્યારે એમણે કહ્યું. 'વૈકુંઠભાઈ કહે છે, પછી બીજી કઇ ચિઠ્ઠી મને જોઇએ?'

મારી કવિતાઓ લખવાની શક્તિ વિષે મીઠી ટકોર કરતાં માસ્તર સાહેબે કહ્યું કે 'એ ઠીક છે પણ ઑફિસના કામમાં એ કામ નહિ આવે.' ઉપરાંત આપણને બે ચાર સવાલો પૂછ્યા, અને મહિના મા-સમાં કંઈ નક્કી થઈ જશે, અને હું વૈકુંઠભાઇને ખબર આપી દઈશ એવો સધ્યારો આપી વિદાય કીધો. એ મહિનો હજી પૂરો થયો નથી, અને કવિતાની લપ મારી કનેથી છૂટી નથી! આમ પહેલે જ પગથિયે સૂકા રોટલાના કોળિયામાં કવિતા રૂપી માખી નડી!

પછી ભુલાભાઈએ ત્રણ જુદીજુદી અને સરસ ચિઠ્ઠીઓ લખી: એક સર પુરુષોત્તમદાસ ઠાકોરદાસ પર, બીજી લાલજી નારણજી પર, ત્રીજી સર મનમોહનદાસ રામજી પર. ત્રણેના સેક્રેટરીઓની સાધના કરતાં નોકરી માટે મુલાકાત ગોઠવાઈ. સર પુરુષોત્તમદાસે તો નોકરી નહિ કરવા માટે જ ભાષણ આપ્યું. 'વેપાર કરો વેપાર; નોકરીમાં શો દા'ડો વળશે?' કેટલા ઉત્સાહથી ચડેલાં કોટગાંનાં નવ-સારી ચેમ્બરનાં પગથિયાં કતરાતે દિલે પાછા ઊતર્યાં. બીજી બે મુલા-કાતો જરા આશાભરી હતી. પણ નસીબની આડે એકાદ નહિ પણ આઠ દસ નક્કર પાંદડાં પડ્યાં હોવાં જોઈએ. એમાંનું એકે ફરક્યું નહિ!

ત્યારે ભુલાભાઈએ એક દિવસ ખૂબ જ મમતાથી કહ્યું હતું: 'જુઓની ચન્દ્રવદન! મને તો ચિઠ્ઠી લઈને છેક કોલાપુર જવું પડ્યું હતું: એક જ જણ પર સાત ચિઠ્ઠી; અને છતાં મુલાકાત માટે છ કલાક બહાર બેસી રહેવું પડ્યું હતું; અને પરિણામે ધોળા મૂળા જેવા પાછા! એ તો એમ થાય જ. એથી એમ નીચે મોઢે બેસવાની કંઈ જ જરૂર નથી. ચલો. તમે જરા વકીલાતનું પાસ કરી નાખોને, પછી બધું ઠીક કરી દઈશું.' પણ બંદાનું મગજ તો કાયદો ગોખવામાં આગળ ચાલે જ નહિ તેનું શું?

પછી તો જે જોડા ઘસડ્યા છે! કોઈ નિશાળમાં તો કોઇ કૉલેજ-માં. ગિરધરલાલ કોટક ને કેશવપ્રસાદ દેસાઇ 'અખા' નાટકમાં સાથે ઊતરેલા, એમને બારણે પણ જઇ આવ્યો. પણ નાટકિયાને નોકરું મળે ખરું કે? રૂ બજાર, વીમાની ઑફિસો, સિંધિયા,–બહુ ફાંફાં માર્યાં. કોણ જાણે આપણે જ એવા જીલ્લબ્બે જેવા લાગતા હોઇશું, યા કિસ્મત કથળેલું હશે, તે ક્યાંયે સો-દોઢસોની નોકરી મળી નહિ.

વચ્ચે એક ઝબકારો થઈ ગયો. શેઠ પુરુષોત્તમ વિશ્રામ માવજી 'સુવર્ણમાળા' ચલાવતા. એક કાપડિયાને થોડા પૈસા બગાડી સાહિ-ત્યનું છાપું કાઢવાના શોખ થયા. એણે વિજયરાય તથા બટુભાઇ વગેરેને મળી યોજના ઘડી. એમાં મને તંત્રીપદે દોઢસો રૂપિયાના પગારે ગોઠવવો એવો ઠરાવ કર્યો, અને ત્રણ બત્તી ઉપર આવેલા પુરુષોત્તમ વિશ્રામ માવજી શેઠને બંગલે આવનજાવન શરૂ થઈ. બંગલો આખો કલાકૃતિઓથી ભરચક. ચિત્રોનો તો ઢગલો. મોટે ભાગે બધું જૂનવાણી, પણ સંઘરો બહુ સારો. શેઠ પણ દિલાવર. લક્ષ્મી આર્ટ પ્રિન્ટિંગ પ્રેસ ચલાવતા, પણ સરસ્વતી આવીને વધારે વાસો કરવા લાગી એટલે લક્ષ્મી હવે રિસાવા માંડી હતી. એમ આપણું નસીબ પણ બે ડગલાં આગળ જ ચાલતું. એમાં ત્રણચાર મહિના તો ખેલ ચાલ્યો, પણ પેલા પગારના દોઢસો રૂપિયા જ મળે નહિ! કોઇવાર કાપડિયા એકાદી દસની નોટ આપે. એમ થયા કરતું, અને આખરે એ વહાણ પણ વગર ખરાબે અથડાતાં આપો-આપ જ ભાંગી ફૂટ્યું. આમ તંત્રીપદાના અભરખા પણ પૂરા થયા!

ત્યાં વલસાડમાં બાપુજી પણ મહેનત કરતા. એમના અંગ્રેજ સાહેબને સમજાવી મને રેલવેમાં જ લેવા તજવીજ કરી હતી. અરજી કરાવી; છ મહિના વરસ દિવસ ઇંગ્લંડની કોઈ રેલવેમાં ટ્રેઈનિંગ માટે જવાની પણ ગોઠવણ કરી; પણ હિંદીઓને એમ મોટી નોકરીમાં નહિ લેવા એવું ખાનગીમાં લખાણ આવતાં ત્યાં પણ રવડ્યા. દર-મ્યાન બેત્રણ મહિના રેલવેનું કામ શીખવું શરૂ કર્યું હતું. એમાં ત્રણ ચાર વાર ગાર્ડ માસ્તર સાથે વાવટો લઈ સીસોટી વગર આંટા માર્યાં, કારખાનામાં ઍન્જિનદરાવરના બુકિંગનો અનુભવ લીધો, એવુંએવું વગર પગારે ઘણું ઘણું અજમાવ્યું. પણ એમ કંઇ નોકરી રસ્તામાં પડી છે?

ફાંફાં તો ઠીકઠીક માર્યાં. ભાગ્યોદય જોવા જોષીરાજોને પણ ખટા-વ્યા. કોઈ અઠ્ઠાવીસ કહે તો કોઈ બત્રીસ કહે. મોટા ભાગના તો કહે 'હવે પછીના ત્રણ મહિના બાદ જુઓ સિતારો!' એ ત્રણ મહિના જતા અને બીજો જોષી પાછા ત્રણ મહિના બતાવ્યા કરતો! એમ ઘણાની જિંદગી પૂરી પણ થતી; મારું પણ એમ ચાલ્યા કરતું.

આ બધાં વલખાં માર્યાં એના કરતાં એલએલ.બી.નું બરાબર ગોખી માર્યું હોત? નાટકના પાઠો યાદ રહે તો એ કેમ યાદ ન રહે વારુ? તો પછી ભુલાભાઈ જેવાની ઓથે ક્યાંના ક્યાં નીકળી ગયા હોત. પણ ના, આ બહાદુર તો વકીલની પરીક્ષામાં રોમન લૉમાં રોમન ટોગા પહેરીને ગયા હતા, તે ફાધર ઝીમરમૅન સુપરવાઇઝરે બહાર કાઢ્યા! બીજે દિવસે ઍલાર્મ ઘડિયાળ (દરેક સવાલને પંદર મિનિટમાં ભાગવા) લઇને ગયા હતા, અને જાતે સુંવાળા બહુ તે સાથે બેસવાને તકિયા લઇને ગયા હતા! શા પરીક્ષા આપવાના તમારા ઢંગ! બધા જ પેપરો અંગ્રેજીમાં લખવાના, પણ મથાળે એવું લખેલું નહિ, એટલે દોઢચતુરે કૉન્ટ્રાક્ટનો પેપર સંસ્કૃતમાં લખી આવ્યા!

તોફાન તરીકે ઠીક છે, પણ તમારી સાથે જ એ પરીક્ષામાં બેઠેલા ઉપેન્દ્ર દેસાઈ, સોલી અને મહેરઅલી—જૂની રાસ્પુટીન ક્લબના સભ્યો–એવું ધતીંગ કરતા હતા? એ લોકો કેવા પાસ થઈ ગયા? તમે વધારે વનચર, તે આપીકો સ્વાર્થ સમજ્યા નહિ ને બેઠા રહ્યા. ગમે તેમ, પણ ત્રીસ કે ચાળીસ રૂપિયા પરીક્ષાની ફીના એવી રીતે ફેંકી દેવાનો, ચન્દ્રવદન, તને જરાયે હક્ક નહોતો. તારાં માબાપની આંતરડી કકળાવવી તને જરા પણ લાજિમ નહોતું.

એ પરીક્ષામાં ત્રણ વાર બેસવાનો નાટક કર્યો. જાતને છેતરી માબાપને છેતર્યાં, બધાંને છેતર્યાં. નહોતા વકીલ થવું તો એ રસ્તે નહોતું જવું, ચોખ્ખી ના પાડી દેવી હતી. મનનું એટલું બળ ન કેળવ્યું તે ન જ કેળવ્યું. અને એ ભયંકર નબળાઈ આગળ ઉપર હજી તો કેવી કે ભૂલો કરાવશે, કેવી કે થપ્પડો ખવડાવશે એ ગણ્યા જ કરજો. (ચાલુ)

નિબંધિકા

હાથ જોવાની કળા

બકુલ ત્રિપાઠી

વચ્ચે એક દિવસ રાતે જરા મુસીબત આવી પડી. બન્યું એવું કે અમારા મિત્રોની મંડળીમાં હું સહેજ મોડો પહોંચ્યો. પહોંચ્યો તે પહેલાં જ સૌ જાણી ગએલા કે મને હાથ જોતાં આવડે છે. મેં ઘણું યે કહ્યું કે હું એ બાબતમાં તદ્દન અજ્ઞાન છું. પણ મારું કોઇ માને તો ને? એક જણે વાત ફૂપાડી અને સૌએ ટપોટપ મારી આગળ હાથ ધરી દીધા. કાશી મથુરામાં પંડાઓ જાત્રાળુ પર કરે છે એનાથી યે ભયંકર હુમલો મારા પર થઇ ગયો. 'મારો હાથ જરા જોઇ આપોને...' 'તારું પછી; એક વાર મારો હાથ તો જોઇ લેવા દે...' 'આ બિપિનનું મૅરેજ ક્યારે થશે, કહો જોઈએ...' 'મારે ફોરેન જવાનો ચાન્સ...' 'હંબગ છે; ખરું હોય તો કહો જોઇએ મારા ફાધર ક્યારે એક્સ્પાયર થઈ ગયા? લો જોઇ લો, આપણો હાથ...'

મારી આગળ હથેલીઓનો ગંજ ખડકાઈ ગયો. મને થયું કે હું છું તેથી અરધી ઉમરનો હોત તો આ સૌ હાથ બતાવનારાઓને અંગૂઠો બતાવીને નાસી જાત. પણ આજ એવું બને એમ ન હતું.

છેવટે તે દિવસે તો મેં સૌને વચન આપ્યું કે પછી કો'ક વાર સૂક્ષ્મદર્શક કાચ લેતો આવીને હું નિરાંતે સૌના હાથ જોઈ આપીશ, અને એ રીતે હું મુક્ત થયો. પણ પછી મને એના જ વિચાર આવ્યા કર્યા. મને થયું, ખરા છીએ આપણે બધા! આપણે માનીએ છીએ કે નાટક, વાર્તા કે ફિલ્મનો પ્લૉટ આગળથી જાણી લઇએ તો એ નાટક કે ફિલ્મમાં મઝા નથી આવતી. 'પછી શું થાય છે એ, ભઇસા'બ, મને આગળથી ના કહી દેશો. નહિ તો પછી ફિલ્મમાં મને ઊંઘ આવી જશે' કે 'છેલ્લે પેલો મરી જાય છે એ મને ખબર જ હતી. પછી વાર્તામાં શું ધૂળ મઝા આવે?' આવું કહેનારા આપણને મળી આવે છે. નાટકનો 'હીરો' મરી જશે કે પરણી જશે, મરી જશે તો ક્યાં, ક્યારે અને કેવી રીતે, ને પરણી જશે તો કેમ, ક્યાં, ક્યારે અને કોની જોડે એ આગળથી ન જાણી લઈએ તો જ સારું એમ આપણને લાગે છે. પણ કોઈ ફિલ્મ, નાટક કે નવલકથા કરતાં યે વધુ રસમય એવી આપણી જિંદગીમાં આગળ શું થવાનું છે, ક્યારે થવાનું છે ને કેવી રીતે થવાનું છે એ જાણવા આપણે સૌ કૂદી પડીએ છીએ! કોઇને હાથ જોતાં આવડે છે એ જાણ્યા પછી એની આગળ હથેલી ધરી દેવાનું પ્રલોભન ઘણા થોડા રોકી શકશે. એ વાતમાં આપણી ઉત્સુકતા જબરી હોય છે.

એ ઉત્સુકતાનું નિશાન હું તે દિવસે બની ગયો અને એમાંથી બચી પણ ગયો. પણ હું કંઈ ઓછો ચૂંટણીનો ઉમેદવાર હતો કે વચન આપ્યાથી જ ચલાવી લઈ શકું? વચન પાળવું તો ખરું જ એમ વિચારીને બીજે દિવસે હસ્તરેખાવિજ્ઞાન જાણવાનો દાવો કરનાર એક મિત્રને હું મળ્યો: 'દોસ્ત, મારે હાથ જોતાં શીખવું છે.'

'પણ તું તો કહેતો'તો એ બધું હંબગ છે!'

'તો ય શીખવું છે.' મેં કહ્યું.

'ઠીક, તો શીખવાડી દઉં. કાલે સાંજે તારે ત્યાં આવીશ. પણ હં... તારે ત્યાં શીરો છે?'

'એનું શું કામ છે?' મેં વિસ્મયથી પૂછ્યું.

'ના હોય તો ક્યાંકથી લઈ આવજે, સમજ્યો?'

'અરે એ તો ઘેર તૈયાર કરાવી લઇશું.' હું બબડ્યો, 'પણ મને કહે તો ખરો કે શીરો આમાં શું કામમાં આવવાનો?

'એના વિના શીખાશે કેમ?' પેલા મિત્રે કહ્યું.

'પણ ભલા માણસ, મારે કથા કહેતાં નથી શીખવું, હાથ જોતાં...'

'તે કથાની વાત કોણ કરે છે?'

'તો પછી શીરાનું શું કામ છે? એકલી ચાથી તને નહિ ચાલે?'

અને એ હસી પડ્યો: 'અરે રામ, તું તો એવો ને એવો જ રહ્યો. શીરો એ તો આ શાસ્ત્રનો મોટો અભ્યાસી છે. એનું પુસ્તક આ વિષયમાં પ્રમાણભૂત ગણાય છે, સમજ્યો?'

'હં, એમ કહેને ત્યારે! હું તો સમજ્યો કે...'

અને ત્યાર પછી મેં શીરો—કે જેને કોઇ ચીરો કે કીરો પણ કહે છે—તેનું એ પુસ્તક જોયું પણ ખરું. અને એ પણ જાણ્યું કે જ્યારે જ્યારે આપણે હસ્તરેખા-વિજ્ઞાનની ચર્ચા કરતા હોઇએ ત્યારે શીરોનાં પુસ્તકો વાંચ્યાં હોય ન વાંચ્યાં હોય તો યે થોડીથોડી વારે 'શીરો કહે છે કે...' 'શીરોનો અભિપ્રાય છે કે...' 'એક કેસમાં શીરોએ જોએલું કે...' એવુંએવું કહેવાનો એ શાસ્ત્રના જુવાન 'જાણકારો'માં રિવાજ છે. આવું કહેવા માટે શીરો વાંચવાની જરૂર નથી; જોવાની પણ જરૂર નથી; ફક્ત 'શીરો કહે છે કે...' એમ વારંવાર કહેવાથી જ તમે એ શાસ્ત્રના અભ્યાસી ગણાઇ જશો.

થોડાક અનુભવે મને જણાયું છે કે આવાં પુસ્તકોનાં દૂરથી દર્શન પણ કર્યાં વિના હસ્તરેખા-વિજ્ઞાનના અભ્યાસી થઈ શકાય છે. એ માટે ખાસ કરીને અનુભવ જોઈએ: કોઈને ઉલ્લુ બનાવવાનો અનુભવ. ઉપરાંત હસ્તરેખા-વિજ્ઞાનના જાણકાર દેખાવાની થોડી આવડત પણ જોઈએ. કોઈ પૂછે: 'તમને હાથ જોતાં આવડે છે?' તો 'હા' નહિ કહેવું, માત્ર સ્મિત કરવું. એટલે તરત બીજું કોઈ બોલી ઊઠશે 'હેં? સાચું કહો છો? આવડે છે?' અને એના જવાબમાં 'જોઈએ હવે કો'ક વાર' એમ તમે જાણે દાનવીર જગડુશા હો એવી રીતે કહેવું અને એટલે તરત 'જોઈ આપોને જરા...' 'મારો હાથ...' 'પ્લીઝ, મારો હાથ...' વગેરે શરૂ થઇ જશે.

પછી તો કોઈનો હાથ આપણા હાથમાં લઈ હથેલી સામે જોઈ રહેવું. બેચાર આંગળાં (મચકોડાઇ ન જાય એ રીતે) ઊંચાં નીચાં કરી જોવાં. ચાર જગ્યાએ હાથ દાબી જોવો. ઝીણી નજરે રેખાઓ જોવી. આમ મૂંગામૂંગા કર્યા કરવું, એટલે ધીરેધીરે આસપાસનાં સૌને તમારામાં શ્રદ્ધા બેસતી જશે. પછી એકદમ, હાથ બતાવનારની સામે જોયા વિના ગંભીર અવાજે કહેવું, 'જરા મૂઠીવાળો તો...હં...બસ, હવે છોડી નાખો...હં.' આમાં જેમ વધારે વખત લેશો તેમ સૌ વધુ અધીરાં થતાં જશે.

લાંબા ગાળાના મૌન પછી એકદમ ઊંચું જોઈ હાથ બતાવનાર સામે ત્રાટક કરી પૂછી નાખવું, 'તમારા ફાધરનું કઈ એજે ડેથ થએલું?'

પેલો કહેશે 'પંચાવન.'

'હં.' પછી પાછો હાથ દબાવી જોવો, મૂઠી વાળી જોવી, આંગળાં મરડ્યા કરવાં, આંખો પહોળી કરીને નિરીક્ષણ કરવું...

આટલી વારમાં તો આસપાસનાં બધાં વાતો કરનારાં શાંત થઈ ગયાં હશે. તમારામાં સાચી કળા હશે તો ફાંસી ફરમાવતાં પહેલાં-ની કોર્ટની શાંતિ જેવી શાંતિ છવાઈ જશે. એટલે તમારે ધડાકો કરવો: 'તમારા મૅરેજ થઈ ગયાં છે!'

પેલો હા પાડે તો તમારું કામ ચાલ્યું સમજવું. ના પાડે તો

ઝીણી આંખ કરી રેખાઓ જોઇને પૂછવું, તો તમારા મૅરેજની વાતો ચાલે છે, ખરુંને?'

આપણા દેશમાં બાવીસથી પચ્ચીસ વરસના કોઈ જુવાનના લગ્નની વાત ન ચાલતી હોય એવું ભાગ્યે જ બને છે. એટલે તમારી આ બીજી ભવિષ્યવાણી હમેશાં ખરી જ પડવાની. એ હા પાડે એટલે તરત વિજયી સ્મિત કરતાં કહેવું, 'મને લાગ્યું'તું જ; આ રેખાઓ ચોખ્ખું કહે છે ને... પણ હવે તમારું નક્કી થતાં વાર નહિ લાગે.'

પછી તો કહેવું કે 'તમે ખૂબ ઈમૅજિનેટિવ—કલ્પનાશીલ છો. તમારામાં ઍમ્બિશન ખૂબ છે. આ કરી નાખું, તે કરી નાખું એમ થાય છે. પણ ધાર્યા કરતાં ઘણું થોડું કરી શકો છો. ફાધર જોડે અમુક મતભેદ થાય; પણ તમે ખૂબ સહનશીલ છો એટલે ચાલ્યું જાય. તમારી લાગણીઓ પર બુદ્ધિ હમેશાં જીતે છે, પણ ક્યારેક લાગણીઓ પણ જીતી જાય છે. તમારી લાઈફ હમણાં જોઈએ એવી હૅપી નથી, પણ આડત્રીસમા વર્ષ પછી તમારે લહેર છે...'અને બસ, તમારી ગાડી ચાલી. આ ભવિષ્યવાણી બધાંને માટે સાચી જ હોય છે. જોકે વચ્ચે વચ્ચે તમારું શાસ્ત્રીય જ્ઞાન મૂકતા જવું: જેમકે ઍપોલોનો માઉન્ટ ઊંચો છે એટલે એમજ થાય ને?...હાર્ટ લાઇન જુઓને, કેટલી સરસ છે!...ચંદ્ર તમારો પાવરફુલ છે...મંગળનું મેદાન સપાટ છે...આ લાઇન આમ છે, તે લાઇન તેમ છે વગેરે.' બને તો આસ-પાસનામાંથી કોઈ આજ્ઞાંકિતને રેખાઓ બતાવતા જવી અને એની પાસે 'બરાબર છે' એમ કહેવડાવતા જવું. અને છેલ્લે ઉમેરવું, 'જુઓ, તમારો અંગૂઠો આમ જમણી બાજુએ ખેંચતા રહેવું. એથી તમારામાં વિલપાવર આવશે.' પછી ભલેને પેલો બિચારો નવરો બેઠો વિલપાવર મેળવવાના પ્રયત્નો કર્યા કરે, તમારી કીર્તિ તો ઝબકી જ ઊઠશે!

કોઈ માણસ પોતાનું મૃત્યુ થવાની ઉમર પૂછે તો ચાળીસ પછીની જે કોઈ સંખ્યા યાદ આવે તે કહી દેવી, અને વચ્ચે આંદુમરચાં કોથમીર જેવા બેત્રણ અકસ્માતો માટે ઉમરો કહી દેવી. પણ કોઈ પોતાના પિતાના અવસાનનું—'ફાધર'ના 'ડેથ'નું વર્ષ પૂછે તો ચેતી જવું. કદાચ એ ફાધર ક્યારનાય સ્વર્ગસ્થ થઈ ગયા હોય! એટલે આવે વખતે તો મોં ગંભીર રાખીને કહી દેવું કે 'મારો એક સિદ્ધાંત છે કે કોઇને ય કોઈના મૃત્યુની તારીખ કહેવી નહિ!'

અજાણ્યાઓઆગળ તો હાથ જોવામાં ખાસ વાંધો નથી આવતો, પણ બે જાણકાર (?) મળે પછી ઊભી થાય મુસીબત. તમે કોઇનાં લગ્ન સત્તાવીસ વર્ષે થશે એમ જાહેર કરો અને કોઈ પ્રતિસ્પર્ધી આક્ષેપ કરે કે તમે ખોટા છો તે વખતે બને એટલું 'શીરો કહે છે કે...' બોલી નાખવું. અને પેલો શંકા કરે તો ગમે તે એક પાનાનો નંબર કલ્પ-નામાંથી કહી દેવો. ઘણુંખરું પેલો જાણકાર ચર્ચા આગળ નહિ લંબાવે.

પણ કદાચ તમારા કહેતાં પહેલાં જ એ શીરોનો સહારો લઈ લે તો તમારે બીજું શસ્ત્ર વાપરવું પડશે. 'શીરો કહે છે કે માઉન્ટ પર ક્રોસ હોય તો માણસ લખપતિ થાય' એટલે તમારે કહેવું કે 'બેનહામે તો સાબિત પણ કર્યું છે કે એ કહેવાનો જ લખપતિ થાય; ખરેખર ન થાય.' એ કહે 'શીરોએ કહ્યું છે...' તો તમારે સામું ફટકારવું 'બેનહામે કહ્યું છે...' પર્યટનો અને ટ્રેનમાં પ્રગટી ઊઠતા અભ્યાસીઓ વચ્ચે ઘણુંખરું આ રીતે જ હસ્તરેખા-વિજ્ઞાન ચર્ચાતું હોય છે.

એકવાર મારા દેખતાં બે જણ શીરો-બેનહામના મુદ્દા પર જામી પડ્યા. મેં બેમાંથી એક્કે નહિ વાંચેલો. એ લોકોનું પણ એવું જ હતું. ચર્ચા બરાબરની જામેલી.

'શીરો કહે છે કે લાઈફ લાઈન રાઈટ બાજુ વળવી જોઇએ...'

'બેનહામ કહે છે લેફ્ટ બાજુ વળવી જોઈએ.'

એટલામાં મેં વચ્ચે ઝુકાવ્યું: 'ડૅાન ક્વિક્ઝોટ કહે છે કે લાઇફ લાઈન વારાફરતી ડાબીજમણી બન્ને બાજુ વળવી જોઈએ.'

'હેં? કોણે કહ્યું છે?'

'ડૅાન ક્વિક્ઝોટ.'

'એ કોણ?' 'સ્ટાંડર્ડ ગણાય છે?'

'લ્યો ત્યારે, તમે શું પામિસ્ટ્રી જાણી? બેનહામ ને શીરો તો જૂના થઈ ગયા. ડૅાન ક્વિક્ઝોટ વાંચો, ક્વિક્ઝોટ. પામિસ્ટ્રીનો તો એ ખાં છે ખાં. હસ્તરેખા-વિજ્ઞાનમાં તો અત્યારે એ જ સ્ટાન્ડર્ડ ગણાય છે—ખાસ કરીને આપણા જુવાન વર્ગમાં.' મેં ગબડાવ્યું.

બંને જણા ચૂપ થઈ ગયા. જોકે એ લોકોને હજી લાયબ્રેરીમાંથી ક્વિક્ઝોટે લખેલી પામિસ્ટ્રી જડી નથી—અને કદી કોઇને જડવાનીયે નથી; કે નથી હજી એમણે જાણ્યું કે ક્વિક્ઝોટ તો આપણા ભદ્રંભદ્ર જેવું અંગ્રેજી સાહિત્યનું ચક્રમ પાત્ર છે....પણ એ જુદી વાત છે.

હાથ જોતાં શીખ્યાની ખરી મઝા એ છે કે એને લીધે તમે ગમે તે વખતે કોઈ પણ વર્તુલના મધ્યબિંદુ બની શકો છો. પિકનિકમાં—પર્યટનમાં તો તમે ગોપીઓથી વીંટાએલા કૃષ્ણનું પદ પ્રાપ્ત કરી શકો છો. પુરાતન કાળમાં તો આ શાસ્ત્રના અભ્યાસી પર માત્ર લક્ષ્મી અને કીર્તિની કૃપા ઊતરતી, પણ હવે તો લક્ષ્મી, કીર્તિ, સરલા, સુનીતા, શોભના, સુવર્ણલતા વગેરે જે હોય તે સૌની—અને બીજી ઓછા મહ-ત્વની અનેક વ્યક્તિઓની કૃપા મેળવવા આ શાસ્ત્રનો ઉપયોગ થાય છે. મિત્રો બનાવવા અને મિત્રોને 'બનાવવા', એ બંને આ શાસ્ત્રથી સરળ થઇ પડે છે. ટ્રેનમાં જગ્યા મેળવવા માટે પણ ઊભાઊભા નીચા વળી, કોઈની હથેલી જોવાનો ડોળ કરી, કોઇ પૂછે કે 'શું છે?' એટલે તરત કહી શકો છો કે 'ખાસ કંઇ નહિ, પણ આમનો હાથ જરા ઈન્ટરેસ્ટિંગ (રસ પડે એવો) છે.' અને પછી તો તરત કોઇ પૂછશે કે 'તમને હાથ જોતાં આવડે છે?' એટલે પેલું ગૌરવભર્યું સ્મિત કરવું. અને ધીમેધીમે 'મારો હાથ જોઈ આપશો? આવોને, બેસોને અહીં, બેબી, જરા આમ આવી જા...' વગેરે સંભળાવા માંડશે, ને તમને મફતમાં જગ્યા પણ મળી જશે. એટલું જ નહિ, હાથ જોતાં શીખ્યાનો બીજો એક લાભ પણ છે. સીધી રીતે ગાળો દેતાં બીક લાગે એવા માણસને તમે હાથ જોતાંજોતાં મીઠી ભાષામાં તે દંભી, જુઠ્ઠા કે સ્વાર્થી હોવાની મતલબનું નિરાંતે મોઢામોઢ કહી શકો છો.એમ ચમકો નહિ. એમાં તમે ક્યાં કહો છો? એના હાથની રેખાઓ જ બોલે છે; એમાં તમારો શો વાંક? તમારે ઓછું કંઈ કોઇના પ્રત્યે વેર છે?

ઘણા કહે છે કે આ શાસ્ત્ર હંબગ છે, નકામું છે. ખરું જોતાં એવું છે જ નહિ. જે શાસ્ત્રને પરિણામે તમે વગર મહેનતે ચાના પ્યાલા મેળવી શકો, ટ્રેનમાં જગ્યા મેળવી શકો, મિત્રોમાં મોભો મેળવી શકો, ગોપીઓના કહાન બની શકો, તે શાસ્ત્રને નકામું કહેવાય જ કેમ? એનાથી ઊલટું, હાથ જોવો એ તો એક સુંદર કળા છે. ચિત્રકળા કે શિલ્પકળા જેટલી જ કલ્પનાની જરૂર આમાં પણ છે—કદાચ વધારે પણ ખરી. કલ્પનાની મદદથી જ તમે આ કળામાં પારંગત ગણાઈ શકો એમ છો.

પણ જેમ હાથ 'જોવો' એ એક કળા છે, તેમ હાથ 'બતાવવો' એ પણ એક કળા છે. પણ એ કળા વિષે મને કંઈ જ્ઞાન નથી. જરૂર પડ્યે એ તો તમારા લત્તાના કોઇ 'દાદા' કે પઠાણ પાસેથી જ શીખી શકાશે.

સ્કાઉટમાસ્તર : તમે ચાર જણે આજનું સત્કાર્ય કર્યું ખરું?

સ્કાઉટ: હા જી એક તદ્દન અશક્ત બુઢ્ઢી બાઈને અમે ચારે મળીને રસ્તાને સામે પાર મૂકી આવ્યા.

સ્કાઉટમાસ્તર : પણ એમાં તમારી ચારે જણની શી જરૂર પડી

સ્કાઉટ: પેલી સાહેબ : એને તો સામી બાજુએ જવું જ નહોતું

જોડાસાંકોની સૃષ્ટિ કલાચાર્ય અવનીન્દ્રનાથ ઠાકુરની

આત્મકથા 'જોડાસાંકોરધારે'નો ૮મો હપતો · શ્રી રાણી ચંદના બંગાળી ઉપરથી

અનુવાદક
રમણિક મેઘાણી



શમશેર આરામ-થી હોકો ગગડાવી રહ્યો હોય અને સાઈસ એના વાળ હોળી રહ્યો હોય.

હોળી વખતે અમારી દેવડીનું વાતાવરણ ગરમાગરમ રહેતું. તે દિવસે મનોહરસિંહનાં કપડાં ને ધોળી દાઢી સુદ્ધાં લાલ કસુંબલ બની રહેતાં. વરસમાં એ એક જ દિવસે એની દાઢીને અબિલ-ગુલાલ લગાડવા પૂરતું સ્પર્શી શકાતું. તે દિવસે એ રોષે ન ભરાતા. એક તરફ ભાંગ ઘુંટાઇ રહી હોય. મોટા એવા વાસણમાં કેટલાક જણ ભાંગ ગાળતા હોય—ગજ્યે જતા હોય, ઢોલત્રાંસાં વાગતાં હોય ને વચ્ચેવચ્ચે "હોલી હય" "હોલીહય"ના નાદ સાથે અબિલ ઊડતો હોય. આડે દિવસે ભીંતે ઝૂલતો ઢોલ હોળી આડે ચાર પાંચ દિવસ હોય ત્યારે ઉતારવામાં આવે. બાપુજીનો એક ખાસ ઢોલ હતો: લીલા મખમલે મઢેલો ને લાલ દોરે બાંધેલો. એને અગાઉથી જ ઘણું બધું કંઈક ચોપડી કરીને તૈયાર કરવામાં આવતો. એ ઢોલ દીવાનખાનામાં રખાતો ને દરવાનોનો ઢોલ દેવડીએ રહેતો. હોળીની સવારથી એ ઢોલ ઘોર ગંભીર ઘોષ કરતો રહેતો. વચ્ચે વચ્ચે કેટલાંક ગીતો પણ ગવાતાં, પરંતુ અવારનવાર પેલો 'હોલીહય'નો નાદ વાતાવરણમાં ગુંજી ઊઠતો. પટાવાળાઓ વગેરે પણ તે દિવસે ઢોલ વગાડતા ને 'ખચમચ ખચમચ' કરતા ગીતો ગાતા,—જાણે ચકલીવૃંદ ચીંવી ચીંવી ન કરતું હોય! અને દરવાનોનો ત્યારનો કંઠ તો જાણે મેઘગર્જન. એમના શબ્દો બરાબર ન સમજાતા, પણ તેમાં રાજપૂતી–પહાડી ગૌરવનો રણકો છે એટલું તો લાગતું જ. દેવડી ઉપર નાચ પણ થતો. એ લોકો ક્યાંકની કોઈ રજપૂતાણીને લઈ આવતા. એ સારો ગૌરવભર્યો નાચ કરતી. અમે પણ એ જોવા પામતા. અમારા પાલખી ખેંચનારા ભૈયાઓ પણ નાચ કરતા. તેમાં પુરુષો સ્ત્રીવેશ પહેરી નાચતા. એ એક અદ્‌ભુત પણ બીભત્સ પ્રકારનો નાચ હતો: બે હાથ ઊંચા કરી અંગૂઠાના ચાળાનો ઠેકઠેક થતો નાચ અને પેલો એક જ અવાજ 'ખચમચ ખચમચ'. તે દિવસે અમારે ત્યાંના કડિયાઓ પણ દખણાદા બગીચામાં લાઠીના દાવપેચ રમતારગતા નાચતા, જે જોવા અમે સીધાં એ બાજુ દોટ દેતાં.

ઉપર પહેલે માળે બાપુજીના દીવાનખાનામાં પણ હોળી ઊજવાતી. ત્યાં જવાની અમને રજા નહોતી, એટલે અમે વચ્ચેવચ્ચે ત્યાં ડોકિયું કરી આવતાં. ત્યાં અર્ધો હાથ ઊંચો ગુલાલનો થર જામેલો છે. એના ઉપર એકદમ ઝીણી એક ચાદર બિછાવવામાં આવી છે, જેની તળેથી ગુલાબી આભા દેખા દે છે. સગાં, સ્નેહીઓ ઘણાં આવ્યાં છે. અક્ષયબાબુ હાથમાં તાનપૂરો લઇને બેઠા છે. શ્યામસુંદર પણ છે. અંદર ચારે બાજુ ફૂલ વેરાએલાં પડ્યાં છે. બાપુજીની પાસે ગુલાબજળ ભરેલી પિચકારી પડી છે. હોકાના બિલોરી કાચના જળપાત્રમાં ગુલાબજળ સાથે ગુલાબની પાંખડીઓ પણ છે, જે હોકો ગગડાવતાં ઊંચીનીચી થાય છે. તે વખતે એક નાચણિયો આવેલો. ઓરડાની વચ્ચોવચ્ચ અમારા રામા નંદે આવીને એક મોટો એવો ગોળ 'દીવાઓળો'[1] મૂકી દીધો. નાચણિયો એની ચોતરફ ફરતોફરતો નાચવા લાગ્યો. નાચ પૂરો થતાં જોયું તો એના પગની પાની ઉપર રંગોળીના રૂપમાં સુંદર કમળફૂલ અંકાઈ ગયું છે! નાચને તાલે તાલે પગની કરામતથી આછી ચાદર નીચેથી સપ્રમાણ ગુલાલ નીકળતો ને એનાં પગની પાની ઉપર રંગોળી પૂર્યે જતો. અજબ કહેવાય ને?!

બાપુજીના દીવાનખાનામાં અને દેવડી ઉપર, બંને જગ્યાએ હોળી ઉજવાતી, પણ મને તો રાજપૂત દરવાનોની દેવડીએ ઊજવાતી હોળીમાં જ મઝા આવતી. દીવાનખાનામાં જોકે ઊજવાતી તો ઠાઠમાઠથી, અને એ પણ ઘણા ઉમદા ઠાઠથી: ચારે બાજુ ગુલાબી પડદા, ચાદર, અત્તર, ગુલાબજળ, નાચગાન ને પ્રકાશ ને પુષ્પોની છોળ ઊડતી, છતાં હોળીની સાચી ઊજવણી તો દરવાનો જ કરતા એ એક ઉદ્દામ ઉત્સવ ઊજવાતો. ચારે બાજુ બધું લાલમલાલ! કોઇને ઓળખી શકો એ વાતમાં માલ નહિ. ભાંગ પીને આંખો સુદ્ધાં સૌ લાલમલાલ કરી મૂકતાં. જોતાં જ જાણી જઈએ કે અહીં હોળી રમાઇ છે. જાણે એ શોખની રમત નથી. જેઓ રુધિરની હોળી રમી જાણે છે એ લોકો જ એવી હોળી રમી શકે છે. એમાં કૃત્રિમતા હોતી જ નથી. દીવાનખાનાના ઉત્સવમાં ભારોભાર કૃત્રિમતા—બનાવટ હતાં તેથી જ મને એ ગમતો નહિ.

દેવડી અને બેઠકખાનામાં જ્યારે હોળી આ રીતે ઊજવાતી ત્યારે અમારે—બાળકો માટે પતરાની પિચકારીઓ આવતી. અમને એટલેથી યે આનંદ હતો. બાલદી ભરીને લાલ રંગ હોય, પાસે પિચકારી હોય. આવતાંજતાં જે કોઈ નજરે પડે એની ઉપર રંગ છાંટીએ અને હોહા કરીએ. શું અમારો એ તરવરાટ હતો! ઘરમાં–મકાનમાં અંદર તે દિવસે શું થતું એની તો કંઇ ખબર નથી, છતાં હોળીને દિવસે ગુલાલનો મુઠ્ઠો ભરી આ મકાનમાંથી પેલા મકાનમાં અંદર જઇ મોટેરાંઓને પગે ગુલાલ લગાડી આવતા, ને નાનેરાંઓને માથે તે ભભરાવી આવતા. મોટેરાંઓને માથે રંગ અડાડવાની મનાઈ હતી એટલે એમને પગે રંગ લગાડીને જ અટકતાં.

હોળીની વાત તો થઇ, હવે બીજી એક વાત કહું: બાપુજીના શમશેર કોચવાનની. તબેલાની ઉપર નોબતખાનામાં એ રહે. ત્રણનો ટકોરો થતાં જ એ બહાર આવી, તબેલાની અગાશીમાં ખાટલો ઢાળી, હાથમાં હોકો લઈને બેસે. એનો હોકો બરાબર ફૂલદાનીના આકારનો હતો. આફ્રેલ સાઇસ તમાકુ ભરી કરીને હોકો લાવીને એના હાથમાં મૂકે. સાઇસ બધા એના ચાકર કહેવાય, એટલે એ પોતે જાતે કંઇ જ ન કરતો. હું આઘો રહ્યોરહ્યો જોતો. શમશેર એકદમ

1 મોટો કાચનો ગોળો, જેની અંદર મીણબત્તી મૂકી શકાય છે.

આરામથી ખાટલા ઉપર પડયો પડયો હોકો ગગડાવી રહ્યો હોય અને આફ્રેલ સાઇસ એના વાળ ઓળી રહ્યો હોય. કલાકેક સુધી વાળ બરાબર કર્યા પછી એ એક અરીસો શમશેર સામે ધરે. શમશેર બાદશાહી ઢબે ડાબા હાથે અરીસો ઝાલી, મોં ફેરવી કરી, મૂછને વળ દઇ અરીસો પાછો આપે. પછી એ ઊભો થઇને ઘરમાં જઇ સુરવાલ અને જરિયાની જાકિટ પહેરી આવતો ને પગ આગળ ધરતો એટલે એક બીજો સાઈસ એને સૂંઢાળા (ઓખાઈ) જોડા પહેરાવી દેતો અને ત્રીજો સાઇસ માથે મૂકવાની શિખર કાઢેલી તૈયાર પાઘડી એની સામે ધરતો, જેને શમશેર પોતાના માથા ઉપર મૂકી જરા દબાવતો ને હાથી માર્કાવાળો પિત્તળનો બિલ્લો આગળ આવે તેમ ગોઠવતો. આમ કોચવાન શમશેર તૈયાર થઇ રહેતાં જ એક સાઇસ હાથમાં લાંબા ચાબુક સાથે એની સેવામાં હાજર થતો. પછી શમશેર હાથમાં ચાબુક લઇ પહેલે માળેથી નીચે ઊતરતો. નીચે દૂધ જેવા સફેદ ઘોડાની જોડીને બીજા સાઇસોએ તૈયાર જ રાખી હોય. પણ એ ઘોડાઓને ગાડીમાં જોડયાં પહેલાં થોડાક તગડીને ઠીક કરવામાં આવતા. જ્યાં રવિકાકાનું લાલ મકાન હતું ત્યાં ચારે બાજુ વંડી હતી, ને એક બાજુ નાનો દરવાજો હતો. સાઇસો બંને ઘોડાને અંદર દાખલ કરી બારણું બંધ કરી દે. શમશેર વંડી ઉપર ઊભો થઇને લાંબો ચાબુક હવામાં વીંઝે અને એ હુકમ સાથે જ બેઉ ઘોડા ગોળ ગોળ ચક્કર લેવા માંડે. ઘોડા એક ચક્કર પૂરું કરે ને ફરી ચાબુક હવામાં વીંઝાય; એમ ચાલે. જાણે સરકસનો ખેલ ચાલ્યો. આ રીતે અરધો કલાક ઘોડાને દોડાવી શમશેર ચાબુક આફ્રેલ સાઇસને ભળાવે ને પોતે નીચે ઊતરે. સાઇસ ગાડી બહાર કાઢે ને ઝગઝગ કરતા ચળકી રહે ઘોડા ગાદેનાં પિત્તળનાં સાજ-સાંકળ. ગાડીએ ઘોડા જોડાયા પછી શમશેર કોચ-બૉકસે ચડી તૈયાર થઇને હાથ આગળ કરે કે તુરત સાઇસ લગામ એના હાથમાં મૂકે. શમશેર લગામ પણ અનોખી ઢબે ઝાલતો. દસ આંગળાંમાં પકડેલી એ લગામ એકવાર ખેંચતાં જ બંને ઘોડા તડબડ કરતા ગાડી-દરવાજામાં આવી ઊભા રહેતા. ગાડી ત્યાં આવતાં જ ત્યાં જડેલાં તોતીંગ લાકડાં ઉપર ધડામ્ કરતોક ને અવાજ થતો જે જણાવતો કે ગાડી હાજર છે. બાપુજી હવા ખાવા માટે તૈયાર થઈ ગાડીમાં બેસે ને ગાડી ગાડી-દરવાજો મૂકી આગળ વધે. શમશેર ત્યાં સુધી હાથમાં લગામ લઈ, કોચ-બૉક્સ ઉપર ઊભો રહે. નીચેનાં તોતીંગ લાકડાં ઉપર ગાડીનાં ચારે પૈડાં ફરી જતાં ફરીથી બે વાર ધડામ્ ધડામ્ અવાજ થાય ને તરત શમશેર કોચ બૉક્સ ઉપર એવી અદાથી બેસી જાય, જાણે લખનૌના સિંહાસને કોઈ નવો નવાબ ન બેસતો હોય!

અમારા કોચવાનનું નામ રામુ હતું. એ હિંદુ હોવા છતાં લૂંગી પહેરતો. કોચવાન થાય એટલે લૂંગી પહેરવી જ જોઇએ એટલું એ જાણતો. નાની એવી એક ફાઇટન ગાડી. એમાં બેસીને અમે સાંજે ફરવા જતાં ને તેમાં હવા ખાવાનું પણ પતી જતું. તેમ છતાં નાની ગાડીનો વધુ ઉપયોગ તો સુનયની અને વિનયની જ કરતી.

તબેલામાં પણ જોવા જેવું ઘણું રહેતું-આ બાબુનાં અને તે બાબુનાં એમ ઘણાયનાં ગાડીઘોડાં ત્યાં રહેતાં. બેહાલાથી પ્રત્યેક બુધવારે બેચારામ બાબુ બાંડશે મારા ભાઇઓને બ્રાહ્મોધર્મનું શિક્ષણ આપવા આવતા. એમની ગાડી એના ઘોડા જેવી જ ટચુકડી હતી. અમે ગમ્મતમાં કહેતાં કે 'આટલીક ગાડીમાં બેચારામબાબુ પેસતા હશે કઇ રીતે?' અમારે માટે એ એક કોયડો હતો. તે દિવસોમાં જ્યોતિકાકા કયાંકથી એક જરીપુરાણું બૉઈલર ખરીદી લાવેલા. એ 'સરોજિની' સ્ટીમરમાં બેસાડવાનું હતું. એ બૉઇલર પેલા ગોળ ચક્કરમાં પડયું રહેતું. એક દિવસ બેચારામ બાબુ ભાઇઓને ભણાવી કરીને ઘેર પાછા જવા નીકળ્યા, પણ જુએ તો ઘોડાનો પત્તો જ ન મળે! 'ઘોડો જાય કયાં? જા, જો જો તપાસ કર! ઘોડો ખોવાઇ ગયો!' બેચારામ બાબુ હતાશ થઈ ગયા. ખૂબખૂબ તપાસને અંતે જોયું તો ઘોડો પેલા બૉઈલરમાં ફસાઇ ગયો હતો! ઘાસ ખાતો-ખાતો કયારે એ બૉઈલરમાં ઘૂસી ગયો તેની કોઈ ને ખબર નહોતી. આખરે સાઇસે એને પૂંછડું ઝાલીને બૉઇલરમાંથી ખેંચી કાઢેલો.



નોબતખાનાની નીચે દરવાજાની બાજુમાં જ અમારો રામોનંદ રહેતો. ઘરની સામે જ કૂવો કૂવાને પડખે જ મોટી શાકભાજીની વાડી હતી. એની ઉત્તરે ગૌશાળા, ને ગૌશાળાથી પૂર્વ બાજુ મોટું એવું ગાડીખાનું. ત્યાંથી જરાક દૂર, મકાનને ઇશાન ખૂણે, મોટું એવું આમલીનું ઝાડ. કોણ જાણે કેટલા યે વખતનું જૂનું હતું. એની જાડીજાડી તોતીંગ ડાળીઓ કો દૈત્યના હાથ જેવી જણાતી. જોડાસાંકોના મકાનમાં જેનો જેનો જન્મ થયો છે એ તમામની નાળ એનાં મૂળ પાસે દાટવામાં આવી છે. એ આમલી નીચે છીરૂ મહેતર રહેતો. એની ત્રણ પેઢી અમારી સાથે જ ત્યાં રહી છે. એની વાત હવે પછી. (ચાલુ)


હલનચલન (અનુસંધાન પૃષ્ઠ ૨૨૬થી)

મોં તથા આંખોના સૂક્ષ્મ હાવભાવથી મનની ઉર્મિઓ આબેહૂબ વ્યક્ત થાય છે. આ હાવભાવો આણનાર પણ માંસપેશીઓ છે. ગાલની માંસપેશીઓ મોંના ખૂણા ઉપર ને બહાર પડતી ખેંચાયાથી હાસ્ય ઉપજે છે. હોઠ બંધ રાખતી માંસપેશીઓ વધારે સંકોચાવાથી હોઠ પીસાય છે, જે મોં પર નિશ્ચયાત્મક ભાવો રજૂ કરે છે; અગર તો હોઠ લાંબો થતાં ગમો-અણગમો પ્રદર્શિત થાય છે.

મોઢાની બીજી માંસપેશીઓ (Platygma) નીચલો હોઠ અને મોંના ખૂણાને નીચા પડતી ખેંચવાથી ભય અને આશ્ચર્યના ભાવો વ્યક્ત થાય છે. ઘોડા અને બીજાં પ્રાણીઓમાં પીઠ તથા પેટ સુધી લંબાએલી આ માંસપેશી એટલી બધી ક્રિયાશીલ હોય છે કે માખી યા મચ્છર શરીરના જે ભાગ ઉપર બેઠાં હોય તે જ ભાગની માંસપેશીનો ટૂકડો જોસથી હલાવી ઉડાડી મૂકે છે. આપણને હાથ પ્રાપ્ત થએલા હોવાથી હવે આ માંસપેશીની ઉપયોગિતા રહી નહિ હોઇને તેની આ ક્રિયાશક્તિ નાશ પામી છે. આવી જ રીતે કાન આગળની ત્રણ માંસપેશીઓની આપણી શક્તિ પણ નાશ પામી છે. પશુઓમાં આ માંસપેશીઓ સક્રિય હોવાથી એમના કાન હાલી શકે છે.


નાકની બાજુથી ઉપલા હોઠ સુધી પથરાએલી માંસપેશી વચ્ચેની ગડને ઊંડી બનાવે છે, જે શોક કે દુઃખને રજૂ કરે છે. આ માંસપેશી બીજી માંસપેશીના સહકારથી એવી રીતે સંકોચાય છે કે જેથી ઉપલો હોઠ ઉપર ખેંચાઈ નસકોરાં ફૂલે છે.

આંખ આગળની માંસપેશીઓ સંકોચાવાથી આંખ થોડી કે વધારે બંધ થાય છે. નસકોરાં ફુલાવતી માંસપેશીના કામથી પાંપણ ઉપર ખેંચાય છે અને ભયનો ભાવ પ્રદર્શિત થાય છે. આંખના અંદરના ખૂણા ભણી આવેલી માંસપેશીના કામથી ભવાં નીચાં ખેંચાય છે, જેથી બે આંખ વચ્ચેની ચામડી પર તિરસ્કારની કરચલીઓ પડે છે.



૭૫૨

ડાબી બાજુના ફોટોગ્રાફમાંના ઘૂમલીના મુખ્ય મંદિરના ભોંય-તળિયાનો સ્થાપત્ય-આલેખ(નકશો)



જમણી બાજુ

આજે 'નવલખા' નામથી ઓળખાતું ઘૂમલીનું મુખ્ય મંદિર, જે સોલંકીયુગની ઉત્તમ સ્થાપત્યકૃતિ છે.

(ફોટો : હરજીવનદાસ · પોરબંદર)

સોમનાથનું મંદિર નામશેષ થઇ જતાં આજે સૌરાષ્ટ્રમાં હવે પ્રાચીન કીર્તિમંત શિલ્પસમૃદ્ધિના શ્રેષ્ઠ અવશેષ ધરાવી રહેલું ઘૂમલી

સામાન્યતઃ સૌરાષ્ટ્રમાં સૌથી પ્રાચીન શિલ્પ-સ્થાપત્યના અવશેષો સોમનાથ મંદિરના મનાતા આવ્યા છે.(આજે તો એ પણ જમીનદોસ્ત કરી નંખાયું છે.) પરંતુ એ સોમનાથ કરતાં યે પાંચસો'ક વર્ષ જૂના અને એવા જ—બલ્કે એનાથી પણ ચડિયાતા, ગુજરાતના મોઢેરાના સૂર્યમંદિરની કલાની તોલે આવે એવા પ્રાચીન સ્થાપત્યના અવશેષો ધરાવતું ઘૂમલી હજુ બહુ જાણીતું થયું નથી.



સૌરાષ્ટ્રના પશ્ચિમ ભાગે, પોરબંદરથી પચ્ચીસ માઇલને અંતરે, ત્યાંની બરડાની ડુંગરમાળમાં, જામ ખંભાળિયાથી પાંચેક માઈલ નૈઋત્યે ને ભાણવડથી માત્ર દોઢ જ ગાઉ છેટે, આભપરા, કાનમેરા ને વેણુ નામના ડુંગરોથી રચાએલી ત્રિકોણાકાર ખીણની ગોદમાં આજ સુધી તે છુપાએલું અને વણપ્રીછ્યું પડયું હતું.

આજથી અરધી'ક સદી પર ગુજરાત-કાઠિયાવાડના પ્રાચીન શિલ્પાવશેષોની નોંધ કરી ગએલા બર્જેસે પોતાની એ જાણીતી ગ્રંથમાળામાં 'ઍન્ટીક્વિટીઝ ઑવ કાઠિયાવાડ'ના ગ્રંથમાં લીધેલી નોંધ સિવાય ભાગ્યે જ કોઇને તેની ભાળ હતી. છેક હમણાં સુધી એ અવશેષો ઝાડીની વચ્ચે ઝાડઝાંખરાંથી છવાએલા અવડ પડયા હતા, ને તેમાં ઊગી નીકળેલાં જંગલ-વૃક્ષોનાં મૂળ તેના ચણતરને ફાટ્ટ પાડી ભૂમિશાયી કરતાં હતાં. આજુબાજુ કોળી લોકોનાં છૂટાંછવાયાં ઝૂંપડાં ને એક ભભૂતગર બાવા સિવાય આજે તો ત્યાં બીજી કોઇ વસતિ નથી. પણ માઇલેકના મોટા વિસ્તારમાં વેરવિખેર પડેલા ત્યાંના વીસેક જેટલા વિવિધ પ્રકાર ને શૈલીઓના એ અવશેષો પરથી તે નવમીથી ચૌદમી સદી સુધીના ગાળામાં બંધાએલા લાગે છે. તેનું ઉત્કૃષ્ટ કલા-વિધાન જોતાં જ લાગે છે કે એ પાંચસો વર્ષના ગાળામાં ત્યાં કોઈ વૈભવવતી નગરી હશે. તેના વિશાળ કિલ્લાના તથા શહેર ફરતી આવેલી ખાઇના પણ અવશેષો મળી આવે છે. આજે 'નવલખા'ના નામથી ઓળખાતા મુખ્ય ભવ્ય મંદિર ઉપરાંત બીજાં મંદિરો તથા અનેક જળાશયોના અવશેષો પણ ત્યાં છે, જેમાં સોન તળાવ, સાલેસર તળાવ, જેતા વાવ, દેરાણી વાવ અને ભૃગુકુંડ મુખ્ય છે.

લોકકથા મુજબ સોન કંસારીના શાપથી નાશ પામેલા એ નગરનું નામ ભૂતામ્બલિકા કે ભૂભૃતપલ્લી હતું. એવા ઉલ્લેખો પ્રાચીન સાહિત્ય તથા તામ્રપત્રોમાંથી મળી આવે છે. તેમાંથી તે ભૂમિલિકા



ગુજરાતના ઉત્કૃષ્ટ શિલ્પધામ મોઢેરાના સૂર્યમંદિરના સ્તંભોની બરોબરીનું શિલ્પ દાખવતા ધૂમલીના મુખ્ય મંદિરમાંના સ્તંભ

(ફોટો · જગન મહેતા)

અને ભૂમલી થયું, જે આજે ધૂમલી નામે ઓળખાય છે. દસમીથી ચોદમી સદી સુધીનાં ચારસો વર્ષ લગી એ જેઠવા રાજપૂતોની જાહોજલાલ રાજધાની હતી ને વલભીની પેઠે એનો પણ એ કાળે સૌરાષ્ટ્રભરમાં કીર્તિધ્વજ ફરકતો. ઈસ્વી સનની પહેલી સદીની આસપાસ ભારતમાં જે ગ્રીક, બેક્ટ્રિયન, સીથિયન, શક વગેરે પરદેશી જાતિઓનાં ધાડાં ઊતરી આવ્યાં તે પૈકીના કાશ્મીર તરફથી આવેલા સીથિયનોના વંશજો આ જેઠવાઓ હતા એવું ઇતિહાસવિદોનું અનુમાન છે. આજ સુધી મળી આવેલાં પ્રાચીન તામ્રપત્રો પરથી જણાય છે કે ઇ. ૭૩૪થી ૯૧૯ સુધી ત્યાં સૈન્ધવ રાજવંશનું રાજ્ય હતું. તે પછી દસમી સદીમાં તે જેઠવાઓના હાથમાં આવ્યું. આ સિવાય તેની ચડતીપડતીનો કોઈ ઇતિહાસ મળી આવતો નથી. પણ ઈ. ૧૩૧૩માં આવેલા સિંધના જામ બામણિયાના આક્રમણે તેનો સર્વનાશ કર્યો.

જોકે 'ધર્મે જય અને પાપે ક્ષય'ના લોક-કલ્યાણક સૂત્રને પ્રજામાં જીવંત રાખનાર, અને સમાજજીવનમાં ન્યાય નીતિ તથા સદાચારના પાયા મજબૂત રાખવા મથનાર અર્ધ ઇતિહાસ જેવી દંતકથા તો,' વલભીના નાશની કથાની પેઠે, આ સમૃદ્ધ નગરના વિનાશનું કારણ દુભાએલી સતીના શાપમાં જ આરોપે છે. એ કથા એવી છે કે દ્વારકા પાસેના બેટ શંખોદ્ધારના દુદનશી નામના વાઘેલને ત્યાં એક કન્યા જન્મી. તેની જન્મકુંડળી અશુભ આગાહીવાળી જણાતાં તેને એક પેટીમાં મૂકી દરિયામાં વહેતી કરી, જે મિયાણી બંદર પાસે એક નિઃસંતાન કંસારાને હાથ ચડતાં તેણે તેને ઉછેરી મોટી કરી. મોટપણે તેનું રાજવંશી રૂપ ખીલી નીકળતાં ત્યાંના રાજવી પ્રભાત ચાવડાએ તેનું માગું કર્યું. તે નકારીને કંસારો સોનને લઇ ધૂમલી આવી રહ્યો. ત્યાં ભાણ જેઠવાના સાળા બાબરિયા રખાયત સાથે તેને સ્નેહ થતાં તેનું લગ્ન નક્કી થયું. (એક કથા એવી છે કે રખાયત ભાણ જેઠવાનો પુત્ર હતો અને તે પોતાની ફઈ મીમાતને મળવા ધૂમલી આવેલો, ત્યાં મીમાતની સલાહ તથા ગોઠવણથી સોન સાથે તેનું લગ્ન થયું.) એવામાં ધૂમલીનું ગોધન દુશ્મનો વાળી જાય છે એવી ધા આવતાંવેંત બાંધેલે મીંઢળે તે તેની વારે ધાયો ને ગોધનને બચાવતા મરાયો. તેની પાછળ સતી થવા તૈયાર થએલી સોન પર ભાણ જેઠવાની નજર બગડતાં તેને જબરદસ્તીથી અટકાવી પોતાના ઘરમાં રહેવા સૂચવ્યું. સોને બ્રાહ્મણોનો આશ્રય લેતાં ભાણ તથા બ્રાહ્મણો વચ્ચે મોટું ધીંગાણું થયું, તેમાં ઘણાખરા બ્રાહ્મણો ખપી ગયા અને અંતે સોન સતી થઇ, પણ મરતાં મરતાં તેણે ધૂમલીના સર્વનાશનો શાપ દીધો. પાછળથી તે સ્થાને એક તળાવ તથા મંદિર ચણાવવામાં આવ્યાં જેના અવશેષો–સોન તળાવ અને સોન દહેરી–આજે પણ ઊભા છે. લોકસાહિત્યમાં ધૂમલીની જે આછી ઇતિહાસરેખા અંકાઈ છે તેનો ખ્યાલ આપતો શ્રી મણિલાલ વોરાનો લેખ આ નીચે આપ્યો છે.

ત્યાંના બધા અવશેષોમાં 'નવલખા મંદિર' નામથી ઓળખાતું મંદિર આજે સૌથી મોટું ને ભવ્ય છે. આપણે ત્યાં આવી બધી ભવ્ય પ્રાચીન ઈમારતો લોકજીભે 'નવલખા' (નવ લાખને ખર્ચે બંધાવેલી) તરીકે જ ઓળખાતી આવી છે. વસ્તુત: જેઠવા રાજપૂતો પણ કાઠીઓની માફક સૂર્યપૂજક હોવાથી આ મંદિર સૂર્યમંદિર હશે એવી એક કલ્પના છે. પણ એક માન્યતા તે બારમી સદીના સોલંકીયુગમાં બંધાએલું શિવમંદિર હોવાની છે. ૧૫૦ ફૂટ લાંબા ને ૧૦૦ ફૂટ પહોળા એ મંદિરનું શિલ્પ-સ્થાપત્ય ગુજરાતનાં પ્રાચીન નામચીન મંદિરો રુદ્રમહાલય, સોમનાથ અને મોઢેરાની તોલે આવે એવું છે, જે આ સાથેના થોડા નમૂના પરથી પ્રતીત થશે. સોમનાથ નામશેષ થઈ જતાં સૌરાષ્ટ્રની પ્રાચીન કીર્તિમંત શિલ્પસમૃદ્ધિનો શ્રેષ્ઠ અવશેષ હવે એ જ રહ્યાં છે. ઇતિહાસ, પુરાતત્ત્વ અને કલાની દૃષ્ટિએ સૌરાષ્ટ્રમાં તે અદ્વિતીય છે. તેના રક્ષણ અને ગૌરવની જવાબદારી આજની સૌરાષ્ટ્ર સરકારની છે.

લોકસાહિત્યમાં ધૂમલીની ઇતિહાસરેખા

પશ્ચિમ સૌરાષ્ટ્રમાં આવેલા બરડા ડુંગરના વાયવ્ય ભાગે, આભપરો, કાનમેરો અને વેણુ નામની ટેકરીઓની ઉત્તરે ખીણમાં, ભાણવડથી દોઢ ગાઉ દૂર ધૂમલીનાં ખંડેરો પથરાએલાં પડેલાં છે. આભપરા ઉપરનો કોટ, તળાવો, તળેટીમાંનું પ્રખ્યાત નવલખાનું શિવમંદિર, ગણેશ દહેરું, રામાપોળનો દરવાજો, જેતાવાવ, વિંધ્યવાસિની માતાજીનું સ્થાન, નાનીમોટી વાવો અને વિવિધ

પાળિયા, પશ્ચિમ ભાગમાં કંસારી તળાવ અને સોન કંસારીનાં દહેરાં, ને પૂર્વે ટેકરીના ઢાળ પર વાઘડા ખડકી વગેરે મળીને પ્રાચીન ધૂમલીનો વિસ્તાર કેટલામાં હશે તેની ઝાંખી કરાવે છે. એ પૈકી રામાપોળ ઈસુની નવમી સદીની શરૂઆતમાં અને નવલખા મંદિર દસમીના અંતે કે અગિયારમી સદીની શરૂઆતમાં બંધાયાં હશે.


ગુજરાત-કાઠિયાવાડમાં અગિયારમીથી તેરમી સદી સુધી મંદિરનિર્માણનો એક યુગ હતો. ત્યારે શૈવ તેમજ જૈન મતનાં મંદિરો ઉપરાંત દેવીઓનાં અને સૂર્યના મંદિરો મળીને નાનાંમોટાં અનેક મંદિરો કરાયાં. સોલંકી ગુર્જરેશ્વરો, તેના સામંતો, તેમજ સૌરાષ્ટ્રનાં રાજ્યો ને મહાજનોએ, મહમદ ગઝનીના પ્રહાર પછી પોતાની ધર્મભાવનાને જાણે શિલ્પીઓ દ્વારા સતેજ કરી. પણ તેરમી સદીમાં થએલા સૌરાષ્ટ્રના પ્રચંડ ભૂકંપે એ બધી ઈમારતોને જર્જરિત કરી નાખી, ને ત્યાર પછી જમીન ને તરી માર્ગે આવેલા મુસ્લિમ આક્રમણકારો એ મંદિરોનો સતત નાશ કરતા રહ્યા.

ધૂમલીનો 'નવલખો' સેજકપુરના નવલખાનો સહોદર અને સોમનાથના શિવાલયનો જાણે કલા-અનુજ લાગે છે. સોમનાથથી કદમાં જરા નાનો, પણ કલામાં લેશમાત્ર ઊતરતો નહિ એવો ધૂમલીનો એ નવલખો સોમનાથના પ્રાચીન મંદિરની જોડે ઊભો રહે તેવો છે. શાંતિ સમયે અલબેલી ધૂમલી આ ભાગમાં એક ધીકતું નગર હતુ.

ઊંચો આભપરો ભલો,
નીચી જેતા વાવ,
પદ્મિણી પાણી ભરે,
હંસલી હારોહાર.

પશ્ચિમ સૌરાષ્ટ્રમાં ધૂમલી અને ઢાંક બે મુખ્ય નગરો હતાં. બન્ને પર જેઠવા રાજા રાજ્ય કરતા. ઢાંકની સાથે સિદ્ધનાથ ગુરુ ધૂંધળીમલ અને નાગાર્જુનની દંતકથાસંકળાએલી છે. લોકજીભે રમતી કહેવત 'પટ્ટણ સો દટ્ટણ' વાળું જમીનદોસ્ત થએલું પાટણ તે અત્યારનો ઢાંકનો ટીંબો હોય. મયનલપુરી (મિયાણી) ને મંગલપુરી (માંગરોળ) એ પણ એ વખતે સારાં બંદરો હતા.

માનવવંશના દુર્ભાગ્યમાં પણ માણસાઇની દીવડીઓના પ્રકાશનું સળંગ



ધૂમલીના શિલ્પાવશેષના બે નમૂના: (મથાળે) મંદિરની બહારની દીવાલ પર નાનાનાના ગોખમા કંડારેલી, અંગની વિવિધસુંદર ભંગીઓ ધરાવતી નર્તકીઓ તથા દર્પણકન્યાઓ પૈકીની બે. (નીચે) બહારની દીવાલ પર એ રીતે આવી રહેલી દેવમૂર્તિઓ પૈકીની એક ખંડિત મૂર્તિ (ફોટો-જગન મહેતા)

ચિત્ર એ જ ઇતિહાસ. ધૂમલીનો ઇતિહાસ એવા દુહાઓમાં જ આજે થોડોઘણો સચવાઈ રહ્યો છે. એમાંના થોડા જોઇએ.

રાજા ભાણ જેઠવો પોતાની રિસામણે રહેલી રાણીને મંગળપુરીથી મનાવી તેડી લાવે છે તેની ખુશાલીમાં (કે પછી પ્રાયશ્ચિત્ત તરીકે) અઢારસો કન્યાદાન આપી ઉત્સવ યોજેલો.

ધૂમલીએ ધમસાણ, જંગ માંડ્યો જેઠવો;
મંગલપુરીની માંહ્ય. એક લગ્ને અઢારસો.

પછી શીઆ રાણા અને તેના ભત્રીજા હાલામણ તથા પદ્મિની રાણી સોનની કથા લોકકંઠે એવી ને એવી જીવતી છે. બુદ્ધિમાન સોનકુમારી સમસ્યાપૂર્તિ કરી શકે તેવા રાજકુમારને જ વરવા માગે છે. શીઆ રાણાને સોનને પરણવાના કોડ છે. શીઆનો ચતુર ભત્રીજો હાલામણ સમસ્યાપૂર્તિ કરી સોનને સંતોષે છે. સોન પરણવ ધૂમલી આવે છે. શીઓ તેમાં વિઘ્ન નાખે છે, છતાં હાલામણ ને સોનનાં લગ્ન થાય છે. શીઓ દ્વેષબુદ્ધિથી ભત્રીજાને દેશવટો આપે છે:

ઓખો બરડો ને ધૂમલી,
મેલ્યા ત્રણે દેશ;
શીએ જેઠવે છેતર્યા,
કાઢયાં કાળે વેશ.

છતાં સોન ભક્તિમાં જીવન વિતાવે છે. શીઓ પાછળથી મરણ પામે છે. સોનરાણી હાલામણની દુહાઈ ફેલાવી તેને પાછો સ્વદેશ બોલાવે છે. દેશવટે સિંધમાં રહી હાલામણ ત્યાં પોતાનું રાજ્ય જમાવે છે ને સુમરી રાણીને પરણે છે; છતાં સોનનું તેડું આવવાથી તે ધૂમલી આવવા નીકળે છે. પણ રસ્તામાં તેને સર્પદંશ થાય છે :

હૈયે હુતી હામ,
જાણે સુખડાં માણશું;
પણ કરમે કાળો પ્હાણ,
ભૂખરો હોય તો ભાંગીએ.

છતાં સતીના પ્રતાપે એક ગારુડી હાલામણને સર્પવિષ ઉતારી જીવતો કરે છે. સોન અને હાલામણ ધૂમલીમાં આનંદથી થોડો વખત રહ્યાં, પણ અદૃશ્યરીતે સોનના નિસાસા સુખશાંતિને બાળી રહ્યા હતા.

હાલામણ પછી તેનો પૌત્ર મેહ જેઠવો ધર્મપરાયણ રાજવી થયો. તે પ્રજાને સંતાન જેમ રાખતો. એક દિવસ શિકારે જતાં તે વગડામાં વરસાદની હેલીમાં સપડાયો. બેભાન બનેલા એ મેહની સારવાર એક વૃદ્ધ ચારણ અમરા કાજાની પુત્રી ઊજળીએ પોતાના શરીરની હૂંફ આપીને કરી ને તેને જીવતદાન આપ્યું. આમ, રાજાના શરીરનો સ્પર્શ કરવાથી ઊજળી તેને જ વરી ચૂકી હતી; પણ પ્રજાને પુત્ર ગણનાર અને ચારણને પૂજ્ય ગણનાર મેહ ઊજળીને કેમ પરણી શકે?

અમરા કાજાની ઊજળી, અને ભાણ જેઠવાનો મેહ,
જે દી'નાં પોઢેલ સાથરે, તે દી'નો બાંધેલ નેહ.

ઊજળીનો સ્વીકાર મેહ ન કરી શક્યો. સતીએ શાપ આપ્યો :

કવ કવ કરશે કાગ, ધૂમલીનો ધ્વંસ જશે;
લાગો વધતી આગ, રાત દિ' તારા અંગમાં.

પરિણામે રાજાને શરીરે બળતરા જાગી અને અંતે તે મૃત્યુ પામ્યો. તેના શબ સાથે ઊજળી સતી થઇ.

છેલ્લી કથા છે સતી સોન કંસારી અને રખાયત બાબરિયાની. ભાણ જેઠવા (બીજા)ના વખતમાં તેનો સાળો રખાયત ધૂમલીમાં રહેતો. એ જ વખતે બેટ શંખોદ્ધારના રાજા દુદનશી વાઘેલની રૂપવતી પુત્રી, પણ મિયાણીના કંસારાને ત્યાં ઉછરેલી સોનકુમારી; ધૂમલીમાં રહેતી એ બંનેનાં એકબીજાની પસંગીથી લગ્ન થયાં. પણ ચોરી વખતે જ ગાયના ધણ પર ધાડ પડતાં રખાયત ચોરીમાંથી શત્રુ સામે ચાલી નીકળ્યો. ધાડને પાછી વાળી, પણ રખાયત વીરગતિ પામ્યો.

ધ્રુસ્કે વાગે ઢોલ,
મારું પંડ પોંખાણું નહિ;
હામું હૈયા માંહ્ય,
રહી ગઇ ઘટ રખાયતા.

પતિના શબ સાથે સોન સતી થવા તૈયાર થઇ, ત્યારે ભાણરાજે તે કંસારા જાતિની હોવાથી, તેને સતી ન થવા વીનવી. (એક મત પ્રમાણે પોતાને વરવા માગણી કરી.) સતીનો પ્રકોપ પ્રકટ થયો :

ઠાકોર મ કરો ઠેકડી,
અમે વાઘેલા વિયાં;
લખત અમારાં લઈ ગયાં.
કરમે કંસારી થિયાં.
ઉજડ હોજો અવાસ,
ચારે છેલાવડતણા !
સતીઓ કેરે શાપ, વાસો કોઈ વસશે નહિ!

પછી પ્રાયશ્ચિત્તરૂપે કે અર્ચનરૂપે રાણા ભાણે સોન કંસારી પાછળ કંસારી તળાવ અને કંસારી દહેરાં બંધાવ્યાં.

આમ, સતી સોન, ઊજળી અને સોન કંસારીના શાપ ધૂમલી પર ફરી વળ્યાનું દંતકથા ભાખે છે. છેવટ સંવત ૧૩૬૯માં સિંધના જામ બામણિયાએ ધૂમલીને ઘેરો ઘાલી જીતી લીધું અને એ નગરીનું આખરી પતન થયું. દરમ્યાન એનાં મંદિરોનો નાશ તો વિધર્મીઓને હાથે થતો જ રહ્યો હતો. અંતે એ શહેર ફરી વસ્યું નહિ, વસવા દેખાયું નહિ અને કાળના મુખમાં ગળી ગયું. **મણિલાલ વોરા**

સુભાષિત


• અનુષ્ટુપ •

को देशः कानि मित्राणि कः कालः कौ व्ययागमौ।
कश्चाहं का च मे शक्तिरिति चिन्त्यं मुहुर्मुहुः ॥

(અનુવાદ)

દેશ, કાલ અને મિત્રો, કેવાં છે આય ને વ્યય;
કોણ હું શક્તિ છે કેવી, નિત્ય ચિંતન એ કરો.

[વિવરણ : આ સાદા શ્લોકમાં આ વિષમ સંસારના વ્યવહારમાં સુખ પ્રાપ્ત કરવાની ખરી ચાવી આપેલી છે. આપણા ઋષિમુનિઓએ સેંકડો વર્ષ પહેલાં શાસ્ત્રોમાં આદેશો કરેલા છે, પણ દેશ-કાળની અવગણના ન કરવી એવું તો એ પણ માનતા હતા. યુરોપ-અમેરિકાની દૃષ્ટિએ ભારતનો વિચાર કરીએ. કે બળદનાં ગાડાંના જમાનાની દૃષ્ટિએ આજે વીજળીના જમાનાનો વિચાર કરીએ, તો વિટંબણા જ થાય. એટલે દેશકાળનો વિચાર સર્વથા કરવો જ જોઇએ. આવક ને ખર્ચનો વિચાર પણ એટલો જ મહત્ત્વનો છે એ તો આગળ એક સુભાષિતમાં જોઇ ગયા. 'હું પોતે કોણ ને મારી શક્તિ કેટલી' એ વિચાર પણ અત્યંત મહત્ત્વનો છે. 'હું કોણ છું' એવો સતત વિચાર તો છેવટે મોક્ષ પણ અપાવે છે. પરંતુ વ્યવહારમાં પણ આપણી શક્તિનું ભાન કરાવવા માટે એ વિચાર અગત્યનો છે અને ખોટું કામ કરતાં અટકાવે છે. પોતાના સંજોગો અને શક્તિનો વિચાર કર્યા વગર ફૂદકા મારનારા આજે પણ મળે છે. આનો અર્થ એવો નથી કે સાહસ ન કરવું; પરંતુ જે કરવું તે સંપૂર્ણ વિચાર કરીને કરવું. જાતનો અને શક્તિનો વિચાર કર્યા વગર કરેલાં કાર્યોમાં પણ જ્યારે 'અતિ' થઈ જાય ત્યારે એ કરનારાઓનું સ્થાન ઘરને બદલે ગાંડાની ઇસ્પિતાલમાં જ હોઈ શકે. મિત્રો સુખદુઃખના ભાગીદાર હોવાથી એમની પસંદગીમાં પણ વિચાર કરવો જોઇએ. આ શ્લોકમાં કહેલી સાત વસ્તુઓનો વિચાર કરનાર સંસારમાં દુઃખી થતો નથી. ભાગ્યયોગે કદાચ થાય તોપણ એ દુઃખને આ ચિંતનથી ઓછું તો કરી શકે છે. —ર. ભી.]



પોરબંદર પાસે મૂળ માધવપુરમાં આવેલા પ્રાચીન મંદિરના ઘુમટની છતમાંનું આ કોતરકામ એક કાળે ગુજરાત-સૌરાષ્ટ્રમાં વ્યાપી રહેલી ગુજરાતી કલાના પરાકોટિ કાળનો નમૂનો છે. ઘૂમલી, આબુ, ગિરનાર, દ્વારકાનું રુક્મિણી-મંદિર, મિયાણીમાં હરસિદ્ધ માતાનું જૂનું મંદિર અને આ માધવપુરનું મંદિર, સર્વત્ર ઘુમટના અંતરાલની આ કલા દેખાય છે. એમાં બારીક કોતરણીવાળા પોલા ગોળાર્ધ, મધપૂડાની અદાથી ગોઠવીને ઘુમટને ભરી દેવામાં આવે છે. (પોરબંદરની ભાવસિંહજી હાઇસ્કૂલના વિદ્યાર્થી-સંગ્રહસ્થાનના સૌજન્યે)

નવાં પુસ્તકો

આપણી દુનિયા વિષેની શાળોપયોગી અભ્યાસપૂર્ણ માહિતી આપતું ભરચક ચિત્રોવાળું ભૂગોળનું એ વિષયના જાણીતા નિષ્ણાતને હાથે લખાએલું દળદાર પાઠ્ય પુસ્તક, લેખક: ભાસ્કરરાવ વિદ્વાંસ. ૪-૧૨-૦; **નવી હિન્દી** ભાગ ૧, ૨ અને ૩: પાંચમા, છઠ્ઠા ને સાતમા ધોરણનાં બાળકોને લક્ષમાં રાખી લખાએલાં હિંદીનાં પાઠ્યપુસ્તકો, લેખક: રણધીર ઉપાધ્યાય, આ બધાંનાં પ્રકાશક : બાલગોવિંદ કુબેરદાસની કંપની, ગાંધી-માર્ગ અમદાવાદ. કિંમત અનુક્રમે ૦-૧૪-૦; ૧-૦-૦; ૧-૪-૦; **શૌર્ય તર્પણ** : મહારાણા પ્રતાપના જીવનની આસપાસ ગૂંથેલી ઐતિહાસિક કથા. લેખક: રમણલાલ વસંતલાલ દેસાઈ, પ્રકાશક: આર. આર. શેઠની કંપની, મુંબાઈ-૨, ૫-૦-૦; **રામનાં રખોપાં** : શ્રી સાને ગુરુજીની रामाचा शेला નામની કર્તવ્યપરાયણતાથી નીતરતી નવલકથાનો અનુવાદ—કરનાર: જયન્ત પરમાર, પ્રકાશક: ભારતી સાહિત્ય સંઘ લિ. અમદાવાદ, ૪-૦-૦; **પથ્થરનાં ફૂલ**: લેખક: પરાસ્ત, **छोटीसी बातें**: લેખક: નકીર, **દોલાકાકા**: લેખક: 'નકીર'—બોધ તેમજ હાસ્ય-વિનોદથી ભરપૂર વાર્તાઓની સરતી, સુંદર ને ખિસ્સાંકદની લોકભોગ્ય પુસ્તિકાઓ, દરેકના ૦-૧૦-૦; ત્રણેના પ્રકાશક: વસંત બુક ડીપો, લાખાજી રોડ, રાજકોટ. **શ્રીમંગલ**: સંસાર-કેડીએ સફર માંડતાં નવપરિણીતોની મંગલ આરતી સમું, લગ્નનાં મંગલાષ્ટકો, ગીતો ને ભાવનાઓનું સંપાદન—કરનાર: 'પંકજ', પ્રકાશક: નટવર વોરા, સાધના મંદિર, ૬ ચોપાટી સી. ફેઇસ, મુંબાઇ ૭; **જીવનઘડતર**માં કામ લાગે એવાં ઉપયોગી લખાણોવાળું એ નામનું પુસ્તક, લેખક : શિવાભાઇ ગો. પટેલ, ૧-૦-૦.

ધર્મના અભ્યુત્થાનાર્થે: શ્રીમદ્ ગોસ્વામી તુલસીદાસ કૃત 'રામચરિતમાનસ'ના આધારે પ્રવાહી અનુષ્ટુપની લગભગ ૧૧૦૦ લીટીમાં શ્રી ભગીરથ મહેતાએ લખેલા લાંબા કાવ્ય વાળો 'ગ્રામસેવા'નો ખાસ અંક: પ્રકાશક—'ગ્રામસેવા' કાર્યાલય, મુ. ઉનાવા (બાલવા), વાયા કલોલ, (ઉ. ગુજરાત) કિંમત જણાવી નથી.

નૂતન સાહિત્ય પ્રકાશનનાં પુસ્તકો

મારાં સંસ્મરણો: અમેરિકન પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટનાં પત્ની એલીનોર રૂઝવેલ્ટના This I Remember નામના પુસ્તકનું, સંક્ષિપ્ત ભાષાન્તર; **પ્રકાશમાં તિમિર**: સત્ય ઐતિહાસિક પરિસ્થિતિ પરથી આર્થર કૉસ્લરે લખેલી નવલકથા Darkness at Noonનો અનુવાદ; **વિરોધનીશોધ**: માણસના આંતરિક સંઘર્ષના કારણરૂપ, અમેરિકાએ ને રશિયાએ બતાવેલા, પરસ્પર બે વિરોધી માર્ગો પર વિવેચન આપતા પેનિંગ્ટન હેલના The Eagle & the Bear નો અનુવાદ; **પ્રજાતંત્ર** વિષે ચિત્રો દ્વારા અત્યંત સરળ સમજ આપતું રૉલિસ ઓપર ગૉસલિનનું અનુદિત સચિત્ર પુસ્તક; **મૉસ્કોમાં ત્રણ વર્ષ**: આજની આંતરરાષ્ટ્રીય રાજનૈતિક અથડામણોને વખતે રશિયાને લગતી ખરી હકીકતો જણાવતા, અમેરિકન એલચી તરીકે વૉલ્ટર બૅડલ સ્મિથે રશિયામાં પોતે ગાળેલાં ત્રણ વર્ષના અનુભવ પરથી લખેલા પુસ્તક My three years in Moscow નો સંક્ષિપ્ત અનુવાદ; દરેકની કિંમત ૧-૮-૦. આ બધાં પુસ્તકોના સોલ ડિસ્ટ્રીબ્યૂટર્સ 'રાજકમલ પબ્લિકેશન લિ.' ભારતીય વિદ્યાભવન, ૨૫ ચોપાટી રોડ, મુંબઈ-૭.

સાયન્સ ફલક્સ ઑવ ઇન્ડિયા એ નામથી ભારતનાં વિજ્ઞાનમંડળના સમાચારો તથા પ્રવૃત્તિઓ પ્રકટ કરતી ત્રૈમાસિક પત્રિકા (વાર્ષિક લવાજમ રૂ. ૪) વડોદરાથી પ્રો. જી. એમ. જાદવ પ્રકટ કરે છે. આ કાર્ય ધંધા રૂપે નહિ, પણ વિજ્ઞાનની સેવાઅર્થે છે. સાથે વિજ્ઞાનની માહિતીભરી નોંધો આપવામાં આવે છે.



માધુકરી

તારો જ દુશ્મન અને પ્રિય મિત્ર તું છે;
આધાર તું જ તુજ સૌ સુખદુઃખનો છે;
વક્ત્રે પડેલ રજ સ્હેજ સમારી લેશે
તો આરસી ય પ્રતિબિબ સુરમ્ય દેશે,
ના કોઇની કદ્દષણા ઉર ડંખ દેશે. —વિવિત્સુ

વિનુ માંકડનો વિજય

'મૅરૅથૉન માંકડ ધ મૅગ્નિફિસન્ટ (ક્રીડાંગણનો વીર, ભવ્ય માંકડ)'...'દુનિયાનો બીજા નંબરનો ઑલરાઉન્ડર!'...'શો અદ્ભુત માનવી છે આ માંકડ! સર્વ કાળના મહાન ક્રિકેટ-પટુઓને શોભાવતો'...'ટેસ્ટ-ક્રિકેટના ઇતિહાસનું એક સર્વોત્તમ પ્રકરણ'...'જગતના કોઈ પણ પહેલા અગિયાર "વર્લ્ડ-ઇલેવન" ખેલાડીઓમાં નિશ્ચિત સ્થાન કરી ચૂકેલો માંકડ'... 'એ અજબ ક્રિકેટ-કલાકારને ઈંગ્લંડની આદરભરી સલામ!'

ગઈ તા. ૨૩મી જૂનની સવારનાં ઈંગ્લંડનાં દૈનિક પત્રો આવી બાખૂબ પ્રશંસાથી હિંદી ક્રિકેટવીર વિનુ માંકડને મોટા અક્ષરે બિરદાવી રહ્યાં હતાં. લૉર્ડ્ઝના વિખ્યાત ક્રીડાંગણ ઉપર, ઈંગ્લંડ અને ભારત વચ્ચે રમાએલી બીજી ટેસ્ટ મૅચમાં જે અદ્ભુત કૌશલ, અણથાક પુરુષાર્થ અને નિશ્ચલ છુટ્ટા હાથની રમતે એણે રમતનું છોગું ફરકાવ્યું તેના ઉપર ઇંગ્લંડની ખેલદિલ પ્રજા વારીવારી ગઈ. એ રમત રમીને તે શમિયાણામાં પાછો ફર્યો ત્યારે એમ. સી. સી.ના બધા ખેલાડીઓએ સામે આવી તેનું સ્વાગત કર્યું—જે વિરલ માન બહુ જ ઓછાને કોઈ મહાન પ્રસંગે જ મળે છે.

પહેલી ટેસ્ટ મૅચમાં કંગાલ દેખાવ થયા પછી, અનેક આડખીલીઓ બાદ માંકડને રમતમાં ઊતરવા દેવામાં આવ્યો અને એ બીજી ટેસ્ટમાં ભારતને દારુણ પરાજયમાંથી ઉગારવા માટે એણે જે બધી મળીને સાત કલાકની ૭૩ ઓવરની એકધારી અણથાક બોલિંગ નાખી તેમાં એ ક્રિકેટપટુની પ્રચંડ તાકાત જોઇને ઇંગ્લંડના પ્રેક્ષકો મોંમાં આંગળાં નાખી ગયા: છેક છેલ્લા દડા સુધી એના ડાબોડી 'સ્પિન' બોલિંગની એ જ એકધારી ચમક,



ચાતુરી ને વેગ: લેશમાત્ર થાક નહિ, અધરાપણું નહિ; અરે, ક્રિકેટ-કૌશલને બાજુએ રાખીએ તોપણ એટલા સમયનું એવું નિશ્ચલ બોલિંગ એ અદ્ભુત સહનશક્તિ ને પ્રચંડ શરીરબળનું અજોડ ઉદાહરણ હતું. સાથે બૅટિંગમાં પણ એ જ શાંત, નિશ્ચલ પણ અખૂટ ધરબેલી તાકાત વડે બૅટના એ બાદશાહે અવનવા પ્રકારની ફટકાબાજી બોલાવી પોતાના રનનો જુમલો ૧૮૪ને આંકડે પહોંચાડીને, આજ સુધીના ઇતિહાસમાં ઇંગ્લંડ સામેની ટેસ્ટમાં હિંદીએ એકલે હાથે કરેલા વધુમાં વધુ રનનો વિક્રમ સ્થાપ્યો. એ સમગ્રતયા પણ આખી રમતને પોતાના વ્યક્તિત્વથી આવરી લઇને એણે જે ક્રિકેટ-કૌશલ દાખવ્યું તે જોઇને તો એ મૅચ જાણે એકલા માંકડ ને ઇંગ્લંડ વચ્ચે જ હોય એમ સૌને લાગ્યું. એ મૅચનું પરિણામ તો, કાળના પ્રવાહમાં, બધાં પરિણામોની પેઠે વિસરાઈ જશે, પણ એ રમત તો 'માંકડ-મૅચ'ને નામે ક્રિકેટના ઇતિહાસમાં અમર રહેશે.

આપણાં આંગણનાં પંખી [૭૮]

ટીટોડી



કદમાં કાબર જેવડું આ પંખી તેના લાંબા પગને લીધે પ્રથમ દૃષ્ટિએ તો મોટું લાગે. તેનું માથું કાળું; પાંખનો ઉપરનો ભાગ ભૂખરો કાળો, પેટનો ભાગ સફેદ અને પગ પાંડુ રંગના. આંખ આગળથી એક સફેદ પટ્ટી શરૂ થઇને છેક પેટ સુધી જાય છે. પૂંછડી ઉપર પણ એક ધોળો પટ્ટો હોય છે, ને જ્યારે તે ઊડે છે ત્યારે તેની પાંખોમાં આવેલા બે સફેદ પટ્ટા આ પૂછડીના સફેદ પટ્ટા સાથે જોડાઈ જઇને અંગ્રેજી W અક્ષર જેવો આકાર સાફ તરી આવે. તેની ચાંચ રતાશપડતી અને કપાળમાં લાલ લટકતી ચામડી હોય છે.

સામાન્યત: ટીટોડી જમીન ઉપર જ પોતપોતાના માળા બનાવે છે. આજુબાજુની જમીનથી સહેજ ઊંચી જમીન પસંદ કરી, તેમાં પગ વતી શંકુ આકારનો એક ખાડો ખોતરી, તેમાં નાનાનાના કાંકરા ગોઠવી, જમીન વગેરેના દેખાવ સાથે તેને એવો તો એકરંગ બનાવી દે છે કે આપણે એક વાર તે જોયો હોય છતાં બીજી વાર શોધતાં યે ન જડે. ને ઈંડાં મૂકયા પછી તો આ પંખી, જુદીજુદી દિશાએ ઊડી પોતાના માળાની મૂળ જગ્યા જ આપણને નક્કી ન કરવા દે. ખરો માળો હોય ત્યાંથી કયાંક બીજે જ તે હશે એવો આપણને ભ્રમ કરાવે. તેના માળામાં રંગે પીળાશપડતાં ને ઉપર કાળા ડાઘાવાળાં ચાર ઇંડાં હોય છે, જેના અણિયાળા છેડા હમેશાં જમીન તરફ જ ગોઠવાએલા હોય છે. નરમાદા બંને વારાફરતી તેને સેવે છે ને ચોકી કરે છે. આમ એ ઇંડાં પર બેઠું હોય ત્યારે તેનો પોતાનો રંગ પણ જમીન સાથે મળી જઈ ઝટ નજરે નથી ચડતું. એક પંખી જ્યારે માળામાં હોય છે ત્યારે બીજું નજીકમાં કોઈ ઊંચે સ્થળે બેસી આવતાંજતાંનું ધ્યાન રાખે છે અને કંઈ પણ શંકા જાય કે તુરત બીજાને ચેતવી દે છે કે જેથી પેલું પંખી ઊડી જઇ માળાનો પત્તો લાગવા ન દે. મે થી ઑગસ્ટ એ તેનો પ્રજનન કાળ.

જામનગરના એ જગપ્રસિદ્ધ ખેલાડીનું નાનું જીવનચરિત્ર 'કુમાર' ના ૨૮૫મા અંકમાં આવી ગયું છે. એમનું મૂળ નામ મૂળવતરાય હેમંતરાય માંકડ. પણ નાનપણના મોસાળના હુલામણા સંબોધન 'વિનુ'ને નામે જ એમને ક્રિકેટની કારકિર્દી વરી. ઇ. ૧૯૧૭ની ૧૨મી એપ્રિલે જામનગરમાં એમનો જન્મ થયો. શાળાજીવનમાંથી ક્રિકેટ રમવાની એમણે શરૂઆત કરેલી અને સમસ્ત કાઠિયાવાડ સ્કૂલ્સ ટુર્નામેન્ટમાં પોતાની શાળાને શીલ્ડ અપાવી એ એમનો પહેલો વિજય. એમાં એમણે જે ચપળતા ને આવડત બતાવ્યાં તેને લીધે તરત એને જામનગર ટીમમાં લેવામાં આવ્યા, જ્યાં પ્રિન્સ દુલીપસિંહજી ને વેન્સ્લી જેવા ખેલાડીઓ નીચે તે રમતની તાલીમ લેવા સદ્‌ભાગી થએલા. ઈ. ૧૯૩૭માં એણે પહેલી વાર રણજી ટ્રોફીમાં ઊતરીને પોતાનું પાણી બતાવ્યું અને તરત તે ચતુરંગી મૅચમાં રમતા થઈ અચૂક બૅટ્સમૅન તરીકે નામના મેળવતા ગયા. ત્યાર પછી એમના 'સ્પિન' બોલિંગની લોકોને જાણ થઇ. લૉર્ડ ટેનીસનની ટીમ સામે ૬ ઇનિંગમાં ૩૭૬ રન કરીને એમણે જેવી પોતના બૅટિંગની બોલબાલા બોલાવી દીધી; તેવી જ રીતે બોલિંગમાં સરેરાશ ૧૪ રન આપીને જે ૧૫ વિકેટ લઇ એણે જગતને પોતાના એ ખમીરની પણ ખાતરી કરાવી દીધી. પછી ૧૯૪૬માં ઇંગ્લંડના નામી બૅટ્સમેનોને પણ મહાત કરીને સો વિકેટ અને એક હજાર રનનો જુમલો નોંધાવી 'ક્રિકેટ-ડબલ'નું માન મેળવ્યું, એ પછી તો એમનું કૌશલ ઉચ્ચોચ્ચ કીર્તિશિખરનું આરોહણ જ કરતું રહ્યું છે. ઇંગ્લંડમાંથી 'વેરીટી' જતાં આજ ડાબોડી બૉલર તરીકે તેમની તોલે કોઈ ઊભો ન રહી શકે. તેના આ છેલ્લા વિજય પર બ્રિટિશ પત્રો તેને બિરદાવતાં લખે છે કે 'જગતના સર્વશ્રેષ્ઠ ઑલ-રાઉન્ડર ગણાતા, ઑસ્ટ્રેલિયાના કીથ મિલરે પણ કોઇ પણ એક જ મૅચમાં ઑસ્ટ્રેલિયા માટે આટલું કૌશલ નથી દાખવ્યું, જેટલું હિંદ માટે આ ટેસ્ટ મૅચમાં માંકડે બતાવ્યું છે.' રમતની શરૂઆતથી જ એણે જે ફટકાબાજી આદરી હતી એ જોતાં ઇંગ્લંડના બોલરો તો તેની સામે જાણે મધ્યમ કોટિના જ લાગતા. સંપૂર્ણ સ્વસ્થતાથી તેણે પોતાનો જુમલો જોતજોતાંમાં ૧૮૪ને આંકડે પહોંચાડી દીધો. આટલા વખતમાં એક છક્કો અને ઓગણીસ ચોક્કા એમણે ફટકારેલા. ઇંગ્લંડ વિરુદ્ધ હિંદીએ દાખવેલા હજી સુધીના વધુમાં વધુ આંકડાનો ક્રમ પણ વટાવી જઈ એમણે નવો વિક્રમ સ્થાપ્યો, અને રમતથી હાથ ધોઈ બેઠેલી હિંદી ટીમમાં અને સાથોસાથ આખા મેદાનમાં જીવ મૂકી દઈ એમણે નવી ચેતના પ્રસરાવી દીધી.

પણ માંકડની આવી અદ્‌ભુત રમત હિંદને જીત ન અપાવી શકી. અથવા કદાચ એમ જ કહી શકાય કે આવા મહાન ખેલાડીને પોતાને પક્ષે રમાડવા છતાં ભારતીય ટીમ પોતાની આવડતનો બીજો કોઈ પુરાવો ન દેખાડી શકી. પહેલી વિકેટમાં જ સદી વટાવી જવા જેવી સરસ શરૂઆત થવા છતાં, અનુગામી બૅટ્સમેનોએ તો લીડ્સની પહેલી ટેસ્ટમાં જે નિરાશા વર્તાવેલી એ જ રીતે રમીને અહીં પણ અંતે તો ધબડકો જ વાળ્યો. દરેક સારી વિકેટ વંખતે જ આપણે દાવ હારી બેઠા. માંકડની આવી અદ્‌ભુત રમત છતાં, ભારતીય સંઘે વિચાર વગરની ફિલ્ડિંગ વડે જે તકો ગુમાવી તેને લીધે તો હટન ૧૫૦ રન, સિમ્પ્સન ૫૩ અને પીટર ૭૪ રન આપણે કપાળે ચોડી ગયા. કેટલાકે આને આપણી બિનઆવડત ગણાવી, કેટલાકે બિનજવાબદારી ને બેદરકારી લેખવી. તેમાં માંકડની સાત સાત કલાકની અચૂક બોલિંગ અને દુનિયાભરમાં ઊજળી ઊઠેલી તેની ફટકાબાજી પણ શું કરી શકે? ભલે ભારતીય સંઘની હાર થઇ, પરંતુ તેમાં ઝળકી ઊઠેલા વિનુ માંકડના વિજયને તો કોઈ નકારી શકે તેમ નથી.

બી. સી. જી. રસી

દુનિયાના સુધરેલા દેશોમાં તો ઘણાખરા લોકોને આજે કોઈ કોઇ વયે ક્ષય રોગનો ચેપ લાગૂ પડે છે. જોકે આમાંથી મોટા ભાગના લોકોને તો તેમની કુદરતી રોગપ્રતિકારક શક્તિના પ્રતાપે ચેપ થંભી જાય છે ને માત્ર મંદ બનીને શરીરમાં ઘર કરી રહે છે, પણ થોડાઓમાં જીવલેણ રોગ શરૂ થાય છે; જે તેમનો અંત લાવે છે. અયોગ્ય રહેઠાણ, અપૂરતો ખોરાક, અત્યંત શ્રમ વગેરે કારણોસર શારીરિક શક્તિ નબળી પડતાં જ ઘર કરી બેઠેલો મંદ ચેપ જાગ્રત થાય છે અને રોગ દેખા દે છે.

ક્ષય માટે હમણાં 'સ્ટ્રેપ્ટોમાઇસિન', 'થાએોસેમી કારબેઝોન', 'પાસ' વગેરે રામબાણ મહૌષધિઓ શોધાઇ છે, છતાં યે આ રોગની અગાઉની ભયાનકતાની છાપમાં જરાએ ઓટ નથી આવી. ક્ષય એટલે 'ક્ષય' જ–ઘસારો: પૈસાનો અને શરીરનો. એક વાર શરીરમાં તે થયો એટલે મટવા છતાં યે કોક વાર પણ એનો ઉથલો ખાવાની બીક તો ખરી જ. તે સંપૂર્ણ મટે એટલે 'નવી જિંદગી જ મળી' એ માન્યતા તદ્દન સાચી છે.

આ રોગના ચેપમાંથી નિર્ભયતા મેળવવા માટે હમણાં 'બી.સી.જી.' નામની વૅક્સીન (રસી) અકસીર પુરવાર થઇ છે. દૂધ જેવી આ દવાનાં થોડાં ટીપાં ઇન્જેક્શન દ્વારા લેવાથી માણસને રોગક્ષમતા (Immunity) પ્રાપ્ત થાય છે, જે ત્રણથી છ વર્ષ સુધી કાયમ રહે છે. એ એટલી બળવાન હોય છે કે એ દરમિયાન ભલેને માણસ કોઇ ક્ષય રોગીની પાસે રહે છતાં, એને તેનો ચેપ લાગૂ પડતો નથી.

જર્મન ડૉકટર રોબર્ટ કોચે (Koch) ઈ. સ. ૧૮૮૮માં ક્ષયરોગના જીવાણુઓ શોધ્યા ત્યારથી ઘણા વિજ્ઞાનીઓ આ જીવાણુઓમાંથી વૅક્સીન (રસી) બનાવવા માટે અસંખ્ય પ્રયોગો કર્યા કરતા હતા. પણ એમાં સફળતા નહોતી મળતી. પછી ફ્રાંસમાં ગાયો ને ગોવાળોને દૂધના વહેપારમાં ક્ષયરોગ લાગુ ના પડે એવી રસીની શોધખોળ ને પ્રયોગો કરતાંકરતાં ઈ. ૧૯૦૮માં પાસ્તર ઈન્સ્ટીટ્યૂટના ડૉ. આલ્બર્ટ કામેત (Albart Calmette) અને કેમીલી ગુએરીન (Camille Guerin) નામના બે વિજ્ઞાનીઓને આ અજબ સિદ્ધિ પ્રાપ્ત થઇ.

આ રસી બનાવવા માટે ક્ષયરોગથી પીડાતી ગાયોના બાવલા (Ueder)માંથી મેળવેલા ક્ષયના જીવાણુઓ એટલા તો ક્ષીણ (devitalize) બનાવવાના હતા કે જેને શરીરમાં દાખલ કરતાં તે રોગ પેદા ન કરે, પણ રોગક્ષમતા આણે. કામેત ને ગુએરીને જીવાણુ માટે એવું ખાદ્ય બનાવ્યું કે જે તેમને શક્તિવિહીન કરી નાખે. આ ખાદ્ય ગોમાંસ અને ગ્લીસરીનમાં બટાટા રાંધી બનાવ્યું હતું. દર વીસ-પચ્ચીસ દિવસે જીવાણુઓને તાજા બનાવેલા ખાદ્યમાં બદલવામાં આવતા હતા. આમ ૨૩૦ વખત અદલાબદલી પછી તેર વર્ષના અંતે ઈ. સ. ૧૯૨૧માં રસી બનાવવા માટેનો 'મસાલો' તૈયાર થયો. વરસોની એકધારી સાધના અને તપશ્ચર્યા ફળતાં ક્ષય વિરોધી રસી તૈયાર થઈ. અને શોધકોને અમર કરવું તેનું નામ શોધક ડૉકટરો કામેત ને ગુએરીનના પ્રથમાક્ષરો ઉપરથી બી. સી. જી. વૅક્સીન આપવામાં આવ્યું.

આનો સૌથી પ્રથમ વપરાશ ગનીપીગ, સસલાં, વાંદરાં, ઘોડાં અને ગાયો ઉપર કરવામાં આવ્યો. આની અસરકારકતા જાણવા માટે આ પ્રાણીઓ ઉપર ટ્યુબરક્યુલીનનો ટેસ્ટ કરી જોતાં માલૂમ પડ્યું કે એમનામાં ક્ષયરોગ સામે જબ્બર પ્રતિકારક શક્તિ પેદા થઇ હતી.

પણ માણસો માટે આ અસરકારક છતાં બિનજોખમી છે કે નહિ તે પ્રયોગ કોના ઉપર કરવો? પારીસના ડૉ. વીલ-હેબની દીકરી

પ્રયોગનું સૌ પ્રથમ પાત્ર બની. દાક્તરની ક્ષયગ્રસ્ત પત્ની સુવાવડમાં ગુજરી ગઇ હતી ને બાળકીને ઉછેરનાર તેની આજી પણ ક્ષયરોગગ્રસ્ત હતી. એટલે બાળકી ક્ષયરોગી બને એવું એનું જીવન આમે યે જોખમાએલું તો હતું જ. તેને બી.સી.જી. રસીનાં થોડાં ટીપાં દૂધમાં નાખી પાયાં. પરિણામ ઘણું સુંદર આવ્યું. બાળકીનું આરોગ્ય સુધર્યું.

પછી તો દસ વરસના ગાળામાં ફ્રાન્સનાં છ લાખ બાળકોને ને બીજાં સ્થળોએ અસંખ્ય બાળકોને આ રસી મૂકવામાં આવી. પરિણામ ઉપરથી અનુમાનવામાં આવ્યું કે રસી મૂકેલાં બાળકો કરતાં રસી મૂકયા વગરનાં બાળકોનું ક્ષયથી મરણ પ્રમાણ પાંચ ગણું વધારે હતું.

રસીના ગુણની બોલબોલા થઇ રહી, પણ ૧૯૩૦માં બનેલા એક કરુણ બનાવથી રસીના નામને બટ્ટો લાગ્યો. જર્મનીના લ્યુબેક શહેરમાં ૨૪૯ રસી મૂકેલાં બાળકોમાંથી થોડા માસમાં જ ૭૭બાળકો ક્ષયરોગથી જ મરણ પામ્યા! સર્વત્ર હાહાકાર વર્તી રહ્યો. તપાસ કરતાં માલૂમ પડયું કે રસીની બનાવટમાં કંઇક ગોટાળો થયો હતો. માનવીને લાગુ પડતા ક્ષયરોગના ઉગ્ર જીવાણુના કલ્ચર (Culture) માંનાં થોડાં એ રસી બનાવવામાં વપરાયાં હતાં. અને માણસોને મારી નાખે એવા જીવાણુઓની રસી આપવામાં આવી હતી, એટલે પરિણામ તો ભયંકર જ આવે ને! આટલી બધી ચોખવટ છતાં યે દાક્તરોએ 'બી. સી. જી.' રસીને ફગાવી દીધી.

પણ નૉર્વે, સ્વીડન અને ડેન્માર્કના દાક્તરોએ શંકાશીલ બન્યા વગર તેનો વપરાશ ચાલુ રાખ્યો. સ્વીડનના ગોથેનબર્ગમાં તો ક્ષયવાળા કુટુમ્બમાં જન્મેલા દરેક બાળકને રસી મૂકવામાં આવી. પરિણામ અદ્ભુત આવ્યું. ક્ષયથી થતા મરણ પ્રમાણમાં ૮૦ ટકાનો ઘટાડો થયો. કોપનહાગનમાં દસ વરસના અનુભવ બાદ જાહેર થયું કે 'ક્ષયગ્રસ્ત કુટુમ્બમાંથી એકેય બાળક ક્ષયથી મર્યું નથી.' આખા સ્કૅન્ડીનેવિયાનો પણ આવો જ અનુભવ-બોલ હતો. આ રીતે ૫૦ લાખ જણાઓને રસી મૂકયા બાદ ચોક્કસ થયું કે બી.સી.જી. અસરકારક છતાં બિનજોખમી છે; અને લ્યુબેક પ્રકરણની કાલિમા દૂર થઈ.

બીજા વિશ્વયુદ્ધથી ખુવાર થએલા યુરોપમાં ક્ષયનો પંજો મોટા વિસ્તાર ઉપર ફરી વળ્યો હતો. આ કટોકટીને પહોંચી વળવા માટે આ રસીના વપરાશની મોટી જરૂર ઊભી થઇ. ઇ. સ. ૧૯૪૬-૪૭માં ડેનીશ રેડ-ક્રોસ સોસાયટીએ પોલાંડ, હંગેરી અને જર્મનીમાં ફરી વળી લોકોને રસી મૂકી રોગમુક્ત બનાવ્યા. ઇ. સ. ૧૯૫૧માં યુનીસેફ સંસ્થાએ (United Nations International Children's Emergency Fund: UNICEF) આમાં સક્રિય ભાગ લીધો; અને ક્ષયવિરોધી રસી મૂકવાનું કામ દુનિયાભરમાં પ્રસરી વળ્યું. રસી મૂકનારી ટુકડીઓએ એરોપ્લેન, મોટર કે ઘોડા ઉપર મુસાફરી ખેડી; બળદગાડીમાં કે ઊંટ ઉપર બેસી યુરોપના દશ દેશો ઉપરાંત આફ્રિકા, મધ્યપૂર્વ, એશિયા અને અમેરિકાના દેશોમાં ખૂણેખાંચરે ઘૂમી વળી લોકોને બી.સી.જી. રસી મૂકી ક્ષયનો ફેલાવો થતો અટકાવ્યો. અને આજે તો બી.સી.જી.નો વિજયધ્વજ દુનિયાના દેશો પર ફરકી રહ્યો છે.

—ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

ભારતીય નવયુવાનનો સાહસિક સાઈકલ-પ્રવાસ

૧૮ મહિનામાં ૧૨,૦૦૦ માઇલનો સાઈકલ-પ્રવાસ ખેડીને ૨૬ વર્ષની વયના એક સાહસિક ભારતીય નવયુવાન, કલકત્તાના શ્રી આર. દત્ત, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ઈરાન, ઈરાક, સીરિયા, લેબાનોન, ઇજિપ્ત, ઇટાલી, સ્વિટ્ઝર્લૅન્ડ અને ફ્રાન્સ થઇને લંડન જઈ પહોંચ્યા છે. ગજવામાં તે માત્ર બસો રૂપિયા લઇને નીકળેલા. બગદાદમાં બીજા રૂા. ૧૯૦ કમાઈ લીધેલા. લંડન પહોંચ્યા ત્યારે ગજવામાં માત્ર થોડા પૈસા બચ્યા હતા. તેમના આ પ્રવાસનું મુખ્ય પ્રયોજન દુનિયા જોવાનું છે, દૂર પૂર્વના માર્ગે થઇને સ્વદેશ પાછા ફરવા ધારે છે

દર સેકંડે ૧ બટન

આપોઆપ દર સેકંડે ૧ બટન ટાંકતાં બ્રિટનમાં બનેલા એક યંત્રને તાજેતરમાં બ્રસેલ્સમાં ભરાએલા નવીનવી શોધોના પ્રદર્શનમાં સૌથી મોટું ઈનામ મળ્યું હતું. દુનિયાભરમાં આવું યંત્ર એ એક જ છે. આ યંત્રમાં બટન આપોઆપ ગોઠવાતાં જાય છે અને દર સેકંડે ૧ બટન ટંકાતું જાય છે. ભાંગેલા કે તુટેલાં બટન બહાર ફેંકાઇ જાય છે.

નવી દુનિયાનું જૂનું કલ્પવૃક્ષ

કોલંબસ જ્યારે અમેરિકાની બીજી વારની મુસાફરી કરતો હતો ત્યારે એણે હાઈટી પ્રદેશના લોકોને એક ઝાડના ગુંદરમાંથી બનાવેલા દડા વડે રમતા જોએલા. એ ગુંદર ન હતો, પણ ઝાડનો જમાવેલો રસ હતો. નવતર એ ચીજ અહીં આવ્યા પછી પ્રીસ્ટલી નામના વૈજ્ઞાનિકે પેન્સિલના ડાઘ કાઢવામાં પણ આ ગુંદર ખપ લાગે છે એમ શોધ્યું ને 'ભૂંસવા' ('રબ') માટે ખપની એ વસ્તુ ત્યારથી 'રબર' તરીકે ઓળખાઈ. પછી તો તે એટલા બહોળા વપરાશમાં આવવા માંડી કે આજે સુધરેલા જગતમાં તે ઘરઘરની ચીજ થઈ ગઈ છે; અને ઉદ્યોગોમાં પણ તેનું સ્થાન લગભગ અનિવાર્ય થઇ પડયું છે.

સામાન્ય વપરાશમાંથી તેને ઉદ્યોગનું રૂપ આપવાની શરૂઆત તો લગભગ એક સૈકા પર ૧૮૨૦થી થઈ હતી. ત્યાર પછી ત્રણ વર્ષે મૅકિનટૉશ નામના માણસે રબરને નેપ્થામાં ઓગાળીને કપડા ઉપર તેનું પડ ચડાવી દુનિયાને જલાભેદ્ય(અણભીંજ)કપડું બનાવી આપ્યું. એ ચીજ લોકોને એટલી અજબ લાગી કે તેના બનાવનારના નામ પરથી તે આજે 'મૅકિનટોશ' તરીકે જ ઓળખાઈ. તે પછી ૧૮૩૯માં રબર ઉપર વલ્કેનાઇઝિંગની ક્રિયા કરવામાં આવી, જેને પરિણામે દુનિયાને એક ખૂબ ઉપયોગી એવો નવો પદાર્થ 'એબોનાઈટ' મળ્યો.

મૂળ બ્રાઝિલમાં થતા એ રબરના ઝાડનું શાસ્ત્રીય નામ હીવીઆ બ્રાસિલિએન્સિસ. આપણા ભારતમાં તો તે છેલ્લાં ચાળીસેક વર્ષથી જ ઉગાડવામાં આવે છે. તેમાં મુખ્યત્વે ત્રાવણકોરમાં તેનો ઉછેર છે. બ્રાઝિલના 'પારા' નામના પ્રદેશમાં તે વૃક્ષ પુષ્કળ પ્રમાણમાં થતું હોઇ આપણે ત્યાં તે પારા-રબર તરીકે ઓળખાય છે. આ ઝાડ સમુદ્રની સપાટી જેટલી ઊંચાઇથી માંડીને ૩,૦૦૦ ફૂટની ઊંચાઈ સુધીના પ્રદેશોમાં ઊગે છે, પણ વિપુલ વરસાદવાળા પ્રદેશમાં તે સારીરીતે ફાલે છે. બીજ કે કાંટા ગમે તેમાંથી તેને ઉગાડી શકાય છે. દસથી બાર દિવસમાં બીજમાંથી ફણગો ફૂટે છે અને લગભગ છ મહિનામાં ઝાડ ત્રણથી ચાર ફૂટ ઊંચું થાય છે અને તે વખતે તે ફેરરોપણી માટે લાયક બને છે. રબરનું પૂરેપૂરું વિકસેલું (એટલેકે ત્રીસ વર્ષનું) ઝાડ ૮૦ ફૂટ જેટલી ઊંચાઈ સુધી પણ પહોંચે!

આ ઝાડની છાલ ઉપર પાડેલા છેદમાંથી જે ઘટ્ટ રસ ઝરે છે તે 'લેટેક્સ'. એક ગૅલન લેટેક્સમાંથી સામાન્યતઃ ૨½ થી ૪ રતલ રબર મળે છે. તેમાં રહેલું રબર પ્રોટીન્સ, સાકર અને ક્ષારો સાથે ભેળસેળ થએલી ઝીણી ઝીણી ગોળીના રૂપમાં હોય છે. વૃક્ષ લગભગ ૧૫ વર્ષનું થાય ત્યાં સુધી તેમાંથી નીકળતો રસ વધતો જ જાય છે. લેટેક્સમાંથી બાળકો માટેનાં બલૂન (ફુગ્ગા) બનાવવામાં આવે છે. આપણા ભારતમાં આ કામ માટે લગભગ ૫૦૦ ટન રબર વપરાય છે અને વરસ દિવસે ફુગ્ગાનું ઉત્પાદન લગભગ રૂા. ૫૦ લાખ જેટલી કિંમતનું થાય છે! આ એક જ વિગત ઉપરથી દુનિયામાં રબરના જે અસંખ્યાત ઉપયોગો થાય છે તેનો ખ્યાલ આવી શકશે. નાના બાળકના ફુગ્ગા, વિદ્યાર્થીના દડા, ડાઘ કાઢવાનાં સાધન, વાહનોનાં ટયૂબ-ટાયર,

માંદા માણસોના શેકની કોથળીઓ, અને લગભગ બધા જ ઉદ્યોગોની બનાવટોમાં તો ઘડીએ ને પળે જરૂરી આ પદાર્થ આપનાર વૃક્ષને કોઈએ નવા યુગનું નવું કલ્પવૃક્ષ કહ્યું છે તે ઘડીભર યથાર્થ લાગે છે.


રબરના બીજમાંથી નીકળતું તેલ અળસીના તેલને બદલે ચાલે એવું છે ને એ બીજનો ખોળ પશુઓના ચારા તરીકે પણ સારો ગણાય છે.

ફોમ રબર

રબર વૃક્ષના રસ 'લેટેક્સ'માંથી એક ખાસ પદ્ધતિ વડે હવે 'ફોમ રબર' નામનું રૂ જેવું અત્યંત પોચું રબર અમેરિકામાં બનવા માંડયું છે. જોકે તેની શોધ તો પહેલા વિશ્વયુદ્ધ અગાઉ એક બ્રિટિશ પેઢીએ કરેલી. 'ફોમ' એટલે ફીણ જેવા પોચા ગણાતા આ રબરમાં લગભગ ૮૫ ટકા હવા હોય છે અને તે માટે તેમાં દર ચોરસ ઈંચે ૨ા લાખ છિદ્રો હોય છે. તેની આ સુંવાળપને લીધે ગાદલાં, ઉશિકાં, ફર્નિચર, વિમાનો તથા મોટરની બેઠકો વગેરેમાં તે પુષ્કળ વપરાય છે.


આ ફોમ રબરની લોકપ્રિયતાનું રહસ્ય એની સુંવાળપમાં રહેલું છે. વળી એ સ્થિતિસ્થાપક છે, ટકાઉ છે અને સહેલાઈથી સાફ થઈ શકે એવું પણ છે. ભેજ અને ક્ષારવાળી હવા સામે પણ એ સારા પ્રમાણમાં ઝીક ઝીલી શકે એમ છે. આ રબર કેટલું સુંવાળું છે તેનું એક જ ઉદાહરણ બસ થશે: અગિયાર મજલાવાળા મકાન ઉપરથી એક ઈંડું ફેંકવામાં આવે અને નીચે ફોમ રબરની ગાદી ઉપર પડે તો એ ઈંડું ભાંગતું નથી! આજ સુધી જે ગાદલાં વપરાતાં એને અઢી લાખ વાર બેવડાં વાળવા પછી જે સ્થિતિ થતી એના કરતાં ફોમ રબરનાં ગાદલાં એક કરોડ વાર વાળવા છતાં વધારે સારાં રહે છે!

આ ઉપરાંત રમકડાંની ઢીંગલી બનાવવામાં, કુસ્તીના અખાડાની રક્ષણાત્મક ગાદી તરીકે, ગાંડા લોકોની ઇસ્પિતાલની દીવાલોમાં, પાણીમાં તરનારાઓના કાનમાં નાખવાના પ્લગ તરીકે, ભાંગેલાં હાડકાં પર "પૅડ" બાંધવામાં, કેળાં ઈંડાં વગેરેનું પૅકિંગ કરવામાં અને સિનેમા-ઉદ્યોગમાં અભિનેતાઓની વેશભૂષામાં બનાવટી નાક-કાન વગેરે તૈયાર કરવામાં ફોમ રબર વપરાવા લાગ્યું છે.





ફોમ રબરની બનાવટ દર્શાવતાં બે ચિત્રો: ઉપર-ફોમ રબરનું ગાદલું બનાવવાના 'ફ્રેમ' ઉપર સાચા રબરનો રસ રેડાઈ રહ્યો છે: નીચે-ફોમ-રબરનું ઓશીકું વૈજ્ઞાનિક રીતે પકવાઈ તૈયાર થઈને 'ફ્રેમ'માંથી બહાર કાઢવામાં આવે છે.



માનવસેવામાં અણુશક્તિ

અણુશક્તિના અગણિત લાભો માનવજાતિની સેવામાં કેવીરીતે યોજી શકાય તેના જે અખતરાઓ છેલ્લાં પાંચેક વર્ષથી ઇંગ્લંડ કરી રહ્યું હતું તેની પ્રગતિનો અહેવાલ હમણાં બહાર પડયો છે. તેમાં વીજળી ઉત્પન્ન કરવામાં તથા વહાણો હંકારવામાં અણુશક્તિ વાપરી શકાવાનું ધ્યેય ફરી સ્થાપિત કર્યું છે. એ ઉપરાંત 'રેડિયો-ઍક્ટિવ આઇસોટોપ' જેવી અણુશક્તિની આડ-બનાવટો વિષેની માહિતી પણ એમાં છે. ૧૯૪૬માં જે માત્ર ૧૦૦ આઈસોટોપ બની શક્યા હતા તે ૧૯૫૧માં દસ હજારની સંખ્યાએ પહોંચ્યા હતા અને આજે દુનિયાના ૨૬ દેશોમાં તે ખેતીના પાકની સુધારણા, ઉદ્યોગનાં ઉત્પાદનોની વૃદ્ધિ, વૈદક (માણસની જિંદગીની રક્ષા) વગેરે કાર્યોમાં વપરાય છે. ઇંગ્લંડમાં 'હાર્વેલ' ખાતે કામ કરી રહેલી એ સંશોધન સંસ્થામાં આવેલા અણુસંશોધનમાં વપરાતા 'સાઇક્લોટ્રોન' યંત્રનું ચિત્ર આ ઉપર આપ્યું છે.

ભારતીય અંધ વિદ્વાનનું બહુમાન



પોતે અંધ હોવાને કારણે વેઠવી પડેલી મુસીબતોને મહા પુરુષાર્થથી પાર કરીને વિદ્વાન પંડિત થનાર તથા ભારતના અંધજનોની એવી મુશ્કેલીઓ દૂર કરવા માટે પ્રૌઢોની પ્રથમ અંધશાળા સ્થાપનાર શ્રી સુબોધચંદ્રરાય જે હાલ અમેરિકાની સમાજસંશોધનસંસ્થાના વિદ્વાન પ્રાધ્યાપક છે તેમને પ્રૌઢ શિક્ષણના કાર્ય માટે ૧૦૦૦ ડૉલરનું 'વાઇઝ મેમોરિયલ' પારિતોષિક મળ્યું છે.

ટિકિટસંગ્રહ

આ યુગનો એ સંસારવ્યાપી શૉખ કેમ કેળવવો તેની તથા તેને લગતી ઉપયોગી માહિતી આપતો વિભાગ

હિંદની પહેલી ટિકિટની શતાબ્દી

બરાબર સો વરસ પહેલાં, આ મહીને ઈ. સ. ૧૮૫૨ના જુલાઈની પહેલી તારીખે હિંદમાં પહેલી ટપાલની ટિકિટ નીકળી. તે માત્ર સિંધના જ પ્રાંત પૂરતી, ત્યાંના કમિશ્નર સર બાર્ટલ ફ્રીઅરે કાઢેલી. તે વેળા હિંદનો અમલ ઈસ્ટ ઇંડિયા કંપનીના નામથી ચાલતો હોઈએ ટિકિટ પર એ કંપનીનો વેપારી માર્કો ગોળાકૃતિમાં કપસાવેલો હતો. મૂળ લાલ, વાદળી ને સફેદ એમ ત્રણ રંગમાં કાઢેલી અરધા આનાની કિંમતની એ ગોળ ટિકિટ એટલી વિરલ છે કે હમણાં ચાર વરસ પર લંડનમાં તેવી એક ટિકિટ બે હજાર રૂપિયે વેચાએલી ! પણ આ વાતથી લલચાઈને રખે કોઈ એવી ટિકિટ બજારુ વેચાણમાં હાથ લાગતાં છેતરાઈ બેસતા; કેમકે આવી પ્રાથમિક કાળની ટિકિટોની નકલ કરવી સહેલી હોઈ તેની ઘણી બનાવટી ટિકિટો નીકળી છે. ટિકિટના કરતાદ પર ખંદા જ તેના ખરાપણાની



ફિનલૅન્ડના પાટનગર હેલ્સિંકી ખાતે આ વર્ષે રમાતી 'ઑલિમ્પિક'ના માનમાં એ દેશે કાઢેલી ટિકિટો (શ્રી રાજેન્દ્ર રમણિકલાલ ઇનામદારના સંગ્રહમાંથી)



માત્ર એક જ રંગમાં, અને કેટલીક તો કેવળ રેખાઓમાં જ, પણ વિવિધ વિષય તેમજ આલેખનશૈલી ધરાવતી ચેકોસ્લોવાકિયાની ટિકિટો: મથાળેથી ડાબી બાજુથી ક્રમવાર : (૧) પ્રાગ્સ્કી ઑર્કીની ૫૦મી જયંતીના સ્મરણરૂપ ટિકિટ; (૨) ખેતી-પ્રચાર માટે કાઢેલી; (જુઓ સામે)

કસોટી કરી શકે. એ ઉપસાવેલી ટિકિટની કાળી છાપ નીચે આપી છે. તેની વચ્ચે





E. I. C. અક્ષરોવાળા ઈસ્ટ ઇંડિયા કંપનીના મૉર્કા (પ્રતીક)ની નીચે ½ anna અને ચોમેર ગોળાકારમાં Scinde District Dawk (સિંધ ડિસ્ટ્રિક્ટ ડાક) એવા અક્ષરો લખેલા હતા. દુનિયાના ટિકિટ સંગ્રાહકોમાં 'સિંધ ડાક'ને નામે ઓળખાતી આ ટિકિટોનું ઐતિહાસિક મહત્ત્વ છે.

સિંધ સરકારનો આ અખતરો સફળ થએલો જોયા બાદ હિંદની સરકારે ૧૮૫૪ના એપ્રિલમાં સમસ્ત દેશને માટે ટિકિટો કાઢી, જેમાં મહારાણી વિક્ટોરિયાની છબિ હતી. પણ નહોતો તેને ગુંદર, કે નહોતાં તેને ફાડવાને કાણાં પાડેલાં. દરેક ટિકિટ કાતર વડે કાપી, હાથેથી ગુંદર લગાડીને કવર પર ચોડવી પડતી. તેમાં પણ ચાર આના વાળી એક બેરંગી ટિકિટના છાપકામમાં ભૂલ થઈ ગઈ. લાલ ફ્રેમની વચ્ચે બ્લુ શાહીથી છાપવાની રાણીની છબિ તેમાં ભૂલથી ઊંધે માથે છપાઈ ગએલી એટલે, એ 'ભૂલ'ને કારણે તે મહામૂલ્યવાન ગણાઈ ગઈ છે અને આજે તે ભાગ્યે જ હાથ આવે છે. ત્રણ વરસ પર લંડનની એક હરરાજીમાં એવી એક ટિકિટ ૧૦,૦૦૦ રૂપિયે વેચાઈ હતી. (જુઓ બાજુનું ચિત્ર)

બ્રિટનમાં દરરોજ ત્રણ કરોડ જેટલી ટિકિટો છપાય છે. તેના છાપકામ દરમિયાન પ્રત્યેક તબક્કે ઝીણવટભરી કડક તપાસ કરવામાં આવે છે. છાપકામમાં જરા પણ ક્ષતિ થાય, રંગમાં ફેરફાર પડે યા અંશમાત્ર તેલ રહેવા પામ્યું હોય તોપણ 'કટાક' કરતીક ને એ ટિકિટ પર કાળા રંગની ચોકડી લાગી જઇને તે રદબાતલ થઇ જાય છે. ટિકિટ માટે ખાસ જાતના કાગળ વપરાય છે અને તેના કટકે કટકાનો હિસાબ રખાય છે.

નવી ટિકિટો

ભારતની સરકાર પોતાની આગામી ટિકિટો ઉપર દેશના અગ્રણી કવિઓની છબિઓ છાપશે....ચીને પોતાના કૃષિકારોની સિદ્ધિઓના માનમાં ચાર ટિકિટોનો સમૂહ બહાર પાડયો છે, જેના પર ચીનની પ્રાચીન તથા અર્વાચીન કૃષિ પદ્ધતિઓ દર્શાવતું ચિત્ર છે...તિબેટ કબજે કર્યાની યાદમાં પણ ચીને ચાર ટિકિટોનો સમૂહ બહાર પાડયો છે. જેના પર લ્હાસાનો વિખ્યાત પોટાલા મહાલ, ને યાક પશુ વડે ખેતી કરતા ત્યાંના ખેડૂતનાં ચિત્રો છે...જગતની અદ્વિતીય પ્રતિભા ગણાતા કલાકાર, ઇજિનેર, વિજ્ઞાની, લેખક, ને ચિંતક લીઓનાર્દો દા વિંચીની ૫૦૦મી જયંતીના માનમાં ઈટાલીએ નવી ટિકિટ બહાર પાડી છે ('કુમાર'માં એનું ચરિત્ર ટૂંક સમયમાં અપાશે)...હોલાંડ દર ઉનાળે લોકકલ્યાણ અર્થે નાણાં ભેગાં કરવા 'સમરચૅરિટી'ની જે ટિકિટો બહાર પાડે છે, તેમાં આ વર્ષે પાંચ વિવિધ દિલચસ્પ ફૂલોની પાંચ ટિકિટો બહાર પાડી છે...સામ્યવાદી આક્રમણ સામે લશ્કરી સંગઠન સાધવા માટે ઉત્તર આટલાંટિકના દેશોએ સ્થાપેલી સંસ્થા NATO (નૉર્થ ઍટલાંટિક ટ્રીટી ઑર્ગેનિઝેશન)ના સત્કારમાં યુનાઇટેડ સ્ટેટ્સે કાઢેલી ટિકિટમાં માનવ હાથોએ અદ્ધર ધરી રાખેલી મશાલના ચિત્ર નીચે (શાંતિ, શક્તિ, મુક્તિ) પીસ, સ્ટ્રૅંગ્થ, ફ્રીડમ એવા શબ્દો છે... જાપાને પોતાને ત્યાંની રેડક્રૉસ સંસ્થાની ૭૫મી જયંતી, નિમિત્તે, બ્રાઝિલે પોતાના સંગીતકાર હેન્રિક ઓસ્વાલ્ડની શતાબ્દી નિમિત્તે ને ઇજિપ્તે પોતાને ત્યાં પાટવીકુંવર જન્મ્યા નિમિત્તે નવી ટિકિટો કાઢી છે.

(અનુ. સામેથી)(૩) વિદ્યાર્થી કૉંગ્રેસની સંવત્સરી પ્રસંગની, જેમાં યુવક પ્રવૃત્તિનું પ્રતીક(તારકમાં હથોડો-દાતરડું) છે;(૪) શાંતિને પ્રગતિ દર્શાવતા પંખીવાળી; (૫-૬) બાળકલ્યાણ માટેની-જેમાં પહેલીમાં પિતાનો ને બીજીમાં માતાનો ઉમંગ દર્શાવ્યો છે; (૭) કાર્લોવાની યુનિવર્સિટીની ૬૦૦મી જયંતીની ટિકિટ, જે પર ૧૪મી સદીથી ચાલી આવતી એ યુનિવર્સિટીની મહોરનું ચિત્ર છે; (૮-૯) બાળ-કલ્યાણની; (૧૦-૧૧-૧૨) શ્રમનું મહત્ત્વ દર્શાવતી-જેમાં પહેલી ને ત્રીજીમાં યંત્રકામ તથા બીજીમાં બાંધકામ કરતાં માણસો છે; (૧૩) શાંતિદૂત પંખી ને પૃથ્વીના ગોળાવાળી રેડક્રૉસ ફંડની; (૧૪-૧૫) પાંચમાં સાંસ્કૃતિક પ્રદર્શનના સ્મરણની; (૧૬-૧૭) જગત-યુવક ઉત્સવની; (૧૮) રશિયા સાથેના જોડાણના સંવત્સરીદિન પર કાઢેલી-જેની પાર્શ્વભૂમિમાં બંને દેશોના ધ્વજ છે. (શ્રી અજિતકુમાર સંઘવીના સંગ્રહમાંથી)



ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

કોઈપણ વિષયમાં અવલોકન ને અભ્યાસ જેટલાં જરૂરી છે, તેટલી જ તેની શૈલી પણ આવશ્યક છે. અવલોકનથી વસ્તુની વાસ્તવિકતા-હાર્દ કળી શકાય છે, તો શૈલીમાં તે રજૂ કરવાનો કસબ કેળવી શકાય છે. વાસ્તવિકતા, વિચાર, કલ્પનાશક્તિ અને સંયોજનના સુમેળથી થતું સર્જન તે કલા. એ દૃષ્ટિએ આ સાથેનું ભાઈ મહેન્દ્ર સી. શાહનું બીજા ઈનામને પાત્ર થએલું ચિત્ર (પહેલું ઇનામ મોકૂફ છે.) 'સૂરજમુખી' વિચારપૂર્વક લેવાએલું ચિત્ર છે.

પૂર્ણ વિકસિત એ પુષ્પની પાંખડીએ પાંખડીની તાઝગી આપણી ઇન્દ્રિયોને સ્પર્શે એવી સફળતાથી એમણે એમાં ઉતારી છે. ઉપરાંત, ખીલેલું પુષ્પ, ડાબી બાજુની વણખીલી કળી અને નીચેથી અર્ધ ગોળાકાર લેતો પાંદડાનો વળાંક, ત્રણે એકબીજાના પૂરક બનીને એક એવું સુસંયોજિત ચિત્ર રચે છે કે જેમાં આંખ મુખ્ય પુષ્પ પર કેન્દ્રિત રહે છે. માત્ર પાંદડાનો કાળો ભાગ વિક્ષેપ કરે છે તે પાંદડું સ્પષ્ટ હોત, તથા પુષ્પની સીધી અક્કડ દાંડી જરા વળાંક લેતી હોત તો ચિત્રને વધુ વિલોલ બનાવત.

એ જ ભાઈના બીજા એક શિલ્પમૂર્તિના ચિત્રમાં પ્રકાશયોજના ઉચિતરીતે નથી આવી. અંધકારમાં અદૃશ્ય રહેલા મૂર્તિના અર્ધ ભાગ ઉપર રિફ્લેક્ટેડ લાઇટ-(પ્રતિ-પ્રકાશ) નાખીને તેને બહાર લાવવાની જરૂર હતી.

શ્રીદામ ભટ્ટ



સામાજિકદૂષણો વગેરે પર પ્રહાર કરતાં કેટલાંક કટાક્ષાલેખનો પણ શ્રી રાયચૌધરીએ કર્યા છે તે પૈકીનું એક: બે હાથની આંગળીઓ પર હીરાની વીંટીઓ ચમકાવતો શ્રીમંત ગ્રાહક પોતાની છબિમાં એ શ્રીમંતાઈ બરોબર ન ઊતરી હોવા માટે તેને વખોડી કાઢે છે તે વખતનો, તેની એ દર્દરહીન જડ તુમાખી સામેનો કલાકારનો પ્રકોપ.

(અનુ.પૃ.૨૧૯થી) માટે ભલામણ લખી આપી, જ્યાં ડ્રૉઇંગ શીખવવા ઉપરાંત પણ ખાસ તો હાંડ છોકરાઓને કડક દાબ તળે રાખવાની જરૂર હતી; કહેવાની જરૂર નથી કે દેવીબાબુએ એ બંને કામ કુશળતાપૂર્વક બજાવ્યાં! ત્યારે કોને ખબર હતી કે એ જ મહાન બંગાળીની મોટી શિલ્પપ્રતિમા એ જ રાયચૌધરીને હાથે ભવિષ્યમાં થવાની હતી?

આ નોકરી સાથે ખાનગીમાં તેણે પોતાની સાધના વધારી. ઘણા મિત્રો તેને ઘેર આવતા અને ઉત્તેજન આપતા. હવે ડૉ. સ્ટેલા ક્રૅમરિશ, ડૉ. કાલિદાસ નાગ, શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલી, પ્રિન્સિપલ પર્સી બ્રાઉન વગેરે જેવા તેની કળાની ભારે પ્રશંસા કરવા લાગ્યા. પ્રદર્શનોમાં તેને ચંદ્રકો ને ઈનામો મળવા લાગ્યાં. ચિત્રો અને પ્રતિમામાં તેની મૌલિકતા સ્થાપિત થઈ ચૂકી.

દરમિયાન 'ઑરીએન્ટલ આર્ટ સોસાએટી'નાં વાર્ષિક પ્રદર્શનોએ નવીન કલા પ્રતિ લોકોમાં ખૂબ આદર ઉત્પન્ન કર્યો. આ નવોદિત કલાની જ્યોત્સ્ના અને આહ્લાદ રાયચૌધરીને પણ દેખાયાં. અને ફરીવાર તેણે અવનીન્દ્રનાથ સાથે નાતો ચાલુ કરવા પ્રયત્ન કર્યો. પણ હવે અવનીન્દ્રનાથ તેને સંઘરે શાના? દિવસોના દિવસો ગુરુ દ્રોણે એકલવ્યનો ઈન્કાર કર્યો. પણ છેવટે તેનાં ચિત્રો અને કૃતિઓ જોઈ તેમણે અભિપ્રાય બદલ્યો. પણ આ મનસ્વી વારસને પટાવીને રાખવાનો હતો. એટલે તેને મરજીમાં આવે તે રીતે ચિત્રો કરવાની છૂટ મળી. પૂર્વના આદર્શો અને પશ્ચિમના કૌશલના સંલગ્નથી ચૌધરીની આગવી કળા જન્મી. તેને એક નવી આડ-સંતતીનું માન મળ્યું. પછી તો ધીમેધીમે અવનીબાબુના પ્રિય શિષ્યોમાં તેની ગણતરી થવા લાગી. વૃદ્ધ ગુરુએ શિષ્યના રંઝણવેડા માફ કર્યાં.

એવામાં એક પ્રસંગ બન્યો. બંગાળના શિક્ષણખાતાના એક વડા રાયચૌધરીના કામ ઉપર મુગ્ધ હતા અને વખતોવખત તેને ઘેર આવતા. એકવાર તે ભવાનીપુરની પેલી શાળા તપાસવા ગયા જ્યાં ચૌધરી ચિત્રશિક્ષક હતા! પ્રિન્સિપાલે શાળાના શિક્ષકોનો પરિચય આપવા સૌને અધિકાર પ્રમાણે હારમાં ઊભા રાખ્યા. એમાં ચૌધરીનો નંબર છેલ્લો હતો. કેળવણીકાર ઉપર આવ્યા ત્યારે ચૌધરીને જોતાં જ પહેલા તેની તરફ ગયા અને પૂછ્યું, 'અહો, તું અહીં ક્યાંથી?' ચૌધરીએ જવાબ આપ્યો, 'આપને ત્યાં કળાની આટલી કદર છે, માટે!' ઉપરી પર આની બહુ અસર થઈ. એ પછીના ક્રમમાં એ 'ડ્રૉઇંગ માસ્તર' 'ઈંડિયન સોસાએટી ઑવ ઑરીએન્ટલ આર્ટ'ના વર્ગોમાં ચિત્રકલાનો પ્રાધ્યાપક અને ત્યાર બાદ મદ્રાસની 'કલાશાળાનો આચાર્ય' થવા પામ્યો; ને આપણા ગુજરાતના રસિકલાલ પરીખ ઉપરાંત બંગાળના નામાંકિત કલાકારો પ્રદોષ દાસગુપ્તા, ગોપાલ ઘોષ, શીલા ઑડેન વગેરે કંઈક નવજુવાનોનાં જીવનનો વિધાતા બન્યો.

રાયચૌધરીની કળાને અનેક પાસાં છે. તેની પ્રતિભા અનેક પ્રકારે પ્રકાશી છે. તેનું મૂલ્ય તેની શૈલીની વિલક્ષણતામાં નથી, પણ જે કલાત્મક રહસ્યો તેણે અપનાવ્યાં પ્રકટાવ્યાં તેમાં છે. બંગાળની નૂતન કળા જે ઘડીએ પ્રજાના લાડથી બગડવા માંડી, વૃથા ગૌરવ ને શ્રદ્ધાપરાયણ બની, રંગરેખા અને વિચિત્ર કાલ્પનિક રચનાઓમાં મઝા ને સંતોષ લેતી થઇ, પૂર્વની ભવ્ય કલાસમૃદ્ધિનો સંદેશ બાજુએ રાખી કોઈ અટપટી માયામયી બનીને જીવનને અસંગત એવો કોઈ પ્રકાર બની ગઈ, તે વખતે ચૌધરીએ ધીરેધીરે પોતાના નિશ્ચિત માર્ગે પ્રગતિ સાધી, ને પશ્ચિમની તાલીમ પૂરી કરી, જરા પશ્ચાત્તાપ વિના, વધુ સમુજ્જ્વલ, સંપૂરક ને પરિપક્વ શૈલી નિપજાવી.

અવનીન્દ્રનાથના બીજા શિષ્યોને કીર્તિ જેવી ક્રમવાર પ્રાપ્ત થઇ તેવી ઝડપથી દેવીને થઈ નથી. કળા તેને મન ચંદ્રકો કે ઇનામોનું સાધન નથી; અથવા ભગ્ન હૃદયની તૂટેલી આશાઓ અને મહેચ્છાઓ ઠાલવવાનું પાત્ર પણ નથી. કળા તો તેને મન જીવનની એક મહાન સાધના છે ને માણસ કોઇ ઇતર શક્તિનો પ્રેર્યો તે તરફ ખેંચાય છે. કળાના પ્રદેશમાં ઝંપલાવવાની તેને એક પ્રકારની મઝા આવે છે. એની સાધના કળાનાં રહસ્યો ઢૂંઢવા ઊકેલી આત્માની આરજૂ છે.

એની કળામાં પૌરુષ છે અને પૌરુષભાવે એણે ભારતના વિવિધ પ્રદેશોની સુંદરીઓનાં રૂપ આલેખ્યાં છે. તેની સુંદરીઓની મ્લાન આશાભરી આંખો જાણેકે કોઈ પ્રિયતમની રાહ જોતી હોય એવી મિલનની આશા અને દીપ્તિ ભરેલી લાગે.

સત્તર વર્ષની જે ઉમરે કવિઓ અને કળાકારો મધુર નિશ્વાસભરી દેવાંગનાઓની કલ્પનાઓમાં ઝૂલતા હોય, તે ઉમરે પણ દેવીપ્રસાદે બહિર્ સૌંદર્યો કરતાં માનસિક સંવેદનો ઉતારવા કળાકૃતિઓ સર્જી હતી. એની લેપ્ચા કન્યા, ભૂટિયા યુવતી કે નગરનારીમાં ધબકતા હૃદય અને મધુર ઉષ્માવાળા રુધિરની ઝલક છે. ચૌધરીમાં તેના પૂર્વજોનું અમીરી લોહી છે, છતાં ચિત્રફલક ઉપર ચૌધરી જનસમાજનિષ્ઠ છે. જંગી ખડકને હટાવતા મજૂરોના તેના શિલ્પમાં એક જબરદસ્ત આકર્ષણ ને આહ્વાન છે.

એની પીંછી કે ટાંકણું ચિત્ર કે માટી પર અચૂક વિધાનની ચોટથી નિર્મિત સ્થાને પડે છે. કોઈ પ્રચંડ સર્જન કરવાનું હોય કે કોઇ નાજુક હસ્તપ્રત કરવાની હોય, તોપણ એકસરખા સંવેગથી નિશ્ચિત [illegible] પર તેની ધારી આકૃતિ જન્મે છે. એની શક્તિઓમાં થાક કે વાસ[illegible] નથી. આક્રમક જીવનદૃષ્ટિ અને પ્રબળ સંકલ્પો સાથે ભૂતકાળનો [illegible] વારસો અને આધુનિક કળાશૈલીઓનો સુમેળ કરી, આજની ભારતીય કળાના ઇતિહાસમાં પ્રકાશવાન સૌંદર્યકૃતિઓ ઉભરાવતો, મૌલિકતા અને પ્રતિભાનો એ એક અદ્વિતીય કલાવીર છે

રવિશંકર રાવળ

પચ્ચીસ વર્ષ પહેલાં



અંક ૪૩
અષાડ ૧૯૮૩

સ્વ. સંગીતશાસ્ત્રી ખરેએ લખેલા આ અંકમાંના તાનસેનના ચરિત્રમાંથી એ સંગીતસમ્રાટની દીપક અને મલ્હાર રાગની અદ્‌ભુત શક્તિ વિષે જે દંતકથાઓ ચાલે છે તેનો બુદ્ધિગમ્ય ખુલાસો ઉતારવા જેવો છે:

"કહેવાય છે કે અકબરે તાનસેનને એકવાર પોતાની કળાનું પૂરેપૂરું સ્વરૂપ બતાવવાનો ખૂબ આગ્રહ કર્યો, એટલે તાનસેને ગાવા માંડ્યું. થોડી વારમાં આખા દરબારના દીવા હોલવાઈ ગયા અને બધે અંધારું થઈ ગયું. તાનસેને તરત દીપક રાગ ગાયો અને બધે અંગારા મારતી વીજળી જેવું તેજ પ્રસરી રહ્યું!

દીપક રાગથી દીવો પ્રગટે અને મલ્હાર રાગથી વરસાદ વરસે એવી શક્તિ સંગીતવિદ્યામાં છે કે નહિ એ વિષે મને શંકા છે; પણ એટલું તો લાગે છે કે સામા માણસો ઉપર સંગીત અજબ અસર પાડી શકે છે. ગ્રીષ્મ ઋતુમાં ખરે મધ્યાહ્‌ને ભારે ઉકળાટ થઈ રહ્યો હોય એ વખતે કોઈ સુંદરરીતે સારંગ રાગ ગાતું કાને પડે કે આપણને એકદમ શાંતિ થઈ જાય છે;—જાણે કોઈ ઠંડા ઉદ્યાનમાં બેઠા હોઈએ. એ જ પ્રમાણે જો કોઈ એવો સુંદર સ્વરસંદર્ભ આલાપે તો આપણને ગર્જના સહિત ચોમેર વરસાદ પડી રહ્યો છે એમ લાગે. આપણે જાગતું સ્વપ્ન જોઈએ કે મોર નાચે છે, દેડકાં બોલે છે, વીજળી ચમકે છે, ગર્જના થઈ રહી છે, નદીઓ ઉભરાઈ ચાલી છે, ચોમેર લીલુંછમ ઘાસ ઊગી નીકળ્યું છે વગેરે. ગવૈયાઓમાં એટલી શક્તિ તો સંભવે છે કે તે શ્રોતાના કાનને એટલા બધા આકર્ષી લે કે જોવાનું, સૂંઘવાનું, બોલવાનું, કશું ભાન જ ન રહે. મન અને બુદ્ધિ કાને સંભળાતી જ વસ્તુ જુએ. આમ, વરસાદનું આબેહૂબ ચિત્ર દર્શાવનાર રાગ મેઘમલ્હાર ન કહેવાય તો બીજો કયો કહેવાય? પછી ભલેને તે ખેતર ન ભીંજવે! એવું જ દીપકનું.

તાનસેનમાં એટલી બધી પ્રતિભા હતી કે તે પોતાના આલાપથી દુ:ખીને આનંદી તેમ જ આનંદીને દુ:ખી બનાવી મૂકે. અને એ જ પ્રતિભાને બળે એ સાંભળનારની આંખે અંધારું પણ લાવી શકે અને ક્ષણભર અંદરની આત્મજ્યોત પણ પ્રગટાવી મૂકે. આત્મજ્યોત આગળ વીજળીનું તેજ પણ ફિક્કું જ લાગવાનું. અકબરના દરબારના દીવા બુઝાઈ પણ નહિ ગયા હોય, તેમ એની ઝાળ પણ વધી નહિ હોય; પરંતુ એવો ચમત્કાર તો સૌએ અનુભવ્યો જ હશે.

કહે છે કે તાનસેન જ્યારે ધ્રુપદ ગાતો ત્યારે જાણે મેઘ ન વરસતો હોય એવો ભાસ થતો. અને કોઈક વખત એમ પણ લાગતું કે ઘણાં માણસો ભેગાં થઈ ગાઈ રહ્યાં છે તથા ભિન્નભિન્ન જાતનાં વાદ્યો વગાડી રહ્યાં છે. આ વાત ન મનાય એવી છે; પરંતુ મારો પોતાનો પણ એવો જ અનુભવ છે. એક વેળા હું કામ નિમિત્તે દ્વારકા ગયો હતો ત્યારે ત્યાંની વાઘેર બોર્ડિંગના એક બાળકનું સુંદર ગાયન મેં સાંભળેલું. મારી સાથે મારા બીજા ગાયક મિત્રો પણ હતા. અમને સૌને એ બાળકના સંગીતથી અત્યંત આશ્ચર્ય થયું, કેમકે તે બાળક કોઇ પણ જાતના વાદ્ય વિના ગાતો હતો, છતાં જાણે તે બેત્રણ જાતનાં વાદ્ય સાથે ગાતો હોય તેમ લાગતું. આવા સાધારણ બાળકમાં આવી શક્તિ જોઈ તાનસેનની ઉપલી કથા પર મારો વિશ્વાસ બેસે છે.

'ચિતરવાનું સહેલ છે' વાળો વિભાગ થોડેથોડે આંતરે જે આવ્યા કરતો તેમાંનો આ અંકમાંનો હપતો પણ ઉતારીએ.


"જેને ચીતરવાનો શોખ લાગે છે તે માણસોના ચહેરા કાઢવાને આતુર હોય છે; પરંતુ કંઈ પણ ધોરણ વિના ચીતરવા જતાં નિષ્ફળ થતાં નિરાશ થાય છે. પણ નીચેની રીતે કામ કરવામાં આવે તો સરસ પરિણામ આવશે. તેનાં ચિત્રો આ સાથે આપ્યાં છે.

કંપાસ કે ડાબલીના ઢાંકણા વડે એક ગોળ બનાવો. તેની વચ્ચેથી કાટખૂણે ચાર લીટી દોરો. પછી એ ગોળ લીટીઓ સાથે માણસનો ચહેરો ક્યાંક્યાં મળતો થાય છે ને ક્યાંક્યાં કેટલે અંતરે છૂટો પડે છે તે એ આકૃતિઓમાં બારીકીથી જુઓ અને બરોબર સમજીને તમારા ગોળ પર લીટીઓ ગોઠવો.

આંખની જગ્યા વચલી લીટીની નીચે કપાળથી કેટલી છેટી છે? નાક ગોળમાંથી કેટલું બહાર પડતું આવે છે? હોઠનો ખૂણો ગોળ ઉપર જ કેવી રીતે પડે છે? દાઢી કેટલી બહાર પડી ગોળની બહાર ગરદનને મળે છે? કાન ને નાકની ઉંચાઈ સરખી લાગે છે. કાનની જગ્યા તથા આકાર કાળજીથી બરોબર રચો.

કપાળ અને વાળનો સંબંધ જુઓ. માથાનો પાછલો ભાગ ગોળની અંદર ક્યાંક્યાં કેટલો વળે છે અને ડોકને કેવી રીતે જોડાય છે તે પર ધ્યાન આપો. આ રીતે આ નમૂના પાકા કરો. પછી છોકરા અને છોકરીના ચહેરામાં ક્યાંક્યાં ફરક પડે છે તે જુઓ. વૃદ્ધના ચહેરામાં હાડકાં અને માંસની રેખાઓ કેવી બહાર પડતી છે તે જુઓ.

પાકી સમજણ પડી જાય એટલે ડાબી અને જમણી બંને બાજુ જોતાં મોઢાં ચીતરજો. ચિત્રમાં નીચેની હારમાં એવાં આપ્યાં છે. આબેહૂબ મળતાં ન આવે તો કંઈ નહિ, પણ માણસના સાધારણ ઘાટ સારા થાય એટલું જ સંભાળજો. પછી તમને લાગે કે હમે પછીથી નમૂના જોયા વિના બીજા નવા ચહેરા પણ કરી શકશો, તો કરવા ચૂકશો નહિ."



આ માસ (જુલાઇ) ઇતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : ઇલિયાસ હૉવે



ઇ૦ ૧૮૩૭માં બોસ્ટનના 'સાંચાકામકુશળ' એરી ડેવિસને ત્યાં અઢાર વર્ષનો એક નાનો, દૂબળો, નાજુક બાંધાનો, ચીંથરેહાલ જુવાન આવ્યો—કંઇક કામ શોધવા. ઇલિયાસ હૉવે તેનું નામ. ૧૮૧૯ની ૯મી જુલાઇએ તેનો જન્મ થએલો. એ માંદલા જુવાનના ગરવા દેખાવમાં ડેવિસને કંઇક ન સમજાય તેવી શક્તિ જણાવાથી તેને રાખી લીધો. એક દિવસ એક માણસ ગૂંથવાનો સંચો શોધી ત્યાં બતાવવા આવ્યો, તેને સીવવાનો સંચો શોધવાની સલાહ આપી ડેવિસે તો ટાળ્યો પણ હૉવેને હૃદયમાં સીવવાનો સંચો શોધવાની લગન લાગી ગઇ. અને ડેવિસને ત્યાંથી મળતી અપૂરતી રોજીને પહોંચી વળવા પોતાની પત્નીને પડોશીઓનાં કપડાં સીવવામાં તનતોડ મહેનત કરતી જોઇ તે તેની રચના કરવામાં પ્રવૃત્ત થયો ફરીફરી તેણે અનેક પ્રયત્ન કર્યા, પણ બધા જ નિષ્ફળ ગયા. આખરે સંચો સ્ત્રીઓના હાથની હીલચાલને અનુસરીને ચાલે તેવો નહિ, પણ કપડાંની ઉપરની ચે બંને ઠેકાણેથી બે દોરા સિવાઇને ટાંકા મરાતા જાય એવો હોવો જોઇએ, ને એ માટે સોયની અણી ઉપર જ નાકું જોઇએ એમ પ્રતીતિ થતાં હવે તે એવી રચના પાછળ મંડ્યો. પોતાની શોધ પાછળ જ મચી રહેવા તેણે નોકરી પણ મૂકી દીધી. લોકોએ તેને મૂર્ખ ગણ્યો, પણ ઘર ખરચને પહોંચી વળવા તેની પત્નીએ બમણું કામ ખેંચી તેને જબરી હૂંફ આપી. અંતે ૧૮૪૪માં સંચાનો નમૂનો તૈયાર થયો ત્યારે છેક છેલ્લી ઘડીએ પૈસા ખૂટ્યા! સ્પેન્સ ગામના બળતણ વેચનાર જ્યૉર્જ ફિશરને સંચાની સફળતાની ખાતરી કરાવી, તે જો પેટંટ થાય તો એની કમાણીમાંથી અરધો ભાગ તેને આપવાની શરતે હૉવેએ તેની પાસેથી પૈસા ઉછીના લીધા અને ૧૮૪૫ના એપ્રિલમાં એક સંપૂર્ણ સંચો તૈયાર કર્યો. બોસ્ટનના દરજીઓને પણ તેણે તે શોધ પ્રત્યક્ષ બતાવી, પણ કોઈએ તેના પ્રત્યે ધ્યાન જ ન આપ્યું. છતાં નિરાશ ન થતાં તેણે સરકારી પેટંટ ઑફિસ માટે બીજો સંચો તૈયાર કરી પેટંટ મેળવ્યું. તોપણ લોકોએ તો હજી ઉપેક્ષા જ બતાવી. આ અવગણના, ઉપહાસ, ગરીબી, માંદગી અને પોતાની શોધમાં લોકોને રસ લેતા કરવાના બધા જ પ્રયત્નમાં મળેલી નિષ્ફળતાએ તેની બધી આશા છૂંદી નાખી.

આખરે નસીબ અજમાવી જોવા પોતાના ભાઈને લંડન મોકલ્યો. ત્યાં વિલિયમ ટૉમસ નામે દરજીએ ૨૫૦ પાઉંડમાં તેનો સંચો ખરીદ્યો. આથી પ્રોત્સાહિત થઇ તે સકુટુંબ લંડન આવ્યો અને નજીવા વેતને ટૉમસને એક બીજો સંચો પણ બનાવી આપ્યો. પણ પોતાને માટે ક્યાંયે સ્થાન રહેલું ન જણાતાં, અને પોતાનું દેવું પણ પૂરું ન ભરાઈ રહેતાં, પેટંટ માટેનો મૂળ સંચો પણ લંડનમાં મૂકીને તે અમેરિકા પાછો ફર્યો. દરમ્યાન તેની પત્ની પણ અવસાન પામી અને તે નિરાશાને દુઃખમાં દહાડા કાઢવા લાગ્યો.

એવામાં ઓચિંતું તેણે સાંભળ્યું કે પોતાની શોધનું મહત્ત્વ હવે લોકોને સમજાવા માંડ્યું છે ને લંડનમાંના પોતાના નમૂના પરથી સંચા બનાવી લેભાગુઓ તેનો લાભ લેવા લાગ્યા છે. તેની પાસે નહોતો મૂળ નમૂનો કે નહોતી ફૂટી કોડી યે, છતાં તેણે પોતાની શોધ પચાવી પાડનારા સામે ઉછીના પૈસા લાવીને યે કમર કસી. ૧૮૫૪માં આખરે મૅસાચુસેટ્સના ન્યાયાધીશે હૉવેને પેટંટનો હકદાર માલિક ઠેરવી બીજાં બધાં કારખાનાંવાળાઓને તેને પૈસા ભરી આપવા ફરમાવ્યું.

મારમાર કરતી મુફલિસી, શરીરને ચૂસી લેનારી માંદગી અને લોકોની ક્રૂર બેદરકારી સામે ઝઝૂમી પોતાના જીવનકાર્ય પાછળ મરી ફીટનારને ખરે ટાંકણે આ ફેંસલો મળી ગયો ૧૮૬૭માં તેનું પેટંટ ખલાસ થયું એટલા વખતમાં તો તેને વીસ લાખ ડૉલર જેટલી મોટી રકમ મળી ચૂકી; અને એ જ વરસની ત્રીજી ઑક્ટોબરે પોતાની શોધની ઉજ્જ્વલ સફળતા જોઈ તે અવસાન પામ્યો.

દિનવિશેષ

તા.૨ બંગાળના નવાબ સિરાજુદૌલાનું મિરજાફરે ખૂન કર્યું ૧૭૫૭

તા.૪ કાશ્મીરમાંથી હુમલાખોરોને હાંકી કાઢનાર બ્રિગેડિયર ઉસ્માનનું મૃત્યુ ૧૯૪૮

તા.૫ આફ્રિકામાં બ્રિટિશ સંસ્થાનના સ્થાપક રાજપુરુષ સેસિલ ર્‌હોડ્‌ઝનો જન્મ ૧૮૫૩

તા.૧૪ ફ્રાન્સની વિફરેલી પ્રજાએ બાસ્તીલનું કારાગૃહ તોડી રાજાશાહીનો નાશ કર્યો ૧૭૮૯

તા.૧૬ પહેલા સમર્થ ગુજરાતી વિજ્ઞાની ત્રિભુવનદાસ ક. ગજ્જરનું અવસાન ૧૯૨૦

તા.૨૦ ૧૮૫૭ પછી હિંદમાં પ્રથમ પ્રબળ રાષ્ટ્રોદ્રેક જગાવનાર બંગાળના ભાગલા ૧૯૦૫

તા.૨૩ લોકમાન્ય બાળ ગંગાધર ટિળકનો જન્મ ૧૮૫૬

તા.૨૬ અંગ્રેજ નાટકકાર અને વિચક્ષણ ચિંતક તથા લેખક બર્નાર્ડ શૉનો જન્મ ૧૮૫૬

તા.૩૧ રૉબર્ટ બેડન પૉવેલે 'બૉય સ્કાઉટ'ની પદ્ધતિ અમલમાં મૂકી ૧૯૦૮

જૂન (૧૯૫૨)ની તવારીખ

તા. ૩ સિક્કીમમાં ૫૦ માઇલના વિસ્તારમાં ગૅસ વિનાના કોલસાની ખાણ શોધાઈ. **તા. ૬** મદ્રાસ રાજ્યમાંથી અનાજની આપબંધી દૂર થઇ; સૌરાષ્ટ્રના નામચીન બહારવટીઆ ભૂપતની સિંધમાં ધરપકડ. **તા. ૯** ફ્રાંસે ચંદ્રનગર ભારતને સોંપવાના કરાર પર સહી કરી; જાણીતાં મહિલા કાર્યકર લેડી લક્ષ્મીબાઈ જગમોહનદાસનું મુંબાઇ મુકામે અવસાન. **તા. ૧૮** મદ્રાસને પગલે બિહારે પણ અનાજ પરના અંકુશો ઉઠાવી લીધા. **તા. ૧૯** બ્રિટન ખાતેના હાઇકમિશનર તરીકે શ્રી બાળ ગંગાધર ખેરની નિમણૂક.

પ્રસંગવિશેષ : અમેરિકાના સ્વાતંત્ર્યની જાહેરાત : ૪થી જુલાઈ ૧૭૭૬

રાજા જેમ્સ પહેલાની આપખુદીથી ત્રાસીને ૧૬૨૦માં જે અંગ્રેજોએ અમેરિકા ચાલ્યા જઈ ત્યાં સંસ્થાનો વસાવ્યાં તેઓ ઇંગ્લંડનું જ વર્ચસ્વ સ્વીકારતા. પણ સાત વર્ષના વિગ્રહ બાદ એ સંસ્થાનો પાસેથી નાણાં કઢાવવા ઇંગ્લંડે પ્રસંગોપાત્ત 'સ્ટૅમ્પ ડ્યૂટી' જેવા કરો અને વેપાર પર અંકુશો મૂકવા માંડતાં એ સંસ્થાનવાસીઓએ તેનો વિરોધ કર્યો. જેમાં પોતાનું પ્રતિનિધિત્વ જ નથી એ બ્રિટિશ પાર્લામેન્ટ પોતા પર આવા કોઈ અંકુશો કે કર નાખી શકે નહિ એવો સૈદ્ધાંતિક અવાજ તેમણે ઉઠાવ્યો. પણ ઇંગ્લંડે તેને મચક નહિ આપત ૧૭૭૫માં નિરુપાયે તેમણે યુદ્ધ જાહેર કર્યું અને હવે તો ઇંગ્લંડથી કાયમ માટે છૂટા થ જવા જ્યૉર્જ વાશિંગ્ટનની સરદારી હેઠળ ૧૭૭૬ની ૪થી જુલાઇએ તેમણે ફિલાડેલ્ફીઆ મુકામે પોતાના સ્વાતંત્ર્યની જાહેરાત કરી. ૧૭૮૨માં અંતે યુદ્ધનો અંત આણીને '૮૩માં પારીસના તહનામા પર સહી કરી ઇંગ્લંડને અમેરિકન સંસ્થાનોનું સ્વાતંત્ર્ય સ્વીકારવું પડ્યું.

—અનુષ્ટુપ—

વર્ષાના સિંચને દાણો દટાએલો ઊગી ઊઠે,
વિઘ્ન-આગમને તેમ સુપ્ત શક્તિ ખીલી ઊઠે.

—રમણલાલ સોની—

પહેલા મહાયુદ્ધ વેળા એક કટોકટીની લડાઈ વખતે સરસેનાપતિ માર્શલ ફૉશની પાસે પોતાના લશ્કરની ભયંકર ખાનાખરાબીના સમાચારો ઉપરાઉપર આવવા લાગ્યા ત્યારે એ જીવસટોસટની પળે તેણે જે વિખ્યાત હુકમ આપ્યો તે આજ પણ યુદ્ધસંચાલનનાં સર્વ પાઠ્યપુસ્તકોમાં અમર સ્થાન પામ્યો છે: 'મારા લશ્કરનો મધ્ય ભાગ તૂટી રહ્યો છે, મારી જમણી પાંખ પાછી હઠાવી દેવાઈ છે ને મારી ડાબી પાંખ ઢચુપચુ બની ગઈ છે. પરિસ્થિતિ બહુ રૂડા છે! હું હલ્લો જ કરીશ!'


અને એણે જે હલ્લો કર્યો તેણે દુશ્મનોની કરોડ ભાંગી નાખી.

અનેકાર્થી શબ્દ: **પર્વ**—ગ્રંથનો ભાગ; આઠમ, ચૌદશ, પુનમ અને અમાસ એમાંની એક તિથિ; પવિત્ર દિવસ; તહેવાર; સાંઠાનો એક ગાંઠાથી બીજા ગાંઠા સુધીનો ભાગ.

કહેવતોના અર્થ: 'ગ્રહણ વખતે સાપ નીકળવો (કાઢવો)—સૂર્ય કે ચંદ્રના ગ્રહણના સ્પર્શકાળ દરમ્યાન ઘરની કોઈ પણ વસ્તુને ન અડકતાં આભડછેટમાં દૂર બેસી રહેવાની કડક ધાર્મિક માન્યતા જ્યારે પ્રચલિત હતી ત્યારે ઘરમાં સાપ નીકળતાં કેવી કફોડી ને ભયંકર પરિસ્થિતિ ઊભી થતી હશે? તેને પકડવા ઘરમાં પ્રવેશી શકાય નહિ કે કશાને અડી શકાય નહિ, ને સાપને ઘરમાં રહેવા દેવાય નહિ! એ ઉદાહરણ પરથી પડેલી આ કહેવત કોઈ પણ કફોડી સ્થિતિ ઊભી થાય (અગર કરવામાં આવે) તે માટે વપરાય છે.

કાચમાં કાણું પાડવું હોય તો થોડાં ટીપાં ટર્પેન્ટાઈનમાં પીગળે એટલા કપૂરની ભૂકી નાખી, તે સારડીને લગાડવાથી ઊંજણની ગરજ સારશે. સારડી કાચ ઉપરથી લપસી ન પડે તે માટે કાચ ઉપર સજ્જડ લાકડું દબાવીને લાકડા સોંસરું કાચમાં છિદ્ર પાડવું. શીશી કે બરણીમાં વેહ પાડતી વખતે તેની ગોળાઈ પ્રમાણે લાકડાને છોલી લેવું જોઈએ.

આખા હિંદમાં મુંબાઈ સરકાર પોતાની પ્રજા માટે વધુમાં વધુ ખર્ચ કરે છે: વ્યક્તિ દીઠ રૂ. ૧૭·૧૩·૬. મુંબાઈ રાજ્યની વસતિ હિંદની કુલ વસતિનો ૧૧મો ભાગ છે, છતાં વિકાસ પાછળ તે આખા દેશના પાંચમા ભાગ જેટલું ખર્ચ કરે છે.



ચોમાસામાં છત્રી ક્યાંય ભુલાઇ જવાની કે આખો વખત તેનો ભાર વેંઢારવાની અગવડ ઘણાને ભોગવવી પડે છે, પણ સાઇકલ રાખનારાઓ આ અગવડ સહેલાઇથી ટાળી શકે. આકૃતિ (अ)માં બતાવ્યા પ્રમાણે છત્રીને સીટ નીચે ભેરવી તેનો છેડો નાની જુદી આકૃતિમાં બતાવ્યા પ્રમાણે સ્ટૅન્ડમાં જે (ब) ખાંચો હોય છે તેમાં ભરાવી દો. સાઇકલ મૂકી ક્યાંય જવા ધારશો ત્યારે જેવું સ્ટૅન્ડ નીચે ઉતારશો (क) કે તુરત જ છત્રી તમારા પગ પર આવી પડી પોતાને ભૂલી નહિ જવાની યાદ આપશે. બસ, હવે છત્રી સલામત.

જેને, પોતે જાગતો હોય તે દરમ્યાન લેશમાત્ર ફુરસદ જ ન હોય, જે નિરંતર કામમાં જ રોકાએલો રહેતો હોય તેની પાસે 'કામ' આવી શકતો નથી. કામનું ઓસડ કામ છે.

(કાલેલકર)

જમ્યા પછી એકાદ ચમચી તુલસીનો તથા લીંબુનો રસ લેવાથી ગૅસ-વાયુ થતો અટકે છે.

પોર્ચુગીઝ પૂર્વ આફ્રિકાની સરહદે કેમાટી પુર્ટ નામે હવાઈ મથકે વિમાનીઓને એવી ચેતવણી આપવામાં આવે છે કે ત્યાંનાં કીડી-મંકોડા એક જ રાતમાં ઊંચાઊંચા રાફડા બાંધી દે છે, માટે સાવચેત રહેવું! તે માટે લોકે રોજ ચોકિયાત ફરતો રહે છે, છતાં રાફડો ક્યારે ફૂટી નીકળે તે કહેવાય નહિ!

ફિરોઝ: પછી દાક્તરે તારી ઘણીઆણીના જડબાનું એકસરે પિક્ચર લીધું?

સોરાબ: હા, લેવાને કોશિશ તો કીધી, પણ મૂવિંગ પિકચર આવ્યું.

ચાલતી વખતે આપણો જે પગ ઊપડે છે તેની સાથોસાથ જ તેની સામેની બાજુનો હાથ પણ હાલે છે. આનું શું કારણ? આ અંકમાં પૃ. ૨૨૬ પર તેનો ખુલાસો આપ્યો છે.



કલાકૃતિ: આપણા દેગના આકારનું, મોટે ભાગે બે બાજુ બે પકડવાળું અને ગ્રીક પુરાણકથાઓ, ગાથાઓ તથા સમાજજીવનનાં આલેખનોવાળું 'વાઝ' એ પ્રાચીન ગ્રીક સંસ્કૃતિનું આગળપડતું પ્રતીક છે. અતિ પ્રાચીન ગ્રીક વાઝ ઇ. સ. પૂર્વે હજારો વરસ પહેલાંનાં મળી આવે છે અને તેના વિવિધ ઘાટ તથા ચિત્રો આજે નામશેષ રહેલી ગ્રીક સંસ્કૃતિની જાહોજલાલીની એટલી જ કલાપ્રિયતાની છાપ પૂરે છે.





ઉપર: 'કુંજ અને કામિની'; જમણી બાજુ: 'ભીષણ પરિશ્રમ'. ઉપલી ચિત્રકૃતિમાંની કમનીય શાંતિ અને પડખેની શિલ્પકૃતિમાંની જબરદસ્ત ઝહેમત, એ બંને દેવીપ્રસાદ રાયચૌધરીની એ ઉભય કલાઓ પર મેળવેલી સિદ્ધિ ઉપરાંત વિવિધ પ્રકારના ભાવો ઉતારવાનું કૌશલ દાખવે છે. એકમાં લીલી કુંજનાં પ્રતિબિંબ પીતાં પ્રશાન્ત જલને તીરે બેઠેલી રમણીમાં માનવીની સ્વપ્નશીલતાનો સોહાગ છે; બીજામાં, શરીરની નસેનસને ખેંચીને તંગ સ્નાયુઓ દ્વારા બધું બળ પથ્થર ઉપર કેન્દ્રિત કરી રહેલા મજૂરોમાં પરિસ્થિતિનાં પરિબળો સામે ઝૂઝતા માનવીના સનાતન સંગ્રામનું પ્રતીક છે.